યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી: જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૦ મો. | સંવત ૧૯૮૬ ના ફાગણ સુદી ૩. તા૦ ૩-૩-૩૦ | છુટક નકલ: ૦ાા આનો.

## જૈન મુનિઓનું સંમેલન.

કેટલાક વખતથી જુદા જુદા સ્થળોએથી વાતો સંભળાતી હતી કે ચોક્કસ મુનિઓ 'સાધુ સંમેલન' માટે વિચાર ચલાવ્યા કરે છે, પણ કોઈ હકીકત તે સંબંધી જાહેરમાં આવતી નહોતી. હાલમાં 'મુંબઇ સમાચાર' તા. ૨૨-૨-૩૦ ના અંકમાં મુનિરાજશ્રી વિદ્યાવિજયજીનો અભિપ્રાય પ્રગટ થયો છે તે ઉપરથી કેટલાક વિચારો સુચિત થાય છે. મુંબઇ સમાચારના લેખમાં જણાવવામાં આવે છે કે સંમેલન ભરવાની યોજના કેટલાક ભાઈઓએ ઉપાડી લીધી છે, તો તે ભાઇઓ કોણ? જે જૈન ભાઈઓ હીલચાલ કરે છે તે કોઈના કહેવાથી કરે છે કે પોતે વ્યકિતગત કરે છે? તેઓ જે શ્રી સંઘના હોય તે સંઘોએ આ બાબતની હીલચાલ કરવાની તેમને પરવાનગી આપી છે કે? કે તેઓ કોઇ મુનિના કહેવાથી આ હીલચાલ કરે છે? આ બધી હકીકત સ્પષ્ટ થવાની જરૂર છે સંમેલન ભરવાનો હેતુ પણ નક્કી થવાની જરૂર છે. સાધુ સમુદાયમાં મતભેદ છે એટલે સંમેલન ભરવાથી તે દુર થાય તે ઇષ્ટ છે. સાધુ સમુદાયના અરસપરસના વ્યવહાર–આચરણ સંબંધી ચર્ચા કરવાની હોય તો તે સમજી શકાય તેવી વાત છે પણ જો શાસન હિત–સંઘહિત સંબંધી ચર્ચા કરવા અગર હાલ કયા ઉપાયો સંઘહિત માટે યોજવાની જરૂર છે તે વિચાર કરવા ભેગા થવાની જરૂર હોય તો તે પહેલેથી સ્પષ્ટ કરવાની જરૂર છે, કારણ કે ચોક્કસ મુનિઓ નવો વિચાર કરવાની જરૂર હોય તેમ માનતાજ નથી. શાસનહિત–સંઘહિત શેમાં રહેલું છે તે સંબંધી તેમના મંતવ્યોને સર્વજ્ઞની મહોર લાગી હોય તેવું માને છે ને ભકતો પાસે મનાવવા પ્રયાસ કરે છે, એટલે હેતુ સ્પષ્ટ થવાની જરૂર છે. જે મુનિઓ સંમેલન ભરવાના જે ઉદ્દેશો નક્કી થાય તેમાં સંમત થતા હોય તેટલાજ મુનિઓએ આમાં ભાગ લેવો જોઇએ. વળી જે કોઇ સંઘો તરફથી અગ્રણી તરીકે જાહેર થયેલાઓને સંમેલનમાં ભાગ લેવા હક હોવો જોઇએ કે નહિં તે પણ નક્કી થવાની જરૂર છે.

બાકીની મુનિરાજશ્રી વિદ્યાવિજયજીની સુચનાઓને અમો વધાવી લઇએ છીએ. પ્રથમ આચાર્યો એકત્ર થાય તે સંબંધીની તેમની ભલામણનો અમલ થવાની ખાસ જરૂર છે.

## યુવકોની જાગૃતિ.

### ભાવનગરમાં કોન્ફરન્સ સંબંધી જાહેર ભાષણ.

ભાવનગરમાં શ્રી વિજય ધર્મ પ્રકાશક સભા તરફથી તા. ૧૯-૨-૩૦ ના રોજ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના હોલમાં રાત્રિના સાડાઆઠ વાગે શ્રીયુત જીવરાજભાઇ ઓધવજી દોશી. બી. એ. એલ. એલ. બી. ના પ્રમુખપણા હેઠળ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆ બી. એ. એલ. એલ. બી. એ "જુન્નેર જૈન કોન્ફરન્સ" એ વિષય ઉપર ભાષણ આપ્યું હતું.

જુન્નર કોન્ફરન્સ સંબંધી બોલતાં શ્રી. પરમાનંદદાસે જણાવ્યું હતું કે આ કોન્ફરન્સનો દીક્ષાનો ઠરાવ મુદ્દાનો અને મહત્વનો છે; તે સંબંધે જૈન કોમમાં તીવ્ર ચર્ચા ચાલી રહેલી છે અને એવા ગંભીર વિષય ઉપર કોન્ફરન્સે પોતાનો ઠરાવ પસાર કરી પોતાની કર્તવ્યતા સિધ્ધ કરી છે. જો કે મુળ ઠરાવ વધારે સજ્જડ હતો તોપણ વિરોધીઓના આગ્રહને વશ થઇને સમાધાની ભર્યો ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. હવે તે ઠરાવનું પણ જો પાલન થાય તો દીક્ષાની ચર્ચાએ જે કલેશના બીજ વાવ્યા છે તેનો નાશ થઇ શકે.

ત્યાર બાદ 'રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર'ના કલકત્તા કોન્ફરન્સમાં પસાર કરેલા ઠરાવથી આગળ જઇ શકાયું નહિં તે સંબંધી, શુદ્ધિ અને સંગઠનના ઠરાવ સંબંધી, બંધારણને અંગે સબજેકટ કમિટિમાં ૩/૪ ને બદલે સાદી બહુમતિથી કામ લેવાના ઠરાવ સંબંધી, યુવકોની સમાધાન વૃત્તિ સંબંધી, સ્ત્રીઓના વિરોધથી ૫૦ ને બદલે ૪૫ વર્ષની હદ વિવાહ માટે રાખવા સંબંધી વિગેરે ઘણા અગત્યના મુદ્દાઓ સમજાવવામાં આવ્યા હતા.

છેવટે કોન્ફરન્સનું કાર્ય સંગીન તથા સફળ બનાવવા માટેનો બધો બોજો આપણે શીર છે અને જેટલા પ્રમાણમાં આપણે તે વહન કરીશું તેટલા પ્રમાણમાં કોન્ફરન્સ સફળ થશે તેવી અગત્યની સુચના કરી હતી.

છેવટે પ્રમુખશ્રીના ટુંક ભાષણ પછી સભા વિસર્જન થઇ હતી.

### મુંબઇમાં કચ્છી ભાઇઓની સભા.

મુંબઇમાં શ્રી જૈન દશા ઓશવાળ (ન્યાત) ની એક જાહેર સભા તા. ૧૪–૨–૩૦ ની રાત્રે ૯ કલાકે રતનબાઇ બીલ્ડીંગમાં "જૈન પરિષદના ઠરાવો બાબત પરિષદને ધન્યવાદ આપવા એકત્ર મળી હતી.

શરૂઆતમાં માસ્તર કુંવરજી માણેકે જણાવ્યું હતું કે જુન્નેર ખાતેની આપણી પરિષદે ભારે સફળતાથી પોતાનું કામકાજ પૂર્ણ કર્યું છે. આ પરિષદપર કેટલાક તોફાનીઓનો ઉપસર્ગ આવેલો પણ તે હલ્લાથી–પરિષદ વધુ મક્કમ બની હતી. ત્યારબાદ નીચેનો ઠરાવ મુકવામાં આવ્યો હતો.

[જુઓ પાનું ૮ મું]

**મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.**

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# જુન્નેર કોન્ફરન્સ.

શાસનપ્રેમીઓ કહે છે કે જુન્નેરમાં કોન્ફરન્સની કબર બનાવી છે. એટલે તે કહેવાતા શાસનપ્રેમીઓ **જીવતી જાગતી** "કોન્ફરન્સને જોવા આંખો ન ઉઘાડે તો સમાજ તેમના ત્રાસથી મુક્ત થાય અને કાર્ય કરવા ઇચ્છનાર શાંતિથી કાર્ય કરી શકે. જે વસ્તુની કબર થઇ હોય તે જો સત્ય હોય તો તેને માટે જુદા જુદા લેખો લખાવી કોમને ચેતવવાની શી જરૂર છે? પરંતુ શાસનપ્રેમીનું અંતર જાણે છે કે કોન્ફરન્સ જીવતી જાગતી છે. તેના કાર્યકર્તાઓએ સમાજનો સહકાર મેળવવાનો પ્રયાસ જુન્નેરમાં કર્યો, તેથી તેમાં નવું લોહી આમેજ થયું છે, તેથીજ આવા ધમપછાડા કરવાની શાસનપ્રેમીઓને જરૂર પડે છે; નહિં તો કબરથી કોઇ બીએ ખરૂં? કબરથી કોઇને ચેતાવવા માટે લાંબા લેખો લખવા પડે? સાચી હકીકતને ખોટી કહેવી—ખોટા રૂપમાં કહેવી, તે તેમનો ધર્મ થઇ પડ્યો છે. તે હકીકત તેના ખબરપત્રીના રીપોર્ટ કેટલા અસત્ય છે, જેના નમુના દર વખતે અમો આપીએ છીએ, તેથી ખુલ્લું જણાઇ આવે છે.

'વીરશાસન' તા. ૨૧-૨-૩૦ ના અંકમાં પાને ૩૧૨માં તેના ખબરપત્રીના રિપોર્ટના આધારે લખે છે કે દીક્ષાના સવાલને અંગે "નિયમાવળી વગેરે ઉડી ગઇ અને આખરે સવારે સાડાપાંચ વાગે સબજેક્ટ કમિટિ ઉઠી ત્યાંસુધી નિર્ણય થઇ શક્યો નહિં." સર્વે હાજર રહેનારા જાણે છે કે દીક્ષાનો ઠરાવ રાત્રેજ પાસ થયો હતો છતાં તેના ખબરપત્રીના ચશ્માજ ઉંધા એટલે તે સત્ય જોઇ શકેજ નહિં. વળી લખે છે કે 'જાહેર પેપરો હાથ કરીને ગમે તેવા લાંબા રિપોર્ટો છપાવાય'; બધા જાહેર પેપરો ઉપર આવો સામાન્ય આક્ષેપ કરીને જાણે કે દુનીઆમાં પત્ર, જો કોઇ સાચું હોય તો તે એકજ 'વીર શાસન' એમ કહેવા માગે છે. પણ દુનીઆ આંધળી નથી કે આવા ભયંકર અસત્યો સ્વીકારે! આવાઓ માટે પ્રમુખશ્રીએ પોતાના ભાષણમાં કહ્યું છે કે "થોડાક કે જેઓને માત્ર પોતાની સત્તા જમાવવાનીજ ચિંતા છે તેવા થોડાઓ, લોકોના ભોળપણાનો લાભ લઇ પુરાણા કે નવા વિચારોની રક્ષાની આડમાં સ્વાર્થનો શીકાર ખેલતો હોય છે. દરેક સમાજ અને દરેક દેશને ખરો ભય આ દિશાનોજ હોય, ચેતવાનું ત્યાંજ હોય; કારણ કે આ વર્ગ કોઇ પણ જાતના સિદ્ધાંતને માથે ચઢાવવા માંગતો હોતો નથી પણ પોતાના સ્વાર્થનો શિકાર ખેલવામાં સિદ્ધાન્ત માત્રને હાથગોળા તરીકે વાપરતો હોય છે." પ્રમુખશ્રીની અગમચેતી સાચી પડી છે. શાસન પ્રેમીઓનો શાસન પ્રેમ કે સિદ્ધાંત પ્રેમ કેવો છે, તે જુન્નેરમાં ખુલ્લો પડી ગયો છે.

જૈન તરીકે રાષ્ટ્ર—હિતમાં ફાળો આપવા સંબંધીના પ્રમુખશ્રીના વિચારો દરેકે ગ્રહણ કરવા લાયક છે. દીક્ષાના સવાલ ઉપર તેમનું વિવેચન જો કે જોઇએ તેટલું વિસ્તારવાળું નથી પરંતુ જેટલું કહેવાયું છે તેટલું તો સુંદર છે, તેની કોઇ ના પાડી શકે તેમ નથી. "પ્રત્યેક ગામના સંઘે જો દેવદ્રવ્ય જરૂર પુરતું હોય તો હવે પછીથી થતી ઘીની બોલીમાં સાધારણનો ભાગ રાખવાનો ઠરાવ કરવો વ્યાજબીજ ગણાશે." શાસ્ત્રના આધારવાળી પ્રમુખશ્રીની આ સુચનાએ પણ કહેવાતા શાસન પ્રેમીઓમાં ફફડાટ કરાવ્યો છે. બોલીના નવા દ્રવ્યને અંગે ઉપરની સુચના છે છતાં જાણે તેમાં દેવદ્રવ્યને ખાવાની સુચના કરી હોય તેવો પ્રલાપ કરી સમાજને ઉંધા પાટા બંધાવવા પ્રયાસ કર્યો છે. કોઇપણ રીતે જેનો કંઇપણ ઉપયોગ નથી અને જેના કરતાં બીજા અગત્યના કામો દ્રવ્ય વગર પાયમાલ થઇ જતા હોય તેવે વખતે દેવદ્રવ્યમાંજ પૈસો એકઠો કરવાનું કહેવામાં આવે, તે સમાજ હવે કોઇ રીતે ચલાવી શકે તેમ નથી. જે સમયે દ્રવ્યની ખાતર જૈનો આત્મઘાત કરે છે, ભુખમરાથી રીબાય છે, તેવે વખતે ખાલી ધામધુમવાળા કાર્યોમાં દ્રવ્યનો ઉપયોગ કરવાનું સુચવનારાઓ કોમના હિતશત્રુઓ છે. શાસ્ત્રોના અજાણ છે. શાસ્ત્રો ખુલ્લું પોકારે છે કે સીદાતા ક્ષેત્રોમાં દ્રવ્યનો વ્યય કરવો. અમુક દેશોમાં બોલ્શેવીઝમ દાખલ થયેલ છે બીજા દેશો તરફથી પોતાના દેશમાં બોલ્શેવીઝમ પ્રવેશ ન પામે તે માટે સાવચેતીઓ લેવાય છે પરંતુ જૈન શાસ્ત્રકારોએ પહેલેથી અગમચેતી વાપરી કહેલું છે કે દરેક ક્ષેત્રોને પુષ્ટ રાખો. ગફલતીથી એક ક્ષેત્ર વધારે પુષ્ટ થઇ ગયું હોય તો તેટલો સમય અન્ય દુબળાં ક્ષેત્રોને પોષો. સમાજ હવે આ સાદી વાત સારી રીતે સમજે અને અમલ કરે તેટલા માટે પ્રમુખશ્રીએ જે સુચના કરી તે બરોબર સમયોચીતજ છે અને તે માટે બતાવેલી હિંમત માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.

હવે ઠરાવો તપાસી જોઇએ. ઠરાવોનો વિચાર કરતા પ્રસંગે એક મુદ્દો ખાસ ધ્યાનમાં રાખવો આવશ્યક છે. ઠરાવો તેના તેજ ફરીથી કરવા અથવા તેનું પિષ્ટ પેષણ કરવું, તેનાથી કાંઇ ખાસ લાભ થવા સંભવ નથી. (૧) ફક્ત આગલી બેઠકમાં જે ઠરાવ થયા હોય, તેના સ્વરૂપમાં સંજોગોને આધારે ફેરફાર કરવો ઉચિત લાગતો હોય તો? (૨) અમલ કરવાના જે માર્ગ સુચવવામાં આવ્યા હોય, તે મુજબ અમલ કરવામાં સફળતા ન મળતી હોય તો, અમલ કરવાના અન્ય ઉપાયોનો વિચાર કરવાની જરૂર હોય તો (૩) ચોક્કસ સંજોગોને લઇ, તેજ ઠરાવને ફરીથી સંમતિ દર્શાવવાની જરૂર ઉભી થઇ હોય તોજ આગલા ઠરાવ સબજેક્ટ કમિટિમાં મુકવા જોઇએ આ હકીકત ખ્યાલમાં ન રાખવાથી ઘણો સમય નકામો જાય છે. જુન્નેર કોન્ફરન્સમાં તેમજ યુવકોની પ્રાથમિક સભામાં પણ આ હકીકતનો ખ્યાલ રાખવામાં આવ્યો નહું તો, એટલે નવા ઠરાવોને અંગે જોઇતો સમય મળી શક્યો નહોતો. બીજી એક ગેરસમજુતી જુન્નેરની કમિટિમાં થતી હતી. ઠરાવો પ્રમુખેજ સબજેક્ટસ કમિટિમાં રજુ કરવા જોઇએ તેવો કાંઇ શીરસ્તો નથી. સ્વાગત સમિતિ તરફથી ઠરાવ રજુ કરનાર ભાઇ એક હોય જરૂર પડે તો બીજોપણ ખુલાસો હકીકતને અંગે કરવો હોય તો કરી શકે. થાકને કારણે, ભાષાને કારણે પણ એકને બદલે બીજી વ્યક્તિ ઠરાવો રજુ કરી શકે પણ પ્રમુખશ્રીની વતી ફરીથી આપવાનું કાર્ય ઠરાવ મુકનાર કરે, એટલે આવેજી પ્રમુખો ચાર કે પાંચની સંખ્યા જેટલા જુન્નેરમાં હોવાનો ભાસ થતો હતો, તે હકીકત કોન્ફરન્સને શોભારૂપ હતી નહિ. ચાર પાંચ સલાહકારો હોવા છતાં પણ ચોક્કસ પ્રસંગ એવો પણ હતો કે તે વખતે પ્રમુખશ્રીને સલાહ આપવામાં દરેકે અખાડા કર્યા હતા. ઠરાવો ઉપર વિગતવાર ચર્ચા હવે પછી.

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તેરમું અધિવેશન, જુન્નેર.

( અમારા ખાસ પ્રતિનિધિ તરફથી. )

( ગતાંક ૯ થી ચાલુ. )

તા. ૮-૨-૩૦ ના રોજ સબજેક્ટસ કમિટિની બેઠક ઘણી મોડી શરૂ થઇ હતી. ફ્રાફ્ટ રેઝોલ્યુશન પ્રથમ પુરા થયા પછી બીજા ઠરાવો લેવા પ્રમુખશ્રીએ નિર્ણય આપ્યો હતો. ઠરાવોપર રસાકસી સારી થતી હતી, છતાં દુરાગ્રહ દેખાતો ન હતો. શરૂઆતથીજ યુવક વર્ગના વિચારોવાળા બહુમતિમાં હતા, છતાં ૩/૪ મત ન મળે એટલે સુધારો રદ જતો હતો. આવી શિકસ્તો છતાં પણ, યુવક વર્ગ તેટલોજ મક્કમ અને આશાવાદી દેખાતો હતો કેટલીએક વાર જુદા જુદા માણસો તરફથી પ્રમુખ તરીકે નિર્ણયો અપાતા હતા. કોઇ કોઇ વાર પરસ્પર વિરોધી નિર્ણયો નિવડયા, છતાં તે પ્રમુખશ્રી તરફના હોવાથી, હુકમ માથે ચડાવી લેવાની તાલીમ દેખાઇ આવતી હતી; એટલું છતાં બડેખાંઓ તરફથી થતાં અપમાન માટે બંધારણપૂર્વક યોગ્ય રોષ બતાવવાની હિમ્મત પણ તરી આવતી હતી. યુવક વર્ગની દરેક રીતની તાલીમ, ઉદાર વૃત્તિ, પોતાના વિચારો બીજાપર ઠોકી બેસાડવાની વૃત્તિનો અભાવ, ઠરાવોના નિર્ણય પરત્વે ખામોશ અને અચળ આશાવાદ, જરૂર લાગતાં કોન્ફરન્સના પ્રમુખશ્રી-જેમની આગેવાની સ્વીકારી છે-તેઓશ્રીના મતને નમતું આપવાનું હૃદયબળ જોઇ પ્રમુખશ્રી ઘણીવાર આ ગુણોની તારીફ કરી જતા હતા.

તા. ૯-૨-૩૦ ના રોજ ખુલ્લી બેઠકમાં સબજેક્ટસ કમિટિના ઠરાવો પ્રમુખસ્થાનેથી અથવા તો સુંદર વિવેચનો સાથે: સર્વાનુમતે પસાર થયા હતા. તેમાં પણ ખાસ ધ્યાન ખેંચવા યોગ્ય બાબત, સ્ત્રી વર્ગમાં પણ જાગૃતિ આવી છે તેનાં દ્રષ્ટાંતો હતાં અને તેમાં પણ ખાસ કરીને કચ્છી જેવી કન્યા કેળવણીમાં પછાત કોમમાંથી પણ સ્ત્રી વર્ગ તરફથી ઠરાવના અનુમોદનમાં સુંદર વિવેચન થયાં હતાં. તે ભાષણોમાં પણ જ્ઞાતિ, સમાજ અને દેશના ઉદ્ધારના યજ્ઞમાં આત્મભોગ આપવાની તત્પરતા દેખાઇ આવતી હતી, જે સમાજના ઉદ્ધારની અમુક નિશાનીઓ છે.

ખાસ કરીને ઠરાવ નાં૦ ૬ શુદ્ધિ અને સંગઠન પર શ્રી. કુંદનમલ ફિરોદીઆનું ભાષણ વધારે આકર્ષક હતું, જેનો ટુંક સાર નીચે મુજબ હતો. ૨૫૦૦ વર્ષ પહેલાં જૈન કોમની સ્થિતિ તપાસીએ. તે વખતે જૈન રાજાઓ હતા, જૈન દીવાન અને જૈનોની સંખ્યા પણ કરોડોમાં ગણાતી હતી. અત્યારે ફક્ત બાર લાખ જૈનો છે, તે પણ મુખ્યત્વે વેપારી વર્ગ, તેમાં પણ મુખ્ય ત્રણ ફિરકામાં વહેંચાઇ ગયા છીએ. આપણે કોઇની ધાર્મિક માન્યતા તોડવા માગતા નથી. પોતાની માન્યતા મુજબ ધર્મ પાળવાની સ્વતંત્રતા આપવા માગીએ છીએ, પરંતુ બીજી દરેક બાબતમાં અને ખાસ કરીને બહારના આક્રમણ પ્રસંગે એકત્રતા આવશ્યક છે. ઉંઘતા સમાજની નિદ્રાવશ સ્થિતિની એકતા આપણે ઇચ્છતા નથી, પરંતુ જાગૃત સમાજની એકતા માગીએ છીએ. ચૈતન્યમય એકતા સાધવી છે. જેમ કોઇ ઉંઘતો માણસ નિદ્રાવસ્થામાં પાટુ મારી દે છે, પરંતુ લાંરબાદ તુરત જાગૃત અવસ્થા આવે છે અને તેને માફ કરીએ છીએ, તે મુજબ બીજા જાગૃત ન હોય અને વાગી જાય તો માફ કરતાં શીખો, કારણ કે તેઓ પુરા જાગૃત થયા નથી. સંગઠન એજ સમય ધર્મ છે, તે પર વિવેચન કરતાં જૈનોમાં જાતિભેદ નથી. શ્રી ઉપાસક દશાંગ સૂત્રમાં ભગવંત મહાવીરના દશ શ્રાવકોમાંના એક મહાશતકની ગૃહપત્ની માંસાહાર કરતી હતી, છતાં તેઓ પોતાની ગૃહપત્નીને તરછોડતા ન હતા, એટલી હદ સુધીની સહિષ્ણુતા અને ઉદારતા હતી. ભગવંત મહાવીરનેજ પૂજનારા સાધર્મિ ભાઇઓની સાથે જમવા બેસવામાં શો ભય છે તે સમજી શકાતું નથી. શ્રી શત્રુંજય તીર્થની લડત વખતે ત્રણે ફિરકાઓએ સાથ આપ્યો હતો, વિગેરે સંગઠન શક્ય છે તે માટે દાખલાઓ રજુ કર્યાં હતા. જો પ્રેમ વૃદ્ધિ માટે નેતાઓ એકત્ર મળી વિચાર કરે તો અવિશ્વાસ ઉડી જાય અને ભૂતપૂર્વ જાહોજલાલી જલદીથી સાંપડે. એવો વખત આવી લાગ્યો છે કે ત્રણે ફિરકાની રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ ભરાય અને મહાવીરના ઝંડા નીચે સર્વ જૈનો એકત્ર થાય.

તા. ૯-૨-૩૦ ના રોજ સબજેક્ટસ કમિટિની બેઠક લગભગ ટાઇમસર શરૂ થઇ ગઇ. સભ્યોનો રસ એટલો બધો જામ્યો હતો કે ટાઇમ થતાં સભાસદો સારી સંખ્યામાં હાજર થઇ ગયા હતા. બંધારણનો ખરડો પ્રથમથીજ મળી ગયેલ, એટલે તે પ્રમાણમાં ઓછા સમયમાં પસાર થઇ શક્યો. વિવાદાસ્પદ વિષયો હાથ ધરવામાં આવે તે પહેલાં, સભામાં ગરમ વાતાવરણ ઉત્પન્ન થાય તે કોઇ ધારતું ન હતું, પરંતુ અણધાર્યા 'હાનિકારક પ્રથાઓ'પર ખૂબ રસાકસી જામી. ખાસ કરીને કલકત્તાની કોન્ફરન્સમાં પસાર થયેલ ઠરાવ-" જૈનોમાં રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર હોવો જોઇએ " તેનાપર ખૂબ આગ્રહ આવી ગયો. મતની ગણત્રી થઇ. સમિતિ બે વિભાગમાં વહેંચાય તેવી માગણી થઇ. લઘુમતિવાળા આગેવાનોએ ખાસ કરીને પોતાની વિરૂધ્ધ મતવાળાના નામો નોંધવાની-તેમની સહી લેવાની માગણી કરી. બહુમતિ તે માટે તૈયાર હતી, છતાં વિભાગવાર ગણત્રી થતાં ૩/૪ ઉપરાંત બહુમતિ, ઉપરના ઠરાવની તરફેણમાં નીવડી. પ્રમુખશ્રી રૂલીંગ આપે તે પહેલાં લઘુમતિના આગેવાનોમાં ખીજવાટ વધી ગયો. શ્રી લલ્લુભાઇ કરમચંદ દલાલે ગર્જના કરી કે આ ઠરાવ પસાર કરી તમો અમને અમારી નાતમાંથી વિખુટા પડાવવા માંગો છો? તમારે અમારાં ગળાં કપાવવાં છે? તેઓશ્રી તથા શ્રી. દેવચંદ દામજી ('જૈન' પત્રના અધિપતિ સાહેબ) વિગેરેએ ઉપરોક્ત ઠરાવ પસાર થાય ત્યાંસુધી સભા છોડી જવા ધમકી આપી-આગ્રહ રાખ્યો. આવી રીતે થોડો સમય ડેડ લોક ચાલ્યો. લઘુમતિ ૩/૪ ઉપરાંત બહુમતિના ઠરાવને આવી રીતે ગુંગળાવી નાંખે, એવી પ્રગતિરોધક પ્રથાથી સમાજને દૂર રહ્યા સિવાય છૂટકોજ નથી. કોઇ પણ વિભાગ સભા છોડી ચાલ્યા જવાના-ડેડ લોક આઉટના-પ્રયોગ ભજવે તેવો ડર બતાવવો-અને તેવા ડરથી ઠરાવ અટકી જાય તે કદાપિ ચલાવી લેવાય તેમ નથી; છતાં પ્રમુખશ્રીએ લઘુમતિને સંતોષવા ખાતર, ઉપરોક્ત ઠરાવ છોડી દેવા બહુમતિવાળાને પોતા તરફથી વિનંતિ કરી અને પ્રમુખશ્રીના માન ખાતર બહુમતિએ જતું કરવા કબૂલ કર્યું. તેવીજ રીતે જ્યારે બાબુ કીર્તિપ્રસાદે સુધારો મૂક્યો કે '૪૮ વર્ષ પુરા થયા હોય તેવા કોઇપણ વિધુરે કુંવારી કન્યા સાથે લગ્ન કરવું નહિ." ત્યારે પણ શ્રી. લલ્લુભાઇએ ચેલેન્જ દેંકી કે યુવકો પ્રતિજ્ઞાપૂર્વક

આ પ્રમાણે વર્તવા તૈયાર છે ? વિગેરે બોલતાં ગરમ થઇ ગયા ; પરંતુ તેમની અજાયબી વચ્ચે યુવક વર્ગ તરફથી શ્રી. અમીચંદ ખેમચંદે તે ચેલેન્જ ઉપાડી લીધી અને યોગ્ય પ્રત્યુત્તર આપ્યો. ત્યારબાદ મતોની ગણત્રી પણ થઇ હતી, પરંતુ તે પડતી મૂકવામાં આવી અને સુધારો રજુ થયો. કંઇક ગેરસમજમાં મત લેવાયા અને ૫૦ વર્ષ પછી વિધુરે ફરીથી લગ્ન ન કરવાનો ઠરાવ બહુમતે પસાર થએલો જાહેર થયો. આ ઠરાવને યુવક વર્ગનો બીલકુલ ટેકો ન હતો, તે તો સ્પષ્ટ દેખાઇ આવતું હતું.

**દીક્ષા :—**

ત્યારબાદ દીક્ષાનો ઠરાવ શ્રી. મહાસુખભાઇએ રજુ કર્યો. ખાસ કરીને બીજા ઠરાવો પર બહુ વિવેચન થતાં ન હતાં. આ વખતે તો સચોટ દલીલોપૂર્વક ઠરાવ રજુ થયો, અનુમોદન અપાયું. ઠરાવની વિરૂદ્ધમાં એક નાની વયના ભાઇ લગભગ એક કલાક સુધી બોલ્યા. ગેરસમજણ ઉભી થાય તેવી જાતનું ભાષણ અપાય તેવી પ્રથમથીજ તૈયારી હોય તેમ તરી આવતું હતું; છતાં વિરૂધ્ધ પક્ષની દલીલો શાન્તિથી સાંભળવામાં આવી અને પ્રત્યુત્તરમાં સર્વ દલીલોના સચોટ રદીયા પણ આપવામાં આવ્યા હતા. આ વખતે પણ અમુક ભાઇઓ રીસાઈ ગયા. ઠરાવની તરફેણમાં લગભગ ૯૦ ટકા ઉપરાંતની બહુમતિ હતી છતાં લગભગ બે કલાકની મહેનત પછી, સમજાવટ થઇ. ઠરાવ નરમ કરવામાં આવ્યો. પ્રમુખશ્રીની અંગત વિનંતિથી વયના નિયમનના મુદ્દા પર ફ્લાણુ ન કરવા આગેવાનોએ કબુલ કર્યું અને આ રીતનો દીક્ષાનો ઠરાવ સર્વાનુમતે પસાર થયેલો જાહેર કરવામાં આવ્યો.

સબજેક્ટસ કમિટિના સભાસદો સાંજના સાત વાગ્યાથી સવારના પોણા ૭ વાગ્યા ત્યાંસુધી લાગલાગટ અવિશ્રાંત ઉજાગરાઓ વેઠી, બેઠેલા હતા; તેમાં પણ ૩/૪ બહુમતિ યોગ્ય નિર્ણય જાહેર કરે, તેને અમુક સ્થિતિચુસ્ત વર્ગ અયોગ્ય રીતે અટકાવે તેવી સ્થિતિ જોતાં, યુવક વર્ગ તરફથી બીજા ઠરાવો પાછા ખેંચી લેવામાં આવ્યા, છતાં દીલ ઉદાર હતાં, કડવાશ બીલકુલ ન હતી. યુવક વર્ગ વારંવાર કસોટીમાંથી પસાર થયો હતો અને તાલીમ જાતની આપી હતી, તેટલા માટે પ્રમુખશ્રીએ ફરીથી અંતઃકરણપૂર્વક ઉપકાર માન્યો હતો.

**ખુલ્લી બેઠકમાં સ્ત્રી વર્ગ તરફથી સખ્ત વિરોધ.**

તા. ૧૦-૨-૩૦ ના રોજની ખુલ્લી બેઠક વખતે ખૂબ રસ જામ્યો. આજે તો સમાજ જીવનની ઉન્નતિના પાયારૂપ, સ્ત્રી વર્ગ તરફથી સુંદર વિરોધ પ્રગટી નીકળ્યો. ઠરાવ નં. ૧૭ માં "૫૦ વર્ષ પુરાં થયાં હોય એવા કોઇ પણ પુરૂષે લગ્ન કરવું નહિ" તે ઠરાવપર શ્રીમતી ગુલાબબ્હેન મકનજી મહેતાએ, કટાક્ષમાં સુંદર છાપ પડે તેવો વિરોધ રજુ કરતાં જણાવ્યું કે હજુ પણ વર્ષ ઓછાં લાગતાં હોય તો ૫૦ ને બદલે ૬૦ કે ૮૦ વર્ષનો ઠરાવ પુરૂષ વર્ગ કરે અને તેથી પણ સંતોષ ન થાય તો મરતાં મરતાં પણ પરણી લે, એને કાંગના જોરે બળજબરીથી પણ પરણાવવા બહાર પડજો. આવા ઉપકારો સ્ત્રી વર્ગ માગતી નથી, અમારો તેને ટેકો નથી. બીજી બ્હેને પણ સખ્ત વિરોધ દર્શાવ્યો. લગ્ન માટે વયનો, વધારેમાં વધારે કેટલો તફાવત હોવો જોઇએ તે સંબંધી ટીકા કરી હતી. શ્રી લક્ષ્મીનંદનોના બરછીઆ સંબંધી સખ્ત ઝાટકણી કાઢી હતી, ("યુવકો આ ઠરાવમાં પ્રથમથીજ વિરૂદ્ધ હતા"ના પોકારો) ભાઇ રાણુભાઇએ આ ઠરાવપર બોલવાને બદલે વિધવા વિવાહના પ્રશ્ન સંબંધી વિષયાન્તર વિવેચન કર્યું હતું.

ત્યારબાદ શ્રી. મહાસુખભાઇએ ફરીથી વિવેચન કરતાં જણાવ્યું કે સબજેક્ટસ કમિટિમાં યુવકોના ઉત્સાહને દાબી દેવામાં આવ્યો હતો, તે ફરીથી જાહેર બેઠકમાં દેખાઇ આવે છે, અને ૫૦ ને બદલે ૪૫ વર્ષ રાખવા સુધારો મૂક્યો હતો. સ્ત્રી વર્ગ તરફથી પણ સમાધાની સ્વીકારવામાં આવી અને ઠરાવ પસાર થયો હતો.

ત્યાર પછી કોન્ફરન્સના બંધારણના ઠરાવપર આવતાં ૩/૪ બહુમતિ મળે તે ઠરાવ કોન્ફરન્સમાં રજુ થઇ શકે તેને બદલે સાધારણ બહુમતિ રાખવાના સુધારાપર એકજ કુટુંબના બે મહારથીઓ વિચાર ભિન્નતા માટે સામસામા ઉભા થયા, છતાં બન્ને ગૃહસ્થો પ્રેમ સુંદર વિવેચનો કરતા હતા. શ્રી. મોતીચંદ ગીરધરલાલે જણાવ્યું કે આ ઠરાવ, પુખ્ત વિચાર કર્યા પછી કર્યો છે. કોઇ પણ જાતના નિર્ણયપર આવતાં પહેલાં ૩/૪ બહુમતિ બહુ જરૂરી છે. શ્રી. પરમાનંદે પોતાનો સુધારો રજુ કરતાં જણાવ્યું કે આ બાબત અતિ અગત્યની ન હોત તો કદાચ અશાન્તિ ઉત્પન્ન થાય તેવું વાતાવરણ ઉત્પન્ન થવાનું જોખમ હું વ્હોરી લેત નહિ. મહાસભા—કે કોઇ સંસ્થા કે કોન્ફરન્સને—રખેને ભાંગી જશે—તેવાં ભૂતથી છૂટા થવુંજ જોઇએ. આવી રીતનો અર્થ તો એજ થાય કે બહુ મહત્વના ફેરફારો ક્યારે પણ નજ થઇ શકે, અને પ્રગતિના દ્વાર બંધ થાય. કોઇપણ ફેરફારને નાની લઘુમતિ અટકાયત કરે તે બીલકુલ ઇચ્છવા યોગ્ય નથી, તે માટે ૩/૪ જેટલી આપખુદીની જરૂર નથી. આ ઠરાવને લીધેજ જે કાર્ય નીપજવું જોઇએ તે નીપજ્યું નથી અને સ્થિતિચુસ્તતા નજરે પડે છે, અને તેથી જૈન પ્રજાનું હૃદય જીત્યું નથી. સમાજના મનોરથોને પહોંચી વળવા આ સુધારો સ્વીકારવા વિનંતિ કરૂં છું. બીજા ભાઇઓએ આ સુધારાને અનુમોદન આપ્યું હતું. શ્રી. ચીમનલાલ સંઘવીએ વિશેષ અનુમોદન આપતાં જણાવ્યું કે સમાજમાં પરિવર્તન જોઇતું હોય, કોન્ફરન્સને પીછેહઠવાળી જુનવાણી સંસ્થા રહેવા દેવી ન હોય, તો આ સુધારો પસાર કરવો જોઇએ. સુધારકો હમેશાં શરૂઆતમાં લઘુમતિમાંજ હોય છે. છતાં પચીસ ટકાની લઘુમતિ, આવા બંધારણ રૂપી પીસ્તોલ આગળ ધરી, ૭૪ ટકાની બહુમતિ છતાં સુધારો થતો અટકાવે, તે કોન્ફરન્સ માટે શરમાવા જેવું છે. સુધારા ખાતર કોન્ફરન્સ તૂટી જાય તે ભય કાઢી નાંખવો જોઇએ. અમને પણ કોન્ફરન્સ માટે અભિમાન છે. અમારી માગણી ફક્ત બંધારણપૂર્વકનો રસ્તો મોકળો કરવાની છે.

આ સુધારો જાહેર બેઠકમાં ઘણી મોટી બહુમતિથી પસાર થયો હતો.

દીક્ષા સંબંધી ઠરાવ ખુલ્લી બેઠકમાં પણ સર્વાનુમતે પસાર થયો હતો.

અને બીજા ઠરાવો પણ યોગ્ય વિવેચનો બાદ પસાર થયા હતા.

ત્યાર બાદ પ્રમુખશ્રીએ ઉપસંહાર કર્યો હતો. સ્વયંસેવકોએ રાત્રી અને દીવસ ઉજાગરા વેઠી, તનતોડ જહેમત ઉઠાવી હતી તેમની સેવાની કદર બુજવામાં આવી હતી અને આભાર માનવામાં આવ્યો હતો. પ્રમુખશ્રીની આજ્ઞાથી શ્રી. ક્ષમાનંદજી ફરીથી માંચડા ઉપર આવ્યા અને યુવક વર્ગની તારીફ કરવા યોગ્ય મનોદશા અને તાલીમ સંબંધી જાહેર કરવું રહી ગયું હતું તે માટે દીલગીરી દર્શાવી અને ઉદાર ભાવ, પરમત સહિષ્ણુતા વિગેરે ગુણોની યોગ્ય પ્રશંસા કરી, તેમનો આભાર માન્યો હતો.

છેવટે રાવ સાહેબ શેઠ રવજીભાઇ સોજપાળે આવા આગળ ધપતા જમાનામાં નિડરતાથી નેતૃત્વ સ્વીકારી, ધીરજ, કુશળતાપૂર્વક અને કટોકટીના સમયે પણ શાન્તિ રાખી, સર્વ પક્ષને યોગ્ય સલાહ આપી, આ કઠીન કાર્ય ફતેહમંદ પાર ઉતાર્યું છે. પોતે પ્રથમથીજ વચન આપ્યા મુજબ પોતાના વિચારો બીજા પર ઠોકી બેસાડવાનું વલણ માત્ર બતાવ્યું નથી. સમાજનું ખરાબે ચડેલું નાવ, આ રીતે યોગ્ય કપ્તાનને સોંપાયેલ હોવાથી, કોન્ફરન્સનું કાર્ય સર્વ રીતે પણ વિજયી નીવડ્યું છે.

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

## ( ૧૩ મું અધિવેશન. )

—(∗)—

### પસાર કરેલા ઠરાવો.

[ગતાંક ૮ થી ચાલુ]

**૧૧ શુદ્ધિ અને સંગઠ્ઠન.**

સમસ્ત જૈન કોમની ઉન્નતિને માટે જૈન કોમના ત્રણે ફિરકાઓમાં પ્રેમ વૃદ્ધિ કરી સંઘઠના કરવી જરૂરી છે, એ હેતુથી ત્રણે ફિરકાના આગેવાનોની સભા થાય તો તેમાં સહ-યોગ આપવા આ કોન્ફરન્સ તૈયાર છે. જૈનોના જુદા જુદા ફિરકાની ધાર્મિક જુદી જુદી માન્યતામાં બળાત્કારે દખલ-ગીરી ન કરવી ઘટે, એ આ કોન્ફરન્સની ભલામણ છે અને સ્વેચ્છાપૂર્વક જૈન ધર્મ સ્વીકારનારને જૈન તરીકે ગ્રહણ કરવા તેમજ સ્વામીવચ્છળ નવકારસી જેવા જમણમાં તેમને ભાગ લેવાની છુટ આપવા આ કોન્ફરન્સ ભલામણ કરે છે. સાથે સાથે આ કોન્ફરન્સનો આ અભિપ્રાય છે કે ફક્ત જૈન ધર્મ પાળતી જ્ઞાતિઓને પાલીતાણાની શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી તથા બીજે સ્થળોએ થતી નવકારસીમાં બાકાત રાખવામાં આવે છે તે યોગ્ય નથી, તો તેવી રીતે તેને બાકાત હવે પછી ન રાખવા, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને તથા સર્વ સ્થળના સંઘોને આગ્રહપૂર્વક ભાર દઈને ભલામણ કરે છે.

**૧૨ જૈન ગણત્રી.**

જૈન કોમ એ હિંદુ કોમનો એક અગત્યનો ભાગ હોવાથી, તેમજ દેશની અગ્રગણ્ય વ્યાપારી કોમ હોવાથી સરકારી અને મ્યુનિસિપલ ખાતાઓ તરફથી જે આંકડાઓ વખતો વખત બહાર પાડવામાં આવે છે તેમાં નીચેની પદ્ધતિ અખત્યાર કરી, ઘટતો ફેરફાર અમલમાં મુકવો જરૂરી છે, એવો દૃઢ અભિપ્રાય આ કોન્ફરન્સ ધરાવે છે અને તેટલા માટે સુચવે છે કે,

(ક) વસ્તી ગણત્રી વખતે તૈયાર કરવામાં આવતાં વસ્તીપત્રકમાં જૈનોની વસ્તીની સંખ્યાના આંકડા જુદા પાડવા.

(ખ) મ્યુનિસિપાલિટીના રજીસ્ટરોમાં જૈનોનાં જન્મ અને મરણ, વગેરેની સંખ્યા અને પ્રમાણને લગતા આંકડા જુદા દર્શાવવા.

(ગ) સરકારી કેળવણીખાતાં તરફથી કેળવણીને લગતા આંકડાઓમાં, કેળવણી લેતા જૈન વિદ્યાર્થીઓ અને કન્યાઓના આંકડાની નોંધ જુદી રાખવી.

(ઘ) ચુંટણીને લગતા મતદારોના લીસ્ટમાં જૈન મતદારોનાં નામો, હિંદુ મતદારો સાથેજ એકત્ર વિભાગમાં દાખલ કરવા.

**૧૩ આર્થિક પરિસ્થિતિની તપાસ:—**

જૈન કોમમાં બેકારી વધતી જાય છે, ધંધા રોજગાર અને વ્યાપાર ઉદ્યોગમાં આપણી કોમનું સ્થાન કમતી થતું જાય છે. સમાજમાં અનેક બંધુઓ અને બ્હેનો નિરાશ્રિત અને અસહાય્ય દશા ભોગવી રહ્યા છે, વગેરે બાબતોમાં અને સમગ્ર રીતે આપણે સમાજની આર્થિક પરિસ્થિતિની તપાસ કરવાની જરૂરીઆત જુએ છે અને તે માટે એક તપાસ કમીશનની નિમણુંક કરવા માટે યોગ્ય પ્રબંધ કરવા તથા કમીશનનો રિપોર્ટ તૈયાર થયાથી સમાજની જાણ માટે પ્રસિદ્ધ કરવા અને તે અંગે ઘટતા ઉપાયો યોજવા આ કોન્ફરન્સની ઑલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમિટિને સત્તા આપવામાં આવે છે.

**૧૪ શારિરીક વિકાસ.**

હાલમાં અન્ય કોમો તરફથી જૈનોના ધાર્મિક ઉત્સવ પ્રસંગે રથ યાત્રાઓ અને ધાર્મિક સ્થાનો ઉપર અનેક હુમલાઓ થાય છે, તે જોતાં, તેમજ જૈનોમાં મરણ પ્રમાણ અસાધારણ વધતું જાય છે અને શારિરીક નબળાઇ વધતી જાય છે તે જોતાં, શારિરીક કેળવણી મેળવવાના સાધનો એટલે વ્યાયામશાળાઓ અને અખાડાઓ, શારિરીક સ્થિતિ સુધરે તે માટે સુખાકારી સ્થળોએ આરોગ્ય ગૃહો અને સ્થળે સ્થળે દવાખાનાઓ અને મોટાં શહેરોમાં સસ્તા ભાડાની ચાલીઓ ઉભી કરવાની જરૂરીઆત આ કોન્ફરન્સ સ્વીકારે છે.

**૧૫ બનારસ વિશ્વવિદ્યાલય અને જૈન ચેઅર.**

બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જૈન ચેઅર સ્થાપવા માટે કલકત્તાની બેઠક વખતે થયેલ ઠરાવ તથા સ્ટેન્ડીંગ કમિટિએ નિમેલી પેટા કમિટિઓના રિપોર્ટ અને સદરહું યુનિવર્સિટી સાથે થયેલ પત્રવ્યવહાર, વિગેરે ધ્યાનમાં લઇ આ કોન્ફરન્સ ઠરાવે છે કે નિશ્ચિંત થયેલી શરતો પ્રમાણે સદરહું યુનિવર્સિટીમાં જૈન ચેઅર સ્થાપવા માટે ગોઠવણ કરવી અને એકત્રિત થયેલ ફંડમાંથી રૂ. ૪૦૦૦૦) સદરહું યુનિવર્સિટીના સત્તાવાળાઓને સોંપવા.

**૧૬ સુકૃત ભંડાર ફંડ.**

આ કોન્ફરન્સ એવો દૃઢ અભિપ્રાય ધરાવે છે કે 'શ્રી સુકૃત ભંડાર ફંડ' ઉપર સમાજની દરેક જાતની કેળવણી અને અન્ય ખાતાઓનો આધાર છે અને તેથી દરેક જૈન બંધુ અને બ્હેનને આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે દરેકે ઓછામાં ઓછા વાર્ષિક ચાર આનાનો ફાળો પ્રતિવર્ષ સંસ્થાની ઓફીસમાં મોકલી આપવો.

અત્યાર સુધી જે જે ગામ અને શહેરના શ્રી-સંઘોએ પોતાનો ફાળો આપ્યો છે તેમને ધન્યવાદ આપે છે અને સમાજને પ્રતિવર્ષ પોતાનો ફાળો આપવાં આગ્રહ કરે છે.

**૧૭ પ્રચાર કાર્ય.**

કોન્ફરન્સના ઠરાવોને અમલમાં મુકવા તથા તેનું સર્વ જાતનું પ્રચાર કાર્ય કરવા માટે આ કોન્ફરન્સ નીચેના સભ્યોની સંખ્યા વધારવાની સત્તા સાથે એક પ્રચારકાર્ય સમિતિ નિમે છે; આ સમિતિ રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓની સલાહથી કામ કરશે, અને દરેક પોતાનાં કાર્યની મુશ્કેલી અને તેના ઉપાયનો રિપોર્ટ દર વર્ષે કરશે.

બાબુ કીર્તિપ્રસાદજી જૈન, ગુજરાનવાલા (પંજાબ), શેઠ પોપટલાલ રામચંદ શાહ, પુના (મહારાષ્ટ્ર) ખાનદેશ, શેઠ હીરાચંદ કુબેરચંદ, (દ. મહારાષ્ટ્ર), શેઠ ચંદનમલ નાગોરી, છોટી સાદડી (માળવા—મેવાડ), શેઠ મુળચંદ આશારામ વૈરાટી, અમદાવાદ (ગુજરાત), શેઠ નવલકુમારસિંહ નવલખા, અજીમગંજ (બંગાળ), શેઠ મણીલાલ કોઠારી, અમદાવાદ, (કાઠીયાવાડ) શેઠ મણીલાલ ખુશાલચંદ, પાલણપુર. પંડિત આણંદજી (કચ્છ), શેઠ કેસરીચંદ જુહારમલ, કોસેલાવ (મારવાડ).

**૧૮ દેશ અને સમાજોદ્ધાર :—**

ભારત દેશના ઉધ્ધારમાંજ જૈન સમાજનો ઉધ્ધાર ઓતપ્રોત સમાયેલો છે તેથી ભારતના ઉધ્ધારના કાર્ય માટે

જે. જે શુભ પ્રજાકીય ચળવળો અને પ્રવૃત્તિઓ છે તેમાં સક્રિય ભાગ લેવો જૈનો માટે આવશ્યક છે, એમ આ કોન્ફરન્સ માને છે અને આપણા દેશની ઉન્નતિનો એક મુખ્ય માર્ગ સ્વદેશી વસ્તુનો ઉપયોગ છે, તો આપણે ત્યાં તેમજ આપણા દરેક જાહેર સ્થાનોમાં બને તેટલી સ્વદેશી વસ્તુઓ વાપરવી, તેમાં સ્વદેશી કાપડ અને વિશેષ કરી હાથ સુતરની અને હાથે વણાટની ખાદી વાપરવા આ કોન્ફરન્સ આગ્રહપૂર્વક ભલામણ કરે છે.

**૧૯ હાનિકારક પ્રથાઓ :-**

અનેક હાનિકારક પ્રથાઓ કોમનું જીવન ચુસી રહી છે તેથી તે દૂર કરવા તેમજ ફેરવવા માટે જોશપૂર્વક કામ કરવાની જરૂર છે અને તેમાં ખાસ કરી નીચેની બાબતો પર કોમનું ખાસ લક્ષ ખેંચવામાં આવે છે કે, દરેક ન્યાત તથા સાથ પોતપોતામાં તેનો અમલ કરવા યોગ્ય પ્રયત્નો આદરશે.

(૧) પુત્રોને અઢાર વર્ષની ઉમર નીચે અને પુત્રીને ચૌદ વર્ષની ઉંમર નીચે પરણાવવાં નહિ. આથી ઓછી ઉંમરના લગ્નોમાં ભાગ લેવો નહિ.

(૨) ૪૫ વર્ષ પુરાં થયાં હોય એવા કોઇ પણ ગૃહસ્થે લગ્ન કરવું નહિ.

(૩) એક ઉપર બીજી સ્ત્રી કરવા સામે પ્રતિબંધ હોવો જોઇએ.

(૪) મરણ તેમજ શ્રીમંત પાછળ થતાં જમણો બંધ કરવાં અને લગ્નાદિ નાતવરા તથા ફરજીઆત તેમજ નકામા ખર્ચો બંધ અગર ઓછા કરવા.

(૫) કન્યાવિક્રય કે વરવિક્રયની પ્રથા બંધ કરવી અને લગ્નાદિ પ્રસંગે વેશ્યાના નાચ ન કરાવવા.

**૨૦ બંધારણ.**

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું બંધારણ—જેની નકલો આ સાથે વહેંચવામાં આવી છે તે—મુકરર કરવામાં આવે છે.

**૨૧ દીક્ષા.**

દીક્ષા સંબંધી આ કોન્ફરન્સનો એવો અભિપ્રાય છે કે દીક્ષા દેનારને તેનાં માતા, પિતા આદિ અંગત સગાંઓ તથા જે સ્થળે દીક્ષા આપવાની હોય ત્યાંના શ્રી સંઘની સંમતિથી યોગ્ય જાહેરાત પછી દીક્ષા આપવી.

---

# પરિષદ્‌ના પ્રમુખશ્રીનું છેલ્લું ભાષણ.

**(આ ભાષણ પ્રમુખશ્રીના વતી શ્રી ક્ષમાનંદજીએ કરેલું હતું.)**

—(૦)—

**મહાનુભાવો !**

આરે કટોકટીના સમયમાં મળેલ આપણી પરિષદ્‌ની આજે પૂર્ણ ફતેહ અને એકયતા સાથ પૂર્ણાહુતિ થાય છે એ વસ્તુ જાહેર કરતાં મને ઘણોજ હર્ષ થાય છે.

આજે આપણી પૂર્વની જાહોજલાલી અને જવલંત પ્રભા નથી રહી. આપણી સામાજિક સ્થિતિ દિન પ્રતિદિન વધારે ને વધારે બગડતી જાય છે. આખા દેશને લાગુ પડેલ બેકારીના દર્દે જૈન સમાજને પણ પોતાનો ગ્રાહક બનાવ્યો છે. આ દુઃખદ સમયમાં આપણે આંખો મીચી બેદરકાર બની બેસી રહીએ એ કોઇ રીતે પણ પાલવે તેમ નથી. એ દર્દના નિદાન માટે આપણે ઇન્કવાયરી કમીશન—તપાસ સમિતિ અને જૈન બેંક સ્થાપવાના ઠરાવો કરી આગળ પગલાં માંડયાં છે. પણ ઠરાવો માત્ર કરી ચાલ્યા જવાથી સમાજના દિ' ઉઘડવાના નથી. એના અમલ માટે આપણી જવાબદારીઓ વિચારી કાર્યપરાયણ બનવું પડશે.

પરિષદે આપણી સમક્ષ આખું વર્ષ ચાલે એટલું રચનાત્મક કાર્ય મુકયું છે. એ કાર્યને પાર ઉતારવા પાછળ આપણે બધાએ મંડી જવું પડશે. શુદ્ધિ અને સંગઠનનો ઠરાવ કરી પરિષદે ત્રણે ફિરકાના જૈનોમાં એકય સ્થાપવા ફરમાવ્યું છે. **ગચ્છ મત અને સંપ્રદાયના ઝગડાઓ હવે આપણાથી જરાવાર પણ નિભાવી શકાય તેમ નથી.** એ કલેશો પાછળ સમાજે ઘણુંજ ખોયું છે. વિચારભેદ ભલે હોય પણ હૃદયભેદ નજ થવો ઘટે. ભિન્ન વિચાર ધરાવનારાઓનાં—પર સંપ્રદાયીઓનાં—હૃદય તો પ્રેમ વિશુધ્ધ પૂર્ણજ હોવાં ઘટે. મહાત્મા ગાંધીજી અને ભારત ભૂષણ પંડિત માલવીયાજીના વિચારોમાં ભેદ હોવા છતાં વિશુધ્ધ પ્રેમથી તેઓ એક બીજાને ભેટી શકે છે. દેશહિતના પ્રશ્નોમાં નિખાલસ હૃદયે મંત્રણાઓ ચલાવી શકે છે, એ વસ્તુ આપણે ઘડી ભર વિસારવી ન ઘટે.

**ધર્મના નામે ઝઘડાઓ કરાવવાનો—માન્યતાઓના નામે લડાવી મારવાનો આ જમાનો નથી. એવી ઘાતક નીતિ, સમાજ હવે વધુ વખત નહિં સંખાની શકે.** સમયને દરેકે પિછાણવોજ પડશે.

ભાઇઓ ! થોડાક અપવાદ સિવાય આપણી પરિષદે દરેક ઠરાવો સર્વાનુમતિએ પસાર કર્યા છે અને એજ આપણી ફતેહ અને એકયતાની નિશાની છે. પરિષદે ફરમાવેલા આદેશો પાછળ આપણે મંડયા રહેશું તો બાર મહીનામાં આપણે ઘણુંજ આગળ વધી શકીશું.

તમારી અને મારી ફરજ સ્પષ્ટ છે. પરિષદ્‌નો સંદેશ દેશના ખુણે ખુણામાં પહોંચી જવો ઘટે, અને સર્વત્ર અમલી પગલાં મંડાવાં ઘટે.

ગૃહસ્થો ! આપણા સમાજમાં જ્યારે પરસ્પર અવિશ્વાસ અને આશંકાનાં વિઘાતક વાદળાં જામ્યાં હતાં, તેવા કટોકટીના સમયમાં મહારાષ્ટ્રે આપણને પોતાને આંગણે નોતરી જે તકલીફ ઉઠાવી છે, રાત્રિ દિવસનાં અવિશ્રાંત પરિશ્રમે જૈન સમાજની જે સેવા બજાવી છે તેનું, સ્પષ્ટ શબ્દોમાં વર્ણન કરવું અશકયવત્ છે.

આખા મહારાષ્ટ્રના આગેવાનોએ એકત્ર થઇ માનનીય શેઠશ્રી ચુનિલાલ સરૂપચંદની આગેવાની તળે જે અજબ હિમ્મત, ધીરજ અને શાંતિથી પરિષદ્‌ને પાર ઉતારવા રંગ જોયા છે તે માટે એમને જેટલા ધન્યવાદ આપીએ તેટલા થોડા છે.

આભારભર્યા હૃદયે મારે જણાવવું જોઇએ કે તમે બધા જૈન બંધુઓ હોઇ પરિષદ્ અને મારા તરફ સદ્‌ભાવ રાખો એ સમજાય તેવી વસ્તુ છે પણ જુન્નેરની મ્યુનિસિપાલિટીએ મને અભિનંદનપત્ર આપી જે ગૌરવ વધાર્યું છે તે ખાતે હું જુન્નેરનો ઋણી છું.

પ્રતિનિધિ બંધુઓ ! આ પરિષદ્‌ને ફત્તેહમંદ બનાવવા આપે જે હાર્દિક સહકાર આપ્યો છે, યુવક વર્ગે એજ ખેલદીલી સબજેક્ટ કમિટિમાં જે ખામોશ, ધીરજ અને શાંતિ બતાવી છે, તે માટે આપનો તથા યુવક બંધુઓનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું, અને છેવટે સ્વયંસેવક બંધુઓની મહામુલી મુંગી સેવાઓ બદલ એમને ધન્યવાદ આપી શાસનદેવ જૈન ધર્મનો વિજયધ્વજ સર્વત્ર ફરકાવે અને આપણુ સર્વને આવી રીતે ફરી મળવા સુયોગ સત્વર સાંપડે એટલું ચાહી વિરમીશ. **જય પરિષદ્ દેવીનો.**

# જુન્નર જૈન કોન્ફરન્સ સામે બાલીશ બખાળા.

## અમૃતલાલ મોદીનો પામર પ્રલાપ.

## શાસનપ્રેમીઓની મલીન મનોવૃત્તિ.

### મૃષાવાદીઓ કોણ છે? સુધારકો કે શાસનરસિકો!!

—:૦:—

લેખક: જયંતિલાલ જગજીવનદાસ ગાંધી.

જુન્નર જૈન કોન્ફરન્સ પહેલાના, કોન્ફરન્સના સમયના અને તે પછીના કહેવરાવતા ધર્મપક્ષના વિવેકહીન વલણથી જેઓ વાકેફ છે, તેઓ તો સારી રીતે સમજી ગયા છે, કે આ "ધર્મપક્ષ"માંથી સાદી સમજ, સત્ય, ઔચીત્ય, સભ્યતા, વિવેક શિષ્ઠતા અને એમ માણસાઇના બધાયે સદ્‌ગુણો ક્યારનાએ પરવારી બેઠા છે, પોતાને "શાસન પ્રેમી" આસ્તિકો, ધાર્મિકો અને પરમ ધાર્મિકો માનવા અને મનાવવાનો આ પક્ષનો અળખામણો ઇજારો છે અને છતાંએ ન્યાય, નીતિ, સભ્યતા અને ચર્ચા કે ચર્ચાપત્રોની સ્વીકૃત થયેલી એક એક નીતિ અને નિયમોને નેવે મુક્યા છે. જૈન શ્વેતાંબર કોન્ફરન્સ નજ ભરવા દેવી એ આ પક્ષની પહેલી બાજી હતી અને ભરાય છે એ નક્કી થયું ત્યારે પાનસર, શ્રી મક્ષીનાથજી કે જગસોગડીઆમાં પોતાને ધાંધલ કરવાનું ફાવે તેવા પ્રદેશમાં ભરવી, એ આ વર્ગની બીજી સોગઠી હતી. જ્યારે તેમાં પણ ન ફાવ્યા ત્યારે હીસાબ, બંધારણ, પંચાંગી, ઠરાવો, ચૂંટણીઓ અને એમ અનેક ડખળો કરવા આ ટોળકીએ ત્રીજું તુત આદર્યું. બંધારણની સુધારણા અને એવા ઉપજાવેલા પાખંડોમાં ન ફાવવાથી ગેરબંધારણીય ચુંટણી કરવા અને બંધારણ વિરૂદ્ધ પ્રતિનિધિઓ બનવાના આ રૂપે ચોથા ચેડા શરૂ કર્યા, પણ બધું પડી ભાંગતા, ખુદ જુન્નર મુકામે આવી મંડપ અને વોલન્ટીયરોપર પત્થરનો વરસાદ વરસાવનારી આ કંપનીએ પાંચમી પામરતા પ્રગટ કરી અને કોન્ફરન્સમાંથી બહાદુરીથી મુંબઇ લગી પાછા હટી જુઠા, તર્કટી અને ઉપજાવી કાઢેલા અહેવાલો પ્રસિધ્ધ કરવાનું આ શાસન પેઢીએ છઠ્ઠું છકેલપણું શરૂ કર્યું, અને એમ આંકડા કેટલા ગણાવીએ. સુરતમાં મળેલી એક ઇન્ડીઆ યંગમેન (ઓલ્ડમેન) જૈન સોસાયટી, મુંબઇ, ખંભાત, અમદાવાદ અને નવાનગર વગેરેની આ સોસાયટીઓની સભાઓ, પોતાના સભ્યો માટેની સભાઓ બોલાવાય અને એના અહેવાલો સમસ્ત જૈન સંઘની સભાના નામે પ્રગટ થાય, એ આ પક્ષનું જુઠાણું સમાજ જાણી ગયો છે. ઠરાવો ન થયા હોય, ભાષણો ન કરાયા હોય, છતાંએ કોઇ "મહાસભા"ની કાર્યવાહી હોય તેવા બણગા વર્તમાનપત્રોમાં ફુંકાય એ, પામર રીતનો પણ જૈનજગતને પરીચય છે, અને એમ જુઠાણાના જગો બેસવા આ શાસન પક્ષના કારસ્થાનોથી ભારત વર્ષનો જૈન હવે ચેતી ગયો છે. પરિષદના ત્રણ મહા મંત્રીઓનો ખુલાસો, દૈનિક વર્તમાનપત્રોના રીપોર્ટરોના અહેવાલ, મહારાષ્ટ્રની સત્કાર સમિતિનું નિવેદન, અને ઉપરે શેઠ ચીમનલાલ લક્ષ્મીચંદ પુનાવાળા અને રોયલ મોટર સર્વીસના એજન્ટ શીવપ્રસાદ વિઠલપ્રસાદ અને એના પાર્ટનર કીશનસિંહ ગોવીંદસિંહ જેવા ગૃહસ્થોએ આ વર્ગની નાગાઇપરથી પડદો ઉંચક્યો છે, અને જૈન જગતના વિશાળ ખુલ્લા ચોગાનમાં આ શાસન પક્ષની શીખાઇ જૈનેતરો પણ જોઇ શક્યા છે. છતાં 'મીંઆ ગીર ગયે તો બી ટંગડી ઉંચી'ના, ન્યાયે આ અસત્ય પ્રચારક કંપનીમાંથી કોઇ મવાલી 'મુનિ'ના મોરલી નાદે મુગ્ધ બનેલા શ્રી અમૃતલાલ મગનલાલ મોદી નામના કોઇ ગૃહસ્થ, ધનજી સ્ટ્રીટના કેશરી ભુવનમાંથી તારીખ ૨૪-૨-૩૦ સોમવારના મુંબઇ સમાચારના ૯ મે પાને પ્રગટ થઇ પોત પ્રકાશે છે. આ ભાઇ પોતાના નામ પાછળ બી. એ. ની ડીગ્રી પોતાની કલમેજ પોતાની સહી સાથે જોડે છે. આ બી. એ. થયેલા ભાઇ પ્રગતિથી, સુધારાથી, સુધારકોથી, વિચારકોથી, અને જૈનત્વના અભ્યુદયથી તેમજ તેને પોષતી પરિષદ દેવીથી સાચેજ બીએ છે, અને કેમ ન બીએ? શુભ ધર્મની ચેતવણી, બી. એ. થયેલાઓ માટે ચોકીજ છે(?) એનેજ સમજનાર અને જીતનાર તો નિર્ભય યુગદ્રષ્ટા નરે જોઇએ બીવેલા વાનરો માટે તો હીકીઆરીજ અને ચોગાજ હોય છે, અને સમાજનું સોસઠ ઉતરી જાય તેવું એકજ શર સંધાન વાનરોને વનની પેલીપાર ખડા કરે છે, પછી ત્યાં ખડા રહી મર્કટો દાંત કચકચાવે છે, અને પરિણામે પોતેજ પોતાને બટકા ભરે છે, આ બી. એ. થયેલા ભાઇશ્રી પાંચ, પણ બીકમાં બધુંએ ભુલી ગયા છે. ગામ બળતું જોવા જતાં પગની બળતી ચાંતર્યા છે, અને તેથી એની લેખીનીએ વ્યવસ્થા, સભ્યતા અને એવું બધુંએ છોડી દઇ અસત્ય, અન્યાય, ગાળાગાળી અને ગલીચતાનો આશ્રય લીધો છે, સ્વાર્થમાં ભયમાં ભ્રમિત થયેલી બી. એ. છતાં કંગાળ કલમ બીજું શું કાર્યું કરે?

આપણે એ કટાયેલી કલમનો થોડો કાટ ખસેડવા યત્ન કરીએ. અમૃત લેખીની બી. એ. છે અને બીતાં બીતાં જુન્નર જૈન કોન્ફરન્સના પ્રમુખના ભાષણની સમાલોચના લખે છે કે કોઇ લખાવે છે, અને એમાં એના પ્રમુખ, પરિષદ એની કાર્યવાહી અને કાર્યવાહકો બધા મૃષાવાદી, એમ એ કલમથી કાળા અક્ષરો લખાય છે, શા માટે? એની એક દલીલ છે. કોઇ બે જવાબદાર સમાચારપર એનો મદાર છે. શા સમાચાર છે? એ કે પ્રમુખશ્રીનું ભાષણ કોઇ તત્વ જ્ઞાનિએ કે કાયદા શાસ્ત્રીએ લખ્યું છે, અને તેથી અમૃતભાઇ દંડાગાર છે, હોયજને? રામ આઇસ ફેક્ટરીમાંથી બરફની ગાંસડીઓ અમૃતભાઇના આંગણે લદાઇ હતી અને ચાંદીના બજારમાં પણ મંદી તો છેજ ને. એટલે થોડા કકડાનો ખનખનાટ સંભળાયેલ હશે તેથી બધા મૃષાવાદી. એ મહા મૃષાવાદ અમૃતભાઇની આંખે ઇતર સમાજોને મુબારક લાગે છે, પણ જૈન સમાજને તે કેમ પાલવે? પણ મને લાગે છે કે અમૃતભાઇનું જૈનત્વ બહુ જુનું નહિં હોય, નવું જૈનત્વ જુનું ન જાણે, તે ઇરાદાપૂર્વક ભુલી જાય. અહિં તો માર્ગાનુસારી, સમ્યગ દ્રષ્ટી અને દેશ વિરતીઓની પરિષદ હતી, તેમાં મૃષાવાદનો આરોપ કરનાર અમૃતભાઇપર, પાનસર અને ભોંયણીજીના ઓળા કેમ નહિં પડ્યા હોય ભલા? પાનસરમાં પાનસરના સ્વાગતાધ્યક્ષ અને પ્રમુખ પોપટભાઇ, ભોંયણીજીના સ્વાગતાધ્યક્ષ શ્રી. નગીનદાસભાઇ કરમચંદ અને સંઘપતિ શેઠ કસ્તુરભાઇ અમરચંદના રામ ગરબનો અમૃતભાઇની આંખે નજ ચડયા. એ વખતના સોળ ખબરપત્રીઓના સરવાળાનો

સ્વામી અમૃતભાઈ વિસરીજ ગયા લાગે છે. અને એક બીજી વાત, એ બધાએ ભાષણોમાં એકજ તાલ, સૂર, વિચાર, ભાવના અને રામાનંદી મોરલીનો નાદ એ સ્વાગતાધ્યક્ષો, અને પ્રમુખોના હીસાબે, જોખમે અને નામે ગાજ્યો હતો તેનું શું? અને એની બધીએ કાર્યવાહી, ઠરાવો, અને એમ બધુંએ અમદાવાદની પાંચકુવા પાસેની રામ ફેક્ટરીમાંથી લખાઈ, ઘડાઈ, અને છપાઈ આવ્યાનું કહેવાય છે તેનું શું? આ દેશવિરતીઓની કાર્યવાહીમાં શ્રી. અમૃતભાઈને મહા મૃષાવાદ કેમ નહિં જણાયો હોય ભલા, એ એક કોયડો છે, અને એવા આધુનિક ભવ્ય કોયડાનું મહા પુરાણ, શ્રી. અમૃતભાઈના નવા જૈનત્વની નવી નજર સામે અમારે ધરવુંજ પડશે. થોડા નમુના લખું. ટંકારાવાળા પેલા હાફ મેડ ભાઈબંધ નવાનગરમાં મહામુનિ બનવા લલચાયા. તે હતા નગરમાં, છતાં રાજકોટનો કાગળ કોઈ મહામુનિની કલમથી પ્રગટ થયો, એ સત્યવાદનો કયો ભેદ? તેઓ ભાગી ન જવા છતાં ભાગ્યાના તારો મુંબઈના છાપાઓમાં પ્રગટ થયા, એ કઈ સત્યવાદનું સ્વાંગ હતું?

હું સાધુ કેમ થયો? એ ભૂતપૂર્વ ચિત્તવિજયના ચમત્કારી પુસ્તકમાં રામની રાડ સંભળાય છે, એ પણ કઈ સત્યવાદનો સૂર છે? શ્રી. ગીરધરલાલજીએ પરોઢે લોંચકર્મ કરાવ્યું અને વર્તમાનપત્રોમાં દીક્ષા લઈ લીધાના ઢોંગ ઢંકાયા, તે પણ નવા સત્યવાદનો નમુનોજ હતો ને? અને એમ વાંસદ, ખંભાત, સુરત, અને અમદાવાદની રંક રતનબાઈની કારમી ચીસોના રહીશા પણ આ નવા સત્યવાદના કારખાનામાંથીજ જનમ્યા હતા. શાસન પક્ષના દેશવિરતીઓ (?) અને 'મહા મુનીઓ (?) ના સત્યવાદથી જૈન સમાજ સાવધાન છે, એટલે પ્રમુખ અને પરિષદપર ચોઢવાયેલો અમૃતભાઈનો અસત્યવાદી આરોપનો ફેંસલો જૈન સમાજે જુન્નરમાં લખી નાખ્યો છે અને એનો અમલ શાસન પક્ષને મુંબઈ મોકલાવવામાં થયો છે. અમૃતભાઈના કેશરી ભુવનમાં અંધકાર હશે પણ પરિષદના પાયેરે જ્વલંત પ્રકાશ ઝળકે છે, તેથી સત્યાઈ તપાસવાની ત્યાં સરળતા છે.

(અપૂર્ણ)

---

## યુવકોની જાગૃતિ.

( અનુસંધાન પાના ૧ નું ચાલુ. )

ઠરાવ.

આજની આ સભા, જુન્નેરે ખાતે મળેલી જૈન શ્વેતાંબર પરિષદે પસાર કરેલા ઠરાવોને હૃદયપૂર્વક ટેકો આપે છે અને તે ઠરાવો સમજી, સમજાવી અમલમાં મુકવા ન્યાતીના અધીકારીઓને ભલામણ કરે છે.

ઉપરોક્ત ઠરાવને શેઠ દામજી લાલજીએ ટેકો આપતાં ટુંક વિવેચન કર્યું હતું.

મત લેતાં ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો હતો. બાદ સભા વિસર્જન થઈ હતી.

—:૦:—

## સુરતમાં યુવક સંઘની મીટીંગ.

——(૦)——

### જુન્નર કોન્ફરન્સ સંબંધી ઠરાવો.

તા૦ ૧૬-૨-૩૦ ના રોજે શ્રી સુરત જીલ્લા જૈન યુવક સંઘની, કાર્યવાહક કમિટિ જુન્નર કોન્ફરન્સ પછી ઉભા થએલા સંજોગો પર વિચાર કરવા મળી હતી.

કમિટિએ કોન્ફરન્સનું કામ ફતેહ તથા શાંતિથી પાર પાડવા માટે કોન્ફરન્સના પ્રમુખ તથા કાર્યવાહકોને ધન્યવાદ આપવાનો ઠરાવ કર્યો હતો, તેમજ કેટલાક ભાઈઓએ ઇરાદાપૂર્વક કોન્ફરન્સના કામમાં ડખલ નાખવા બતાવેલ વર્તન માટે દીલગીરી જાહેર કરી હતી. ત્યારબાદ કોન્ફરન્સના ઠરાવો વાંચી, તે સાથે સંમત થઈ, સુરત જીલ્લામાં તેનો પ્રચાર કરવાનું નક્કી કર્યું હતું.

જૈન યંગમેન્સ સોસાઇટીના સુરત બ્રાન્ચના સેક્રેટરી શા. મગનલાલ રતુભાઈભાઈએ, વાંચી ભેચરદાસ નાગુભાઈ પર જૈન જીવનના ચિત્રો સંબંધી માંડેલી ફરીઆદના કામમાં નવાપુરાવાળા શા. માણેકચંદ ડાહ્યાભાઈએ જૈન યુવક સંઘના મેમ્બરો માટે નીચેના શબ્દો ઉચ્ચાર્યા હતા, તે માટે કમિટિએ તિરસ્કાર જાહેર કર્યો હતો. "જૈન યુવક સંઘના મેમ્બરો ભલે પીળો ચાંલ્લો કરતા હોય, પણ અમે તેમને જૈન માનતા નથી."

---

## એક ખેદજનક અવસાન.

ભાઈ ચીનુભાઈ પોપટલાલ ડોક્ટર, ઉમર વર્ષ ૨૩, ૭ મહિનાની બિમારી ભોગવી રવિવાર તા૦ ૧૬ મી હેજુભારીને રોજ પાછળ માત્ર ૧૯ વર્ષની વિધવા મુકી શાન્તાક્રુઝમાં ગુજરી ગયા છે, તે સમાચાર આપતાં અમને અત્યંત શોક થાય છે. મરનાર આપણા સંઘના પ્રથમથીજ ઉત્સાહી સભ્ય હતા અને પોતાની પાછળ રડવા કુટવા વિગેરે કોઈપણ જાતની અનિષ્ટ પ્રથાને માન ન અપાય તે માટે અંત વખતે મજબુત ભલામણ તેમણે કરી હતી. તેમના મોટાભાઈ, ડોક્ટર શાંતિલાલ પોપટલાલ જેઓ ઘણાંની ઉપર જૈન દવાખાનામાં ઓનરરી ડોક્ટર તરીકે સેવા આપે છે, તેઓ પણ આપણા સંઘના પ્રથમથીજ ઉત્સાહી સભ્ય છે અને તેમણે મરનારની ઇચ્છાને માન આપી શાન્તાક્રુઝમાં અને તેમના વતન અમદાવાદમાં ઘણા પ્રતિકુળ સંયોગોમાં અડગ રહી, આ હાનિકારક પ્રથાને દૂર કરવાની પહેલ કરી છે. આશા છે કે આપણો સમાજ આજ પ્રમાણે હિંમત દાખવી જડ ઘાલી બેઠેલા કુરીવાજોને દૂર કરશે. અમો સદ્‌ગતના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

---

## ગ્રાહકોને સુચના.

**ગ્રાહકોને પોતાનું લવાજમ તાકીદે મોકલી આપવા વીનંતી છે. જે ગ્રાહકોને પત્રિકા ન જોઇતી હોય તેઓ અમોને તુરતજ ના લખી નાખશે કે જેથી સંસ્થાને નાહકના ખર્ચમાં ઉતરવું ન પડે. હવે પછીના પંદર દીવસમાં જેઓની 'ના' આવી નહી હોય તેઓને બારમો અંક વી. પી. થી રવાના કરવામાં આવશે.**

---

## : : લવાજમ : :

| | |
|---|---|
| વાર્ષિક (ટ. ખ સાથે) | રૂા. ૨-૦-૦ |
| સંઘના (સ્થાનિક) સભ્યો માટે | રૂા. ૧-૦-૦ |

---

આ પત્રિકા જી. પી. ગોઆલીઆએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાબા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નં૦ ૩ મધ્યે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૧ મો. } સંવત ૧૯૮૬ ના ફાગણ સુદી ૧૦. તા૦ ૧૦-૩-૩૦ { છુટક નકલ : ૦II આનો.

## દાંભિકોની પ્રવૃત્તિ.

મુંબઈ સમાચારમાં "ભાગવતી જૈન દીક્ષા સ્વરૂપ"ના લેખક નિગ્રંથ પ્રવચનોપાસક ભલભલે નહિ તો બહુભાગી જરૂર જણાય છે. તેના દરેક લેખમાં ભાષાનો પ્રયોગ જોતાં તેનું માનસ કયા પ્રકારનું છે, તે શાસ્ત્રના વિદ્વાન વાંચક સહેજે સમજી શકે તેમ છે. શાસ્ત્રમાંના સુંદર દૃષ્ટાંતો ને તેના આશય પર કેવી વિષમ રીતે ... કરે છે, તે વાંચતા વિવેકી જનને તે મહાનુભાવ ઉપર ... આવ્યા સિવાય રહે નહિ. દીક્ષા એ આત્માનો સર્વોત્તમ પરમ કલ્યાણકારી માર્ગ છે. એ પરમ પવિત્ર વસ્તુ જીવનમાં જો યથાર્થ ચરિતાર્થ થાય તો પરંપરા ફળ એટલે મોક્ષ પ્રાપ્ત થાય એ સિદ્ધ વાત છે. આવી સ્ફટિકમણી જેવી વિશુદ્ધ વાતને મહાપુરૂષો મધુર વચનોમાં પ્રશાંત રીતે પ્રતિપાદન કરે છે. એ જ્યારે ઉપમીતીભવ-પ્રપંચા-કથા-જેવા-પ્રધાન ગ્રંથોમાં વાંચીએ છીએ ત્યારે હૃદયમાં અતી હર્ષની સાથે બહુમાન થયા સિવાય રહેતું નથી. પરંતુ આ મહાશય-નિગ્રંથ પ્રવચનોપાસકનું માનસ કેટલું બધું ક્ષુદ્ર છે તેનું માપ કાઢવું અશક્ય છે. ભાગવતી દીક્ષાના નામે અંધ અજ્ઞાનુ અનભિજ્ઞોને ત્યાગના ઓઠા નીચે ઉશ્કેરી હલકા શબ્દોમાં એક મહાન વ્યક્તિ ઉપર કેવળ પોતાનો દ્વેષ ઠાલવવા સિવાયનો બીજો કોઇ તેમનો હેતુ હોય તેમ જણાતું નથી.

"સાધુ આવો ઉપદેશ આપે નહિ. સાધુ શ્રાવકની ઉન્નતિ ઇચ્છે નહિ." વિગેરે વ્યંગમાં એક વ્યક્તિને ઉતારી પાડવા અને ભોળી જનતાને પોતાની તરફ આકર્ષવા ભાગવતી દીક્ષાને નામે અધમ પ્રયાસો બેઠી રહેલા છે, તે તેમના ક્ષુદ્ર માનસનું જીવતું જાગતું પ્રદર્શન ભાગવતી દીક્ષાના લેખમાં વિવેકી વાંચકો જોઇ શકે તેમ છે.

શાસ્ત્રમાંના મહાન ઉદાર દૃષ્ટાંતોને એકપક્ષી ખેંચી જઇ, ભોળી જનતાની આંખે પાટા બાંધવાનું તેઓ મહા પાપ આદરી રહેલા છે, તે ઉપરાંત જૈનેતર વિદ્વાન જનોમાં જૈન ધર્મને તેમજ જૈન શાસ્ત્રોને વગોવી રહ્યા છે.

દાખલા તરીકે તા. ૧૯-૨-૩૦ ના મુંબઈ સમાચારના અંકમાં સત્યવ્રતની વ્યાખ્યામાં અન્યને ગાળો દેવાની પોતાની ટેવને-મહાન પુરૂષોના દૃષ્ટાંતો આપી ગાળો આપવાની પોતાની ટેવને-શાસ્ત્રોક્ત ઠરાવવા મિથ્યા પ્રલાપ કરેલો છે, તે સુજ્ઞ વાંચકો વાંચી જોશે તો તેવા માનસ ધરાવનાર જીવ પ્રત્યે અનુકંપા આવ્યા સિવાય રહેશે નહિ. પ્રભુશ્રી મહાવીર સ્વામીના વખતમાં તેમની હૈયાતીમાં ગોશાલો ને ઘણા પાખંડીઓ હતા અને તેઓ મહાવીર પ્રભુને નીંદતા હતા; તોપણ પ્રભુશ્રીએ સત્યનું નિરૂપણ કરવા કદી આવો આગ્રહ કર્યો નથી. શ્રી ભગવાનના દશ શ્રાવકોમાંના મહાશતકની પત્ની માંસાહાર કરતી હતી, છતાં તેઓએ પોતાની પત્નીને હલકો શબ્દ કહ્યો નથી, આવી સહિષ્ણુતા ધાર્મિક જીવન વ્યતિત કરનારમાં સહેજે આવી જાય છે.

મહાત્મા ગાંધીજીએ તા૦ ૨૩-૨-૩૦ ના નવજીવનના અંકમાં સત્યાગ્રહીની નિયમાવળીમાં સત્યાગ્રહીને કેવો સુંદર ઉપદેશ આપ્યો છે, તે મહાશય નીગ્રંથ પ્રવચનોપાસક વાંચી જોશે તો ખબર પડશે કે જે વસ્તુ તમને સત્ય લાગતી હોય તો તે જનતાની પાસે કેવી રીતે રજુ કરાય? સામાન્ય રીતે જોતાં જેઓનું જીવન પવિત્ર હોય છે તેઓની વાણી અને ઉપદેશ હંમેશા સંયમી ને યુક્તિયુક્ત હોય છે. અને જ્યાં ધર્મને નામે પોતાની અવ્યવહારૂ પ્રકૃતિને પોષવી ... માનસને રીઝવવું હોય ત્યાં કેવા પ્રકારે વાણીનો ... એ આજની જનતા સારી રીતે પીછાની શકે છે ... આંતર જીવન માપવાનું થરમામીટર છે ... જાણ બહાર નથી, એ આ પ્રવચનોપાસક ...

વાસ્તવીક રીતે જોતાં એક વાત યાદ ... કે મુંબઇમાં પાંચ પગ અને બે પુંછડાની કૃત્રિમ ગાયના ઓઠા નીચે કેટલાક અધમ બાવાઓ ભોળી જનતાને ધર્મના નામે છેતરી, પોતાના પાપી પેટનો ખાડો પુરે છે, તેમ દીક્ષાના નામે ત્યાગના દાંભિક ઉપદેશના ઓઠા નીચે ભોળી જનતાને સ્વપક્ષમાં લઇ, એક મહા વ્યક્તિ પ્રત્યે પોતાનો દ્વેષ ઠાલવવાનો આ બધો શું અધમ પ્રયાસ નથી? અથવા જીવનનો મોટો ભાગ ગુજરાતમાં વ્યતિત કરવા છતાં શાસન કે સમાજનું કંઇ શ્રેય કરી શક્યા નહિ અને એક મહાન પ્રભાવશાળી પુરૂષ વ્યક્તિ આ પ્રદેશમાં આવી અલ્પ સમયમાં ધર્મ અને સમાજને ઉન્નતિના પાયા પર લાવી, જનતાની વલ્લભતા મેળવી લીધી તે ઉત્કર્ષ સહન નહિ થવાથી દીક્ષાના નામે આવા દાંભિક પ્રવચનો રચી, શાસ્ત્રની આશાતના કરવી એ શું ઇષ્ટ છે? શાસન દેવતા સર્વેને સદ્બુદ્ધિ આપે એજ અભ્યર્થના.

अत एव न वो धर्तुं मूलोत्तर गुणानलम्।
युक्ता सुखावहा तस्मात् दंभेन जीवनम्॥

અધ્યાત્મ સાર.

લી. શિવલાલ લવજી શાહ.

### શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

ઉપરોક્ત સંઘની એક સામાન્ય સભા તા. ૧૩-૩-૩૦ ફાગણ શુદ ૧૩ ને ગુરૂવારે, શ્રી માંગરોળ જૈન સભાના હોલમાં રાત્રિના આઠ વાગે (સ્ટા. ટા.) નીચેના કામ બાબત મળશે, તે પ્રસંગે દરેક સભ્યોને વખતસર પધારવા વિનંતિ છે.

કાર્યક્રમ.

૧. કોન્ફરન્સે પસાર કરેલા ઠરાવોના અમલ સંબંધી વિચાર ચલાવવા.
૨. મંત્રીઓ તરફથી રજુ થાય તે.

આ પ્રસંગે જુદા જુદા ઠરાવો ઉપર યોગ્ય વિવેચનો કરવામાં આવશે.

મંત્રીઓ,
શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

## સરદાર વલ્લભભાઈને અભિનંદન.

યુવક સંઘની મેનેજીંગ કમિટિએ તા. ૮-૩-૩૦ ના રોજ નીચેનો ઠરાવ પસાર કર્યો હતો.

**“સ્વાતંત્ર્યની શરૂ થયેલી લડતમાં પહેલા સરકારી મેમાન થવાનું સરદાર વલ્લભભાઈને જે માન મળ્યું તેને માટે અમારૂં મુંબઈ જૈન યુવક સંઘ તેમને અભિનંદન આપે છે.”**

## જુન્નેર જૈન કૉન્ફરન્સ.

### ઠરાવોની સમાલોચના.

પહેલો ઠરાવ સ્વર્ગસ્થ આગેવાનોને માટે શોક પ્રદર્શિત કરવા સંબંધીનો હતો. બીજો ઠરાવ ધાર્મિક તથા વ્યવહારિક કેળવણી સંબંધી હતો. આ ઠરાવ બે ભાગમાં વહેંચાયેલો છે. પ્રથમ ભાગને લગતો ઠરાવ કોન્ફરન્સની આગળની બેઠકોમાં જુદે જુદે સ્વરૂપે મંજુર કરેલો છે, તેથી તેજ સ્વરૂપમાં તે ઠરાવ પસાર કરી બેસી રહેવું, એટલે કેળવણી માટે શુભ ઇચ્છા દાખવવા સિવાય કોન્ફરન્સે કાંઇ ન કર્યું એમ ગણી શકાય. ઘણા વર્ષોથી ઇચ્છા ધરાવતા છતાં પ્રાથમિક કેળવણીનો સવાલ, જૈન જેવી વ્યાપારી તથા આબાદ કોમને અંગે હજુ અમલમાં મૂકાયા વગર રહે તે શરમાવા જેવું ગણાય. શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની વસ્તી સાડા ચાર લાખ ગણાય; જેમાંનો અડધો ભાગ જુદા જુદા શહેરોમાં વસે છે, બાકીનો અડધો ભાગ ગામડાઓમાં વસે છે કે જેમાના કોઇ કોઇ ગામડામાં કદાચ પ્રાથમિક શાળાઓ હોય અગર ન પણ હોય. ગામડામાં જ્યાં પ્રાથમિક શાળા ન હોય ત્યાં તો, જૈન બાળક કદાચ પ્રાથમિક કેળવણી લઇ ન શકતો હોય; સિવાય જૈન બાળક પ્રાથમિક શિક્ષણ વગરના રહેતા હોય, તે બનવા જોગ નથી છતાં આ બાબતમાં ચોક્કસ તપાસ વગર નક્કી વિગતો જણાવી શકાય નહિ. કોન્ફરન્સે જૈન વસ્તીવાળા જુદા જુદા વિભાગોમાં સ્થાનિક માણસોની સહાયતા મેળવી આંકડાવાર માહીતિ મેળવવી જોઇએ. અણસમજણને લઇને જ્યાં માતાપિતાઓ કેળવણી લેવા માટે પોતાના બાળકોને પ્રેરણા ન કરતાં હોય, તેવાને સમજાવવાની ગોઠવણ સ્થાનિક પેટા કમિટિઓ મારફત કરવી જોઇએ. જે ગામડામાં શાળા ન હોય તેવા ગામડામાં મ્યુનિસિપાલીટીને અગર લોકલ બોર્ડને પ્રાથમિક શાળાઓ ઉઘાડવા માટે યોગ્ય અરજ કરવી જોઇએ, છતાં જ્યાં થોડી વસ્તી હોય અને લોકલ બોર્ડ પ્રબંધ કરી શકે તેમ ન હોય તેવા ગામોમાં સ્કોલરો મારફત વૈકેશનમાં પ્રાથમિક શિક્ષણના કલાસો ખોલવા જોઇએ. આ હકીકત ધાર્મિક પાઠશાળાઓને પણ થોડે ઘણે અંશે લાગુ પડે છે. તેના અંગે પણ ચોક્કસ સંજોગો, તપાસને અંગે માલુમ પડે. જે સંજોગો સુધારા તેમજ સગવડ માગતા હોય તે કરવા માટે જોઇતા પ્રયાસો કરવા જોઇએ. પચીશ વર્ષ ઉપરાંતથી કોન્ફરન્સની સ્થાપના થઇ છે, છતાં પ્રાથમિક કેળવણીનો ઠરાવ આપણે દર બેઠક કરવો પડે તેવી સ્થિતિ કોમની હોય તે શોચનીય છે. પ્રાથમિક શિક્ષણવાળા લગભગ ઘણાખરા જૈન બાળકો હોવા જોઇએ, તેની કોઇ ના પાડતું નથી, પણ તે બાબતમાં સમાજની ચોક્કસ શું સ્થિતિ છે તે જાણી લેવાની તાકીદે જરૂર છે. ધાર્મિક કેળવણીની સગવડને અંગે પણ વીગતો મેળવવાની જરૂર છે. જેથી કરીને ધાર્મિક કેળવણી મળી શકે તેવા સાધનો પુરા પાડવા માટે દ્રવ્યની કેટલી જરૂરીઆત છે તે બધી વીગતો જો સમાજ પાસે રજુ કરવામાં આવે તો, સમાજને તે ખાતાંમાં કેટલા દ્રવ્યની જરૂર છે તેની ખબર પડશે. જેઓ પાસે પરમાત્માની મૂર્તિને પાંચ લાખના મુકુટ પહેરાવવા જેટલી તાકાત હોય છે તેઓ પાસે પરમાત્માના અક્ષર જ્ઞાનનો, તેના શાસનનો ફેલાવો કરાવી, પરમાત્માનાજ વચનોને માનનારાજ બાળકો માટે, ધાર્મિક જ્ઞાન મેળવવાના ખાતાંઓ ખોલવા માટે પૈસા ન હોય તે શું ઓછું શોચનીય છે? પણ તેમાં દોષ કોનો છે? જેઓ સમાજને દોરવી શકે તેમ છે તેઓ એકજ માર્ગે ભક્તિના—ધામધુમના—શોભાના કાર્યો માટે અનર્ગળ દ્રવ્ય સમાજ પાસે ખર્ચાવે છે. તેમજ લાખો રૂપીયાના ગુરૂમંદિરો સાધુઓ કરાવે છે પણ ગુરૂના અનુયાયીઓને ધાર્મિક જ્ઞાન આપનાર માસ્તરના પગાર માટે જોઇતી રકમ માટે કાંઇ કરવામાં આવતું નથી.

માટે કોન્ફરન્સે, તેના આગેવાનોએ, તેની સ્ટેન્ડીંગ કમિટિએ અને કાર્યવાહી સમિતિએ આ બાબતોમાં કોમને માર્ગદર્શક થવું જોઇએ. કોન્ફરન્સના ઠરાવ એકલા શબ્દમાં પસાર થવાથી દરેક કામ થઇ જશે નહિ. દરેક કામ માટે પૈસા મળી જશે નહિ તેમ કાર્ય કરનારાઓ પણ મળી જશે નહિ પણ માણસોની ને ફંડની જે જરૂરીઆતો લાગે તે કોમ સન્મુખ પોતાના વાજીંત્રદ્વારા રજુ કરવી જોઇએ તો કાર્યકર્તાઓ તેમજ ફંડ મળી રહેશે. દેવદ્રવ્યનો હાલ સુધીનો વહીવટી ઇતિહાસ કોન્ફરન્સે પ્રગટ કરવો જોઇએ. ગામે ગામમાં, શહેરે શહેરમાં કેટલા પૈસા ભેગા થયા, કેટલા ખવાઇ ગયા, કેટલા ડુબી ગયા, કેટલા કોર્ટ દરબારમાં વપરાયા, કેટલા જૈન મતના વિરોધી કાર્યને મદદરૂપ થયા વગેરે વગેરે ઘણી વીગતો સ્થળે સ્થળેથી ભેગી કરી સમાજ પાસે મૂકી સમાજની આંખો ઉઘાડવી જોઇએ. અનર્ગળ દેવદ્રવ્ય હોવા છતાં શા માટે દેરાસરો હજી જીર્ણ અવસ્થામાં છે તે પણ સમાજને જણાવી આપવું જોઇએ. એવા પણ વહીવટદારો છે કે જેઓ દેવદ્રવ્યના પૈસા તેમના વહીવટમાં જથાબંધ પડ્યા હોવા છતાં મંદિરોના ઉદ્ધારમાં આપતા નથી, જાણે કે તેમના મહાવીર જુદા હોય. આ પરિસ્થિતિ સમાજ પાસે વ્યવસ્થિત સ્વરૂપમાં રજુ થવી જોઇએ એટલે સમાજ આપોઆપ, ક્યાં પૈસા આપવાથી સાર્થકતા છે તે સમજી જશે. કેળવણીના ઠરાવ વિષે વધુ હવે પછી.

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

## કાર્યવાહી સમિતિએ કરેલો અગત્યનો ઠરાવ.

### જુદી જુદી પેટા કમિટિઓની થયેલી નીમણુંક.

કોન્ફરન્સની કાર્યવાહી સમિતિની એક સભા તા. ૯-૩-૩૦ ના રોજ મળી હતી. સભાનો ટાઇમ ત્રણ વાગ્યાનો હતો. કાર્યની શરૂઆત ૩-૩૦ વાગે થઇ હતી.

આશરે ૪૦ સભ્યો હાજર હતા. પ્રમુખસ્થાન શ્રી. ચુનીલાલ રાજપુરીકરને આપવામાં આવ્યું હતું.

ત્યાર બાદ કાર્યવાહી સમિતિના પ્રમુખ તરીકે શ્રી. રવજીભાઇ શીવજીપાળને તથા ઉપપ્રમુખ તરીકે શ્રી. મકનજી જે. મહેતાને સર્વાનુમતે નીમવામાં આવ્યા હતા.

ત્યાર બાદ કોન્ફરન્સનું કામકાજ વ્યવસ્થિત રીતે ચાલી શકે તેના માટે નીચેની પેટા સમિતિઓ નીમવામાં આવી હતી.

(૧) કાર્યવાહી સમિતિ માટે કાયદાકાનુનો બાંધનારી કમિટિ.

(૨) સુકૃત ભંડાર ફંડ સમિતિ.

(૩) જૈન યુગ અને પ્રકાશન સમિતિ.

ત્યાર બાદ બાબુ બહાદુરસિંહજી સમિતિનો પાવાપુરી તીર્થને અંગે આવેલો પત્ર રજુ કરવામાં આવ્યો હતો અને તેની ઉપર ચર્ચા થયા બાદ તે બાબત માટે વધારે વિગત મેળવવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

ત્યાર બાદ સરદાર વલ્લભભાઇને અભિનંદન આપતો નીચેનો ઠરાવ શ્રી. ચીનુભાઇ લાલભાઇએ રજુ કર્યો હતો જેને શ્રી. ચીમનલાલ સીરચંદ તથા વીરચંદ પાનાચંદ શાહે અનુમોદન આપ્યું હતું. મત લેતાં સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

#### ઠરાવ.

**"શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની કાર્યવાહી સમિતિની આજે મળેલી સભા સરદાર વલ્લભભાઇ પટેલને, પહેલાં જેલમાં જવા બદલ અભિનંદન આપે છે અને સરકારે જે દમનનીતિ આદરી છે તેને વખોડી કાઢે છે."**

ત્યાર બાદ મીટીંગ બરખાસ્ત થઇ હતી.

તા૦ ક૦ પેટા કમિટિઓ માટે ચુંટાયેલા સભ્યોના નામો આવતા અંકમાં.

# સમયજ્ઞ મુનિશ્રીનું સ્વાગત.

ફાલ્ગુન શુક્લ તૃતિયાની મંગળ પ્રભાતે, લાંબા સમયથી જેમના આગમનની માર્ગપ્રતિક્ષા થઇ રહી હતી એવા મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજે શ્રી સ્થંભન તીર્થની પ્રાચિન પુરીમાં વાજતે ગાજતે પ્રવેશ કર્યો. સામૈયાની કુચ ભવારા દરવાજેથી શરૂ થઇ. મધુર સ્વરે વાગી રહેલા વાજાં પાછળ, ખંભાત જૈન યુવક સંઘની સ્વયંસેવક ટુકડી શુદ્ધ ખાદીના યુનીફોર્મમાં ચાલતી હતી. તેમની પાછળ મુનિશ્રી તેમજ અન્ય સાધુઓ અને ત્યાર પછી ખંભાતની પંચે જ્ઞાતિના મહાજનો તેમજ યુવક વર્ગનો મોટો સમુદાય તથા શ્રીસંઘ ધીમી ગતિએ, ચિતારી બજારના માર્ગે આગળ વધી રહ્યો હતો. અન્ય દર્શની માણસો પણ વરઘોડો જોઇ આનંદ પામતા અને રસ્તામાં વારંવાર 'જૈન શાસનની જય જય,' 'મુનિશ્રી ન્યાયવિજયજીની જય જય' એવા પોકારો થઇ રહ્યા હતા. ભાટવાડા આગળના 'મોટા દહેરાસર' માં દર્શન કરી સરઘસ આગળ વધતાં, યુવક સંઘની ઓફિસ સમિપ આવી પહોંચતા, રસ્તો ચીકાર થઇ ગયો હતો. ત્યાંથી શેઠ અંબાલાલ પાનાચંદની ધર્મશાળા સુધીનો આખો રસ્તો તેમજ બજાર, ધ્વજા, તોરણ અને પતાકા તેમજ વિવિધ સુત્રાલેખોવાળા બોર્ડથી શણગારેલો હતો. ખંભાત જેવી પુરાણ પ્રિય જૈનપુરીમાં આજના સ્વાગતથી કંઇ જુદીજ છાપ પડતી હતી. વીસમી સદી જેવા પ્રગતિના જમાનામાં પણ જ્યાં આજે ધર્મને નામે હોળી સળગાવનાર 'શાસનરસિક સોસાયટી' જેવી સંસ્થાઓ કલેશના હુતાશનમાં ઘી પુરવા રૂપ કામ કરી રહી છે અને એક કાળે જ્યાં એવા ઠેકેદારોનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું, ત્યાં સામૈયામાં પાંચે જ્ઞાતિના સમુદાયનો સહકાર એ કંઇ નાની સુની વાત નથી; સમયની બલિહારી તે આનુંજ નામ. યુવક સંઘનો પણ આ સ્થિતિ તૈયાર કરવામાં અલ્પ ફાળો નથી. આમ 'જૈનં જયતિ શાસનમ્'ની ગર્જનાઓ વચ્ચે ચિંતામણી પાર્શ્વનાથનું દેવાલય ને ધર્મશાળા આવી પુગ્યા. મંગળાચરણ બાદ મુનિશ્રી તરફથી ટુંક પ્રવચન થયું. પ્રભાવના થયા બાદ સૌ વિખરાયા.

# જુન્નર જૈન કોન્ફરન્સ સામે બાલીશ બખાળા.

## અમૃતલાલ મોદીનો પામર પ્રલાપ.

લેખક: જયંતિલાલ જગજીવનદાસ ગાંધી.

[ગતાંકથી ચાલુ.]

### બીજો પ્રલાપ.

ક્યાંક લગી વંચાય તેવું પ્રભાવશાળી ભાષણ, અવાજ સર્વત્ર ન પહોંચી શકવાના કારણે પ્રમુખશ્રીએ જાતે ન વાંચ્યું, એમાં અમૃતભાઇના આરોપને પુરાવો મળી ગયો છે; પણ આનો જવાબ આપો તો ? શ્રી ભાવનગરની 'દેશવિરતિ ધર્મારાધક સભા'ના પ્રમુખશ્રી કસ્તુરભાઇ અમરચંદનું ભાષણ કોણે વાંચ્યું હતું ભલા ? તેની શોધ કરશો તો કેસ ઘેરથી લેવા જેવો લાગશે.

પ્રમુખશ્રીનું ભાષણ અને તેનું કાર્ય અમૃતભાઇને ગેરસમજણ ઉપજાવે છે. તેઓશ્રી કાંતો જુન્નર આવ્યા નથી અને આવ્યા હોય તો પ્રથમ દિવસે પાછા ફરી ગયા છે એટલે પારકા કાને સાંભળેલું, બીજાના ચશ્મે વાંચેલું અને રાગ બધ્ધાથી નીરૂપણ કરેલું, પછી ગેરસમજણ ન હોય કેમ ?

'શાસનરસીક પ્રતિષ્ઠિત ગૃહસ્થોને' લાઠી પડવાની, એની રસીકતા, પ્રતિષ્ઠા અને ગૃહસ્થાઇનો પ્રમુખશ્રીએ બચાવ ન કર્યો એ અમૃતભાઇની આંખે ખટકે છે, પણ કયા ગૃહસ્થને ? ક્યારે ? કોના તરફથી ? અને કેટલી લાઠીઓ પડી ? તે આજ લગી કોઇએ નથી કહ્યું, તે કહેવાની અમૃતભાઇની પણ હીંમત નથી, કારણ લાઠી પડીજ નથી. તેમ હોત તો, તો, કપાળનોએ શોરબકોર થયો હોત, ડાકતરી મેજર થયા હોય અને સર્ટીફીકેટો બહાર આવ્યા હોય, પણ તેવું કાંઇ નથી. હજી પણ અમૃતભાઇને આવાહન છે કે, આવું કાંઇ હોય, તો સ્થળ, મારનાર, માર પડનાર અને પંચકયાસ, એ બધું લખે. માત્ર જુઠાણાથી જનતાને ભેળવવાના દિવસો હવે આથમી ગયા છે, તે અમૃતભાઇ ન જાણતા હોય તો જાણી લે.

પ્રમુખશ્રીએ આ બદલા બહારુઓની દાદાગીરીનો બચાવ ન કર્યો, એમાં પ્રમુખશ્રીની સાદી સમજની ખામી એની આંખે ખટકે છે. પ્રમુખશ્રીએ આ દાદાગીરીપર ફટકો ન માર્યો તે માટે આભારવૃત્તિ તો આ 'ધર્મ રસીકોમાં' હોયજ કયાંથી ?

પ્રમુખશ્રીના ભાષણમાં મુનિસમાજપરનો અભિપ્રાય આ શ્રમણજીવી ભાઈને તડફડાવે છે, એમાં મુનિઓની ગર્હિત નીંદાનો એને ભાસ થાય છે, પણ જે સાધનથી પ્રમુખશ્રીનું પ્રવચન બીજાએ લખ્યું છે એમ એણે માન્યું છે, તેણેજ કેટલાક કહેવાતા સાધુઓના વામમાર્ગ પર પ્રકાશ પાડ્યો છે તે ભરોંસાપાત્ર કેમ નથી લાગતું ? પ્રમુખશ્રીના પ્રવચનમાં મુનિઓ અને શ્રમણો પર આક્ષેપ નથી, ગર્હીત નિંદા નથી, બલ્કે તેમની પૂજા અને સત્કાર છે. ભારત વર્ષે મુનિઓને અનંતકાળથી વંદ્યા છે, હજી એના ચરણ ચુમ્બશે, પણ એ વંદનામાં, સત્કારમાં, શ્રાવકોની સેવામાં સ્વચ્છંદી સાધ્વાભાસોને સ્થાન નથી. એના સ્વચ્છંદો, ઢોંગાડા અને વલ્લભી લીલાઓ સમાજના વિકારની ગડગુંબડ સમાન ચેતવણી છે, એ સાચી વાત કહી દેવા માટે પ્રમુખશ્રીની હિંમત યાદગાર રહેશે, તે અમૃતભાઈએ નોંધવું ઘટે.

અયોગ્ય દીક્ષા પરત્વે પ્રમુખશ્રીના વિચારોમાં અમૃતભાઈ પર અક્કલના લીલામના ઓળા પડ્યા છે, પણ એનો ફેંસલો સમસ્ત શ્રી સંઘે મજબુત હાથે લખી નાખ્યો છે, હવે એનો સામનો કરનાર શ્રી સંઘની સત્તાના અભેદ્ય પહાડથી અફળાઇ ભાંગીને ભુક્કો થશે, એ આવતી કાલનું સત્ય છે, તેની નોંધ પણ અમૃતભાઈ લઇ લે એમાંજ એમની અને એમના પક્ષની સલામતી છે.

દેવદ્રવ્ય વગેરે સામાજીક મીલકતનો વિચાર કરનાર શ્રી સંઘના ઘરેબારના લીલામ થવાની વાયડી વાત અમૃતભાઇની જીભે ચડી છે, પણ કોન્ફરન્સને તોડવા માટે, અગાશીના પ્રભુજીના મુકુટની ભેળીઓનું દ્રવ્ય વાપરી નાખવાની સલાહ અપાનારની, અને તેને અનુસરનારાઓની પ્રતિષ્ઠાનું લીલામ આજ પહેલાં થઇજ ગયું છે, એ સત્ય પણ અમૃતભાઇ સમજી લે.

સામાજીક મીલકતનો નિઃસ્વાર્થ ભાવે વિચાર કરનાર વિચારકોને, અને સુધારકો માટે, ગૃહસ્થોએ ભોજનશાળા ખોલવાની જરૂર અસ્થાને છે, પણ હરામનું ખાવાની ટેવે ટેવાયેલી દુધપાકીઆ સોસાયટીઓનેજ એ, 'અણમોલ' સલાહ અમૃતભાઇએ આપવી ઘટે.

વળી, પાંડિત્ય અને પવિત્રતા કરતાં પૈસાને ઉચ્ચ સ્થાન ક્યાં અપાય છે ? તેનો નીકાલ જુન્નારે આવતાં શાસન પક્ષે પંદર રૂપીઆના સાલીઆણા આપી, ભાડુતી ભરતી કરીને આપી દીધો છે. પરિષદમાં તો વિદ્વતા, વિચારકતા અને અંતે પવિત્ર ચારિત્રને ઉચ્ચ સ્થાન છે, અને રહેશે.

કંગાળ ભીખારીઓ, "સામાજીક મિલ્તકનો સંકેત ફેરવવા કહેનારા છે" કે "દીક્ષા ફંડોપર જીવનારાઓ છે ?" તે ન જાણનારા હવે શ્રી અમૃતભાઇ જેવા આંગળીને વેઢે ગણાય છે.

### આનું નામ તે ન્યાય ?

પરિષદ અને એના ઠરાવો અંગેને અપાય તેટલી ગાળો આપ્યા પછી, ફરજીઆત વૈધવ્ય નિષેધ સંબંધમાં પ્રમુખશ્રીને જે પ્રમાણીકપણે લાગ્યું તે તેમણે જણાવ્યું, એમાંજ અમૃતભાઈપર ચારિત્ર પ્રેમના પડઘા પડ્યા છે. પોતાને પ્રમુખશ્રીની જે એકજ વાત ફાવી, તે પ્રમુખશ્રીનું પોતાનું અને બાકી બધું ભાડુતી. આ અમૃતભાઇના બી એ. થયેલા ફળદ્રુપ ભેજાનું ભુસું છે. મહાસભાનો સામનો કરનાર મવાલ પક્ષનું સ્થાન ક્યાં છે ? એનો અવાજ સાંભળનાર કોણ છે ? એના પ્રતિનિધિઓ કેટલા ? સરકાર અને પ્રજાપર એના અવાજની અસર શી ? અને કેટલી છે તેનો અંદાજ અમૃતભાઇની બી. એ, લગીનું વાંચન કરી આંખી થયેલી આંખો કદાચ નહિં તારવી શકે, પણ આઝાદીનો જયઘોષ ગજવનાર આઝાદ ભારતે એનો અડસટ્ટો આંક્યો છે અને તેથીજ આજના નવજવાન ભારતના નેજા નીચે કરોડોની માનવતા મળે છે. જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, એ ભારતના સમસ્ત જૈનોની મહાસભા છે, એની પ્રતિષ્ઠા એ ભારતીય જૈનનો પ્રાણ છે, તેનો સામનો કરનાર કોઇ કોઇ 'પ્રખર અને પ્રવર'ના ટુંકા પુંછડા વળગાડી ફરનાર મવાલી 'મુનિ' હોય, કોઇ ડાહ્યો 'દેશવિરતિ' હોય, કોઇ કહેવાતો 'શાસન પ્રેમી' હોય કે કોઇ પાંથલીઓ ધર્મ પક્ષી હોય, જે હોય તે હોય, પણ જૈન મહાસભાની પ્રતિષ્ઠાપર પગ મુકનાર જૈનનો દુશ્મન છે, શાસનનો અને સમાજનો તે દ્રોહી છે, પછી તે કેટલીએ કહેવાતી લાગવગ, મુડી, પદવી કે પ્રતિષ્ઠા ધરાવતો હોય. એવા કોઇ પણ તત્વો, બંડો, કે ઠગોને જૈન મહાસભાની પ્રતિષ્ઠાના ભોગે કોઇ પણ સાચો જૈન નહિંજ નભાવી લે અને જાગૃતિની આ અનેરી ઉષામાં અધીરો બનેલો જૈન યુવાન, એ તોફાનોનો કયો ઘાટ શી રીતે ઘડશે એ કલ્પવું મુશ્કેલ છે. આજે કાંડા બાવળાના બળમાં મુસ્તાક બનેલી મદઘેલી સત્તા સામે પણ ભારતીય યુવાન હુંકાર કરે છે, ત્યારે જેના પક્ષમાંથી ધર્મ, ન્યાય, નીતિ, સમાનતા, સહીષ્ણુતા અને એવા બધાયે માનવોચીત તત્વો પરવાર્યા છે, તેવા પતંગીઆઓ પોતાનેજ પાપે આજના યુવક જ્યોતની અખંડ બળતી વિશુદ્ધિ અને ચારિત્રની દીપમાળામાં આપોઆપ બળી ભસ્મીભૂત થશે. વિશુધ્ધિ, ત્યાગ, સચ્ચાઇ, અહિંસા અને શુદ્ધ ચારિત્રનો જય થાવ. જય પરિષદ દેવીનો.

---

## આવતો અંક વી. પી.

અગાઉથી જાહેર કર્યા મુજબ જે ગ્રાહકોની ના આવી નહીં હોય તેઓને બારમો અંક વી. પી. થી રવાના કરવામાં આવશે. વાર્ષિક લવાજમ તથા પોષ્ટ ખર્ચના મળી રૂ. ૨ ૩-૦ નું વી. પી. કરવામાં આવશે. વી. પી. આવે દરેક ગ્રાહકો છોડાવી લેશે, તેવી અમો આશા રાખીએ છીએ.

---

## સભ્યોને સુચના.

ઘણા સભ્યો તરફથી ફરીયાદ કરવામાં આવે છે કે તેમને ત્રણ ચાર અઠવાડીઆથી કોપી મળતી નથી. ખુલાસામાં જણાવવાનું કે હવેથી જે સભ્યો પાસેથી મેમ્બર ફી ઉપરાંત પત્રિકાના લવાજમનો રૂ. ૧-૦-૦ વસુલ આવી ગયો છે, તેઓનેજ પત્રિકા મોકલાય છે. જે સભ્યોને પત્રિકા જોઇતી હોય તેઓ સંઘની ઓફીસમાં, અથવા જમનાદાસ અમરચંદ ગાંધી, ૧૮૦, જકરીયા મસ્જીદ એ શીરનામે પોતાનું લવાજમ મોકલી આપશે જેથી તેઓને પત્રિકા મોકલવામાં આવશે. વ્યવસ્થાપક.

---

## :: લવાજમ ::

| | |
|---|---|
| વાર્ષિક (ટ. ખ સાથે) | રૂા. ૨-૦-૦ |
| સંઘના (સ્થાનિક) સભ્યો માટે | રૂા. ૧-૦-૦ |

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, મામા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ મધ્યે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૨ મો. | સંવત ૧૯૮૬ ના ફાગણ વદી ૩. તા૦ ૧૭-૩-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના આશ્રય નીચે જાહેર સભા.

### જુન્નેર કોન્ફરન્સનો સંદેશ.

અગાઉથી જાહેર કર્યા મુજબ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના હોલમાં તા. ૯-૩-૩૦ ને રવીવારના દિને રાતના ૭-૩૦ (મું. ટા.) વાગે જૈનોની એક જાહેર સભા મળી હતી. હાજરી સારા પ્રમાણમાં હતી. હોલ લગભગ ચીકાર થઇ ગયો હતો.

શરૂઆતમાં મી. હરિલાલ માંકડે સભા બોલાવવાનો સરક્યુલર વાંચી સંભળાવ્યો હતો. શ્રી. વીરચંદ પાનાચંદ શાહની દરખાસ્તથી અને શેઠ મગનલાલ મુળચંદના ટેકાથી પ્રમુખસ્થાન જાણીતા કચ્છી આગેવાન શેઠ નાનજી લધાભાઇને આપવામાં આવ્યું.

ત્યાર બાદ આજની સભાના મુખ્ય વક્તા રા. મોહનલાલ દેશાઇએ તિર્થંને નમસ્કાર કરી જુન્નેર કોન્ફરન્સ ઉપર બોલતાં જણાવ્યું કે આ અધિવેશન મેળવતી વખતે સંજોગો વિપરીત અને વિષમય હતા એમ કેટલાકો માનતા હતા, અને કોમ સમક્ષ પડેલા દીક્ષા જેવા વિષયો ઘણાઓને મુંઝવતા હોય તેમાં નવાઇ નહિં. આવા વાતાવરણ છતાં મેં બધાને કહ્યું હતું કે કોન્ફરન્સમાં નહિં આવે તે કાયર ગણાય. ભયથી ડરવું ન જોઇએ.

આગળ બોલતાં તેઓશ્રીએ સ્વાગતાધ્યક્ષ શ્રી. રાજુરીકર વીગેરે મહારાષ્ટ્રીય વીરોના, તેમણે ઉઠાવેલી જહેમત તથા આત્મભોગ બદલ વખાણ કર્યાં હતાં.

વધુમાં જણાવ્યું કે અનેક મુશ્કેલીઓ કાર્યકર્તાઓને નડી હતી પણ કાર્ય ઘણીજ શાંતિથી કોઇનું દીલ ન દુઃખાય તે રીતે લેવામાં આવ્યું. ભિન્ન મતવાદીઓ શનિવારે રાતનાં પણ આવ્યા હતા અને તે વખતે પણ તેમને ઘટતી સગવડો આપવામાં આવી હતી. શનિવારે તેમને એમ જણાયું કે આપણો પક્ષ ન્હાનો છે અને આપણું ધાર્યું બને તેમ નથી તેથી તેઓને જુન્નર છોડી ચાલ્યા જવું ઇષ્ટ જણાતાં તે માર્ગ સ્વીકાર્યો અને માર્ગ સરળ કર્યો તે બદલ તેમનો આભાર માનું છું.

ઠરાવો ઉપર બોલતાં જણાવ્યું હતું કે ઠરાવો બધા સમય ધર્મને માન આપી કોમની પ્રગતિ લક્ષમાં રાખી કરવામાં આવ્યા છે. દીક્ષાના ઠરાવ ઉપર બોલતાં જણાવ્યું હતું કે જૈન કોમના બાળકો અને બાળિકાઓ—એ શ્રાવક સંતાનોને દીક્ષા આપવા મુનિરાજો તૈયાર થાય ત્યારે તેમણે તેમના માતપિતા અને સ્થાનિક સંઘની પરવાનગી મેળવવી જોઇએ એમ પૂજ્ય મુનિરાજોને આ મહાસભાએ જણાવી દીધું છે તે પણ ઉચિતજ થયું છે. પ્રગતિ કરવી હોય તો સમયધર્મને અનુસરવું જોઇએ. બાદ સુકૃત ભંડાર ફંડ અને કેળવણીનાં કાર્યો ઉપાડી લેવા યુવકોને અપીલ કરી હતી.

ત્યારબાદ મોહનલાલ બી. ઝવેરીએ સમયધર્મ ઉપર ટુંક વિવેચન કર્યું હતું. પંડિત લાલને પણ સેવાધર્મ વિષે સુંદર વિવેચન કર્યું હતું. દીક્ષાના ઠરાવ ઉપર બોલતાં જણાવ્યું હતું કે આપણે ભાગવતી દીક્ષાના વિરોધી નથી પરંતુ અયોગ્ય દીક્ષાના વિરોધી છીએ. દીક્ષા એ સાધન છે અને પ્રભુ મહાવીર જેટલો વિકાસ તે સાધ્ય છે, માટે દીક્ષામાં સોનું પસંદ કરો, પીંચગોલ્ડ નહીં. અયોગ્યને દીક્ષા આપવી તે પીંચગોલ્ડ લેવા જેવું ગણાય.

ત્યારબાદ પંડિત આણંદજીએ જોરદાર ભાષામાં જૈન કોમનો પૂર્વ ઇતિહાસ અને હાલ થયેલી પરિસ્થિતિનું સુંદર દિગ્દર્શન કરાવ્યું હતું. છેવટે શ્રી. રાજુરીકર તથા શ્રી. મણીલાલ સુંદરજીના વક્તવ્ય પછી પ્રમુખશ્રીએ ઉપસંહાર કરતાં પોતાને પ્રમુખસ્થાન આપવા બદલ આભાર માન્યો હતો. ઠરાવોની સમાલોચના કરતાં જણાવ્યું કે દીક્ષાનો ઠરાવ જે રીતે થવો જોઇએ તેટલો થયો છે છતાં જોઇએ તેટલો કડક નથી. બાદ પ્રમુખશ્રીનો આભાર માની સભા પોણા અગીઆર વાગે જયનાદો વચ્ચે વિસર્જન થઇ હતી.

## જુન્નેર જૈન કોન્ફરન્સ.

### સ્વાગતાધ્યક્ષને સંઘ તરફથી માનપત્ર.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તેરમા અધિવેશનની સ્વાગત સમિતિના પ્રમુખ શેઠ ચુનીલાલ સરૂપચંદ પારેખ રાજુરીવાળાને જુન્નેર સકલ સંઘ તરફથી માનપત્ર આપવાનો એક મેળાવડો ગત તા. ૧૫ મી ફેબ્રુઆરી ૧૯૩૦ ના રોજ શ્રી જૈન ધર્મશાળાના વિશાળ હોલમાં કરવામાં આવ્યો હતો, જે પ્રસંગે ગામના સર્વે જૈન ભાઇઓ તથા અન્ય પ્રતિષ્ઠિત સદ્દગૃહસ્થોએ હાજરી આપી હતી. શેઠ ચુનીલાલ રવચંદ કકુસકરની દરખાસ્તને શેઠ બાપુલાલ બાલુભાઇનો ટેકો મળતાં શેઠ છગનલાલ માનચંદને પ્રમુખસ્થાન આપવામાં આવ્યું હતું.

શરૂઆતમાં શેઠ મોતીચંદ હીરાચંદે કોન્ફરન્સના અધિવેશનની અસાધારણ ફતેહ સંબંધે વિવેચન કર્યું હતું. શેઠ ચુનીલાલની સેવાની યાદ આપી હતી. જુદા જુદા વક્તાઓ તરફથી પણ પ્રાસંગિક વીવેચનો થયા હતા. ત્યાર બાદ શેઠ ચુનીલાલ રવચંદ કકુસકરે જુન્નેર સંઘ તરફથી આપવામાં આવનાર માનપત્ર વાંચી સંભળાવ્યું હતું. અને તે માનપત્ર ચાંદીના કાસ્કેટમાં શેઠ ચુનીલાલ સ્વરૂપચંદ રાજુરીકરને એનાયત કરવામાં આવ્યું હતું.

રા. ચુનીલાલ રાજુરીકરે માનપત્રનાં જવાબમાં જુન્નેર સકળ સંઘનો આભાર માન્યો હતો અને પ્રાસંગીક વીવેચન કર્યું હતું.

બાદ હારતોરા આપ્યા બાદ સભા વિસર્જન થઇ હતી.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.


## જુન્નેર કોન્ફરન્સ.

### ઠરાવોની સમાલોચના.

પ્રાથમિક કેળવણી સંબંધીની સમાલોચના અમોએ ગયા અંકમાં કરી હતી. હવે ઠરાવમાં ઉચ્ચ કેળવણી આપવા અર્થે પાઠ્ય પુસ્તકો–સાહિત્ય ગ્રંથો વગેરે તૈયાર કરવા ભલામણ કરે છે, અને તે ઉપરાંત શિષ્ય વૃત્તિઓ તથા વિદ્યાર્થી–ભુવનો સ્થાપવાની ભલામણ કરે છે. આવી ભલામણો ઘણા વર્ષોથી કરવામાં આવે છે; જો કે સામા પક્ષ તરફના ચાલુ હલ્લાઓ છતાં કેટલીક સંસ્થાઓ વિદ્યાર્થીઓ માટે સ્થાપવામાં આવી છે અને તે મજબુત કરવાના પ્રયાસો તે તે સંસ્થાઓના કાર્યવાહકો તરફથી કરવામાં આવે છે. તેને માટે તેઓ ધન્યવાદને પાત્ર છે–સ્કોલરશીપ આપવાનું કાર્ય પણ જુદા જુદા મંડળો–સંસ્થાઓ તરફથી કરવામાં આવે છે. જે દિશામાં શ્રીયુત્ સારાભાઇ મોદીની લોન ફંડની યોજનાએ સારો ફાળો આપ્યો છે, કે જેનો યોગ્ય સંખ્યાના જૈન વિદ્યાર્થીઓ લાભ લે છે પરંતુ હજુ એવા ઘણા સ્થળો છે કે જ્યાં હજુ આટલી સગવડ પુરતી નથી. વિદ્યાલયો–ગુરૂકુળો તેમજ બાળાશ્રમો ઉપર આવતી અરજીઓની સંખ્યા અને તેમાંથી કેટલી અરજી પાસ થઇ શકી. તે સંખ્યા જો પ્રગટ કરવામાં આવે તો માલુમ પડે કે કેટલા વિદ્યાર્થીઓને જગ્યાના અભાવે નિરાશ થવું પડે છે. સમાજના મોટા ભાગની સ્થીતિ મુંબઇના ખર્ચો પોતાના પુત્રો માટે ઉપાડી શકે તેવી નથી. કેળવણી અર્થે જો કે આર્ટની લાઇનની સગવડ ઘણાખરા શહેરોમાં હોય પરંતુ તે લાઇનમાં અભ્યાસ કરી પાસ થયેલાની સંખ્યા ઘણી હોવાથી, તે લાઇનમાં અભ્યાસ કરનારને જીંદગીની જરૂરીઆત પુરતા પગાર આપનારી નોકરીઓ મળી શકતી નથી એટલે ઘણા વિદ્યાર્થીઓને આ લાઇન સિવાયની ઉંચી કેળવણીથી બેનસીબ રહેવું પડે છે, તેથી આવાં ખાતાંઓની સ્થળે સ્થળે સ્થાપના થવાની ઘણી જરૂર છે, તે હકીકત ઉપર કોન્ફરન્સે યોગ્ય રીતે સમાજનું ધ્યાન ખેંચ્યું છે. એજ્યુકેશન બોર્ડ આ વિષયમાં આંકડાઓ તથા વિગતો સાથે પ્રસંગોપાત સમાજનું ધ્યાન ખેંચશે તો વ્યવહારૂ અમલ થશે તેવો સંભવ છે.

હવે કેળવણીના એક બીજા વિભાગ ઉપર પણ સમાજનું લક્ષ ખેંચવું જરૂરનું ધારીએ છીએ. યુરોપ તથા અમેરિકા વિ. આગળ વધેલા દેશોમાં કેળવણી આપનારી સંસ્થાઓ સ્થાનિક સરકાર તરફથી તો સ્થપાયજ છે, પરંતુ સામાન્ય પ્રજાજન તરફથી પણ તેવાં ખાતાંઓ ખોલવામાં આવે છે અને લાખોની રકમો જુદા જુદા ગૃહસ્થો મળીને કેળવણી આદિ સંસ્થાઓમાં ખર્ચે છે, એટલે તે પ્રદેશોની વસ્તીનો મોટો ભાગ કેળવણી પ્રાપ્ત કરી શકે છે, તેમજ જુદી જુદી વિદ્યાઓમાં નિષ્ણાત બને છે અને તેથી તેઓ તે વિદ્યાનો લાભ લઇ જુદા જુદા ધંધામાં સફળતા મેળવે છે. આપણે ત્યાં પ્રજા તરફથી તેવી સંસ્થાઓ સ્થાપવામાં આવતી નથી. થોડીક અપવાદરૂપે સ્થપાઇ હશે તો તેના ફંડો પૂરતા નહિં હોય. મકાનો સારાં હશે પરંતુ નિભાવ માટે જોગવાઇ નહિં હોય. આવી સ્થિતિમાં બીજી કોમોની સાથે જૈન કોમ તરફથી પણ તેવાં ખાતાંઓ ખોલાયા ન હોય તે સ્વાભાવિક છે. પરંતુ હવે પ્રજાની સાથે મળીને જૈન કોમે આવી કેળવણીની સ્વતંત્ર સંસ્થાઓ ખોલવાની ખાસ આવશ્યકતા ઉભી થઇ છે.

## જુન્નેર કોન્ફરન્સ.

### રૂઢીચુસ્ત વર્ગ અને રા. 'મૌક્તિક.'

કોન્ફરન્સમાં અનેક સારી વાતો થઇ, નિર્જીવ ચાલતી સંસ્થા પુનઃ જીવનવાળી બની અને પ્રગતિના અનેક પ્રશ્નોને જનવિચારણામાં મૂકવા ઉપરાંત એણે બંધારણના સવાલને ખુબ અપનાવ્યો. બંધારણનો સવાલ અતિ મહત્વનો હતો અને તેપર અનેક વિચારકોએ દિવસો ગાળ્યા હતા અને ચર્ચા કરી હતી. તેપર ખુબ વિચારણા કરી એ સવાલને હાથ ધરી શકાયો, એ સર્વ આનંદવાર્તા થઇ તેમાં એક જમકડું પણ થઇ ગયું. જો કે એ મંડપ બહાર બની ગયું, છતાં એ અધિવેશનને અંગે હોઇ એનો ઉલ્લેખ કર્યા વગર આ મહાસભાની પર્યેષણા કે પર્યાલોચના પરિપૂર્ણ નજ ગણાય. જૈન કોમમાં અત્યારે જેમ પ્રગતિ કરવાની વિશાળ ભાવના જાગી છે, તેમ તેની સાથેજ એક રૂઢિચુસ્ત વર્ગ કોઇ પણ બાબતમાં આગળ પગલાં નજ ભરાય તેમજ જોવા ઉત્સુક થઇ રહ્યો છે. એને સમયધર્મની પરવા નથી, એને શાસ્ત્રના ફરમાનોની દરકાર નથી, એને દેશકાળના સૂત્રો જોવા નથી, એને વિધિનિષેધમાં એકાંત માર્ગના નિષેધની દરકાર નથી, એ તો જરા પણ આગળ વધવામાં શાસનવિરૂદ્ધતા દેખે છે અને સ્થિતિચુસ્તતામાં બેઠે છે. એ વર્ગ કોઇનો સમજાવ્યો સમજે તેમ નથી અને પ્રગતિને રોકવા નાહક ફાંફાં મારી પોતાની શક્તિ અને પોતાના સમયનો દુરૂપયોગ એક મહારાજની ઉશ્કેરણીએ કરી રહ્યો છે એ વર્ગના થોડા મનુષ્યો કેટલાક તરંગી સૈનિકોને લઇને જુન્નેર આવ્યા. ત્યાં કાયદેસર 'હક્ક' કોને કહેવાય તેના ખ્યાલ વગર, માત્ર મુંબઇમાં દિવસો સુધી થયેલી ઉશ્કેરણીને આધીન રહી વગર ટીકીટે મંડપમાં દાખલ થવા પ્રયત્ન કર્યો, તે પહેલાં પ્રમુખપણું ભાષણ રદ કરાવવા અથવા તેમાંથી તેમની દ્રષ્ટિએ વાંધા પડતા ફકરાઓ દૂર કરાવવા પ્રયત્ન કરી રહ્યા. પોતાની વિચારશક્તિને ઘરેણે મૂકી આવેલા એ ગેરકાયદેસર આગળ વધનારા મહાપુરૂષો મહારાજની દોરીએ ચાલ્યા, પણ લડત કેમ થાય તેનો માર્ગ બતાવનાર કોઇ ન હોવાથી આખી બાજી ખોઇ પાછા ગયા. પ્રમુખનું ભાષણ એ ગેડા કાઢવા જેવી ચીજ નથી, એના ઉપર કોઇનો અધિકાર ન હોઇ શકે કે, આવા અધિવેશનમાં વગર ટીકીટે જવાની માગણી પણ ન કરી શકાય, એટલું પણ ન સમજનાર આ નરનાયકોની ખરેખર વિચાર કરે તો ધડો મળે એવી સ્થિતિ થઇ છે. આ કામમાં લડાઇ કરવા જનારે પોતાના હથિયાર અને બળાબળનો વિચાર કરવો ઘટે છે. બહુમતિને માન આપતાં શીખવું પડે છે અને સીકંદરી હુકમો વ્યવસ્થિત સંસ્થામાં ચાલી શકતા નથી એટલું જાણવું પડે છે લડતની પદ્ધતિ ન સમજનાર પોતાનો મુદ્દો કેવી હાસ્યાસ્પદ રીતે ગુમાવી નાખે છે અને જગતને મુખ પણ બતાવતાં કેવું શરમાવું પડે છે એનું આખું નાટક જુન્નેરમાં ભજવાઇ ગયું; અને પછી અમને ભાતદાળ ખવરાવ્યા અને મેજીસ્ટ્રેટે ચાપાણી પાયા–આવી આવી વાતો કરવી પડે છે. આવા આક્ષેપ કરતાં પહેલાં પ્રત્યેક પ્રતિનિધિ સવારે શું જમ્યા હતા તે તો પૂછવું હતું! અને માજીસ્ટ્રેટે ચાપાણી ક્યાંથી આપ્યા? તે આપી શકે ખરા? જુન્નેર છોડી જવા હુકમ કર્યો કે સલાહ આપી? આવા

આવા હેવાલો 'ધર્મિવર્ગ' હોવાનો દાવો કરનાર છાપાપર મોકલે અને જનતાને હસવાનું કારણ આપે એમાં જરા પણ શાસનપ્રિયતા હોય તો ખરેખર આખી બાબત ફરી વિચારીજ જવાનો સમય આવી પહોંચ્યો છે. આ સમયમાં કોઇની ઉશ્કેરણીને તાબે થવું યોગ્ય નથી. જૈન શાસન કદિ નવયુગને ન ઓળખનાર ચલાવી શકે નહિ અને અધિકારીઓ કરવાના ઉપદેશને તાબે થવામાં અક્કલની કિંમત થાય છે એ વિચારવા જેવું નથી. નવયુગની નોબતો ગડગડી છે અને સત્તાનાં સિંહાસનો ડોલી ગયાં છે, તેવા વખતમાં ભાષણો અટકાવવા કે સંસ્થાને સુંથી નાખવી એ બને નહિ, છાજે નહિ, શોભે નહિ છતાં ભૂલ થઇ છે, તે ઉપર વળી તેલનું ટીપું શામાટે મૂકાય છે!! કાયદેસર લડત કેમ થાય? તેના પાઠો શીખવાની વાત તો બાજુ ઉપર રહી, પણ હજુ એકડા પણ ઘુંટતા આવડતા નથી, તેવા વર્ગને આ લડતમાં સ્થાન ન હોય. અત્યારે તો સમયધર્મના મોરચા મંડાયા છે અને પ્રચંડ ક્રાંતિ બારણે ઉભી છે. જ્ઞાનજાગૃતિના કાળમાં ગોટાળા નહિ ચાલે, ધમકીઓ નહિ નભે, ગર્જનાઓ નહિ કામ આવે, અહીં તો શૂરવીર સમજુ વ્યવસ્થિતોનું કાર્ય છે. આ છમકલાનાં સંચાલક, પ્રેરક અને અને ઉત્તેજક હજુ પણ વિચાર કરી પોતાનું સ્થાન સમજી બેસી રહે, બાકી બાવડાની કિંમત કરાવવી હોય તો મેદાને જંગ સર્વ માટે ખુલ્લુંજ છે. વ્યવસ્થિત અધિવેશન ઉપર આ છમકલાની જરાપણ અસર નથી થઇ અને એ છમકલાને પરિણામે એની, એના કાર્યવાહકોની અને એના ઉપર પ્રેમ પાથરનારની કિંમત વધી છે એમ લાગે છે. અહિંસાના અનુયાયીઓ અને ઉપદેશકો હિંસાનું સાચું સ્વરૂપ સમજશે એટલે આવા અટકચાળા સ્વતઃ શાંત થઇ લય પામી જશે. અંતે તો વ્યવસ્થાનો વિજયજ છે. ઉપરના છમકલાની અસર એ થઇ કે ગુણાનુરાગી અનેક બંધુઓ આડે રસ્તે દોરવાતા તે માર્ગ ઉપર આવી ગયા. એ રીતે એવા તોફાનના ઉત્પાદકો અને પ્રેરકોએ અધિવેશનપર આભારજ કર્યો ગણાય.

ધર્મિવર્ગનો અને સેક્રેટરીઓનો ખુલાસો સાથે સાથે રાખી વાંચવામાં આવે છે ત્યારે કહેવાતા 'ધર્મિ'ઓ માટે બહુ ગ્લાનિ થાય છે. એમના ઉતારા અને ખાવાની ચીજો માટેના વેષવચકા તો ખરેખર જુના જમાનાના જેરાઓને પણ શરમાવે તેવા છે અને પ્રમુખના ભાષણમાં ફેરફાર કરવાનો આગ્રહ 'બાલીશ' દેખાય છે. સેક્રેટરીઓની ઉદારતા, શાંતિ ફેલાવવાની ચીવટાઇ અને ગુંચવણ કાઢવાની પદ્ધતિ માટે માન ઉત્પન્ન થાય તેમ છે.

કોન્ફરન્સના કેટલાક ઠરાવો પર વિસ્તારથી વિચારણાની જરૂર છે; તેપર હવે પછી યથાવકાશ ચર્ચા કરવાની ભાવના રાખી અત્રે વિરમીએ. એક વાત આ પત્રિકાના બંધ કરતા કહી દેવાની છે. ધાર્યા કરતાં અધિવેશન ઘણું વધારે સરળ નીવડ્યું તેના કારણો પ્રમુખશ્રીની શાંતિ, મહારાષ્ટ્રિય બંધુઓની ધગશ, કાર્યવાહકોની હાજરી અને નવયુગની પ્રમાણિક લડત છતાં પતાવટની ચીવટ વિગેરે છે—એ ઉપરાંત બીજા નાનાં મોટાં અનેક કારણો, પ્રયત્નો અને પ્રેરણાઓથી આ અધિવેશન સફળ થયું છે અને જૈનશાસન હજુ જયવંતું વર્તે છે એનો અચૂક પુરાવો મળ્યો છે. શિવાજી મહારાજની જન્મભૂમિ જૈનજનતાના પ્રગતિના ઇતિહાસમાં એક સુંદર પ્રકરણ પુરી પાડતી હોઇ ચિરસ્મરણીય રહેશે.

[ શ્રી "જૈન ધર્મ પ્રકાશ"ના ફાગણ માસના અંકમાંથી ]

# એ પીત્તળનો રૂપીયો ?

મુંબઇ સમાચારનાં "જૈન ચર્ચા"ના લેખકને મોટા ભાગે મુંબઇની જૈન પ્રજા સારી રીતે ઓળખે છે. તેઓશ્રી તા૦ ૧૫-૩-૩૦ ના મુંબઇ સમાચારના અંકમાં, જૈન ચર્ચામાં એક જૈન ગ્રેજ્યુએટના અવસાનની નોંધ લેતા લખે છે કે—"આ ભાઇને જુન્નેર કોન્ફરન્સના દીક્ષાના ઠરાવના અંગે બહુ લાગી આવવાથી તેમના હૃદય ઉપર સખ્ત આઘાત થયો હતો અને તેથી તેમનું મરણ નીપજ્યું." તેમ તેઓ લખે છે. અમોને તેઓશ્રીના મરણ માટે બહુ ખેદ થાય છે, પરંતુ મૃત્યુ એ અનિવાર્ય છે અને જીવનો આયુ કર્મનો યોગ પુર્ણ થતા જીવ કર્માનુસાર ગતી કરે છે. કર્મના આ અટલ સિદ્ધાંતથી કોઇ મુક્ત નથી, આ વાત લેખક મહાશય ભુલી જાય છે.

મરનારની પછવાડે તેમના ગુણદોષનું વિવેચન કરવું એ અયોગ્ય કહેવાય; પણ જૈન ચર્ચાના લેખક મહાશયે આ મરણની નોંધ એવા પ્રકારે રજુ કરી છે, જેથી નીચેની નોંધ લેવાની ફરજ પડી છે. આજથી ઘણા વર્ષ પહેલા શ્રી શત્રુંજય તીર્થ પર વિપત્તિનાં વાદળ ઘેરાયાં હતાં અને શ્રી સંઘને યાત્રા ત્યાગ કરાવવાનો ઠરાવ કરવો પડ્યો હતો. આવા અતિ દુઃખદ પ્રસંગે આ ધર્મપ્રેમી ભાઇઓમાંના કોઇનાં હૃદયને આઘાત કેમ ન થયો? અને આ જુન્નેરના દીક્ષાના ઠરાવમાં આઘાત થઇ આવે છે. અને શ્રી જુન્નેરની કોન્ફરન્સે દીક્ષાના સંબંધે શું અયોગ્ય ઠરાવ કર્યો છે કે જેથી શાસનપ્રેમીઓના હૃદયનો હ્રાસ થાય. માતાપિતાની આજ્ઞા અને સ્થાનિક સંઘની રજા એ દીક્ષા લેનારની લાયકાતનું સુપ્રમાણપત્ર છે. તેથી તો દીક્ષા આપનાર ગુરૂ, દીક્ષા લેનાર શિષ્યના યોગ્યાયોગ્યતા વિષેની ચિંતાથી મુક્ત થાય છે. સો ટચનું સુવર્ણ છે એ ખાત્રી થયા પછી ફીકર શી? વહેવારમાં પણ ધંધારોજગારમાં માણસની જરૂરીઆતે સારા માણસની ભલામણવાળા માણસને પહેલું સ્થાન મળે છે, એટલે જુન્નેરમાં શ્રી કોન્ફરન્સે દીક્ષા સંબંધે કરેલો ઠરાવ આ દ્રષ્ટિએ પણ દીક્ષા આપનાર સદ્ગુરૂને તો સાનુકુળ થઇ પડે તેવો છે.

વળી જૈન ચર્ચાના લેખક મહાશય તેજ અંકમાં બીજી નોંધ લેતા લખે છે કે "વલ્લભવિજયજીના પાલણપુરના એક શુદ્ધ ભક્ત હમણાં લગ્ન કરવાના છે."

વલ્લભવિજયના એક ભક્ત! આમ વ્યંગમાં લખવાનો તેમનો શું હેતુ છે, તે વાંચનાર સારી રીતે સમજી શકે તેમ છે. હું એ લેખક મહાશયને પુછું છું કે આપણે બધા શ્રી મહાવીર પ્રભુના ભક્તો હોવા છતાં, ક્યા બધા સદ્ગુણથી ભરેલા છીએ? શું આપણે મહાવીરના ભક્ત હોવા છતાં રાત્રી ભોજન નથી કરતા? અસત્ય નથી બોલતા? બીડી, ચાહ આદી વ્યસનો નથી સેવતા? વીગેરે દોષોથી આપણે મુક્ત નથી, એમાં દેવ અને ગુરૂનો શો વાંક? જે જેવું કરશે તે તેને ભારી છે, તેમાં દેવ અને ગુરૂનું નામ જોડવાનું શું પ્રયોજન? પણ કહેવત છે કે મોર કળા કરવામાં કુશળ છે પણ પાછળ તેનો ગુહ્ય ભાગ ઉઘાડો પડી જાય છે, તેનું તેને ભાન હોતું નથી. આ લેખક મહાશયની પણ એજ સ્થીતિ છે. પ્રભુ! આવાઓને સદ્બુદ્ધિ આપે એજ.

લી૦ શિવલાલ લવજી શાહ.

## આવતો અંક વી. પી.

ચોક્કસ સંજોગોને અંગે આ અંક વી. પી. થઇ શક્યો નથી. હવે જે ગ્રાહકોની ના આવી નહીં હોય તેઓને આવતો અંક વી. પી થી રવાના કરવામાં આવશે. વાર્ષિક લવાજમ તથા પોષ્ટ ખર્ચના મળી રૂ. ૨-૩-૦ નું વી. પી. કરવામાં આવશે. વી. પી. આવે દરેક ગ્રાહકો છોડાવી લેશે, તેવી અમો આશા રાખીયે છીએ.

# આરોગ્ય પ્રદર્શન, જુન્નેર.

જૈન સેનેટરી એસોસીએશન તરફથી નીમાયેલ આરોગ્યતાનું જ્ઞાન ફેલાવવાની કમિટિએ જુન્નેર મુકામે આરોગ્યતાનું પ્રદર્શન ભરી ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને પ્રમુખસ્થાન આપી, આરોગ્યતાના વિષયમાં જૈન ક્ષેત્ર માટે સુખ શાંતિની કેટલી જરૂરીઆત છે તે સાબીત કરવા કોશિષ કરી હતી. આરોગ્યતાના વિષય વિષે એક મનનીય ભાષણ મી૦ મહેતાએ કર્યું હતું જેમાંથી કેટલાક ફકરાઓ અમો નીચે મુજબ ટાંકીએ છીએ.

"પોતાને મળેલી શકિત અને સ્વતંત્રતાથી સ્વચ્છંદી બનતો મનુષ્ય કુદરતની રચના અને નિયમોનું ઉલ્લંઘન કરવા લલચાય છે અને પોતાની બુદ્ધિ પર વિશ્વાસ રાખી અકુદરતી જીવનવ્યવહાર કરતાં અચકાતો નથી. પરંતુ કુદરતના નિયમો તો વિશ્વના સૌન્દ અને ચૈતન્ય માટે એક સરખાજ છે તો મનુષ્યને તેના દરેક અકુદરતી પગલા માટે સહેવું પડે છે અને તેથી તેની જીવનશકિત તેટલી ઓછી થાય છે.

* * *

માનવરૂપી યંત્ર એટલે અસ્થી અને સ્નાયુઓ, ચરબી અને પીંડો, રક્ત અને ત્વચા, એવા અનેક અનેરા તત્વોનું અજબ યુકિતથી કરાયેલ સંયોજન. તે યંત્રમાં ગોઠવાયેલા હૃદય કે ફેફસા, મગજ કે મુત્રપીંડ, હોજરી કે આંતરડા, હાથ કે પગ ઇત્યાદી નાના મોટા અનેક ચક્રોની શ્વાચોશ્વાસ કે રૂધીરાભિ ચરણ ક્રિયા, પાચન કે વિસર્જન ક્રિયા, સમજ કે ગતિ ક્રિયા, એટલીજ અદભુત અને અલૌકિક ક્રિયાઓ સતત ચાલી રહી છે કે જેનો વિચાર કરતાં કુદરતની રચના–શકિતના પ્રભાવમાં મનુષ્ય બુદ્ધિ મુગ્ધ થઇ જાય તો તેમાં નવાઇ નથી. વિશ્વભરના બધા સર્વોત્તમ તત્વો અને તેની શકિતઓને સાડાપાંચ ફીટ ઉંચા, દોઢેક ફીટ પહોળા અને એકાદ ફીટ જાડા એવા ગણ્યુ મણના માનવદેહમાં ગોઠવીને કુદરતે પોતાના હાથ ધોઇ નાંખ્યા છે.

* * *

આમ રાજકુમારની જે સત્તા અને શકિતવ.ળો પણ ભણેલા વિનાનો એટલે અજ્ઞાન એવો કુદરતનો રાજકુંવર સ્વચ્છંદી બન્યો. અજ્ઞાનમાં ફાંફાં મારતા જીવનનો સ્વભાવિક ક્રમ ચુકાય અને તેની શાંતિ અને સ્વસ્થતા નષ્ટ થાય ત્યાથી માનવી મુંઝાય. સ્વભાવિક સુખ નષ્ટ થતાં કૃત્રિમ વિલાસ મેળવવા મનુષ્ય પ્રયત્ન કરે, ક્ષણિક સુખ મળે, પરંતુ પરિણામ તો મરતા ઘોડાને ચાબુક મારી ચલાવવા જેવું થાય.

* * *

જૈન કોમના ૩૫ લાખ માણસોમાંથી સેંકડો કુટુંબને સામુદાયિક રાહત કાર્યોદ્વારા મદદ આપી શકાય તો તેટલા કટુંબનું કેટલું ખર્ચ બચે અને તે ઉપરાંત કેટલી જનસમૃદ્ધિ નાશ પામતી અટકે તેના આંકડાઓ કાઢવા બેસીએ તો મતી મુંઝાઇ જાય છે.

* * *

બોલેલું, કાર્યમાં વર્તનમાં ઉતારવાનો સમય આવી લાગ્યો છે. આવા અનેક ભાષણો કરવાથી વસ્તુસ્થીતિ સુધરવાની નથી. દરદીના બીછાના પાસે દર્દ શાથી થયું ? શું ઉપાય કરવો ? એવી ચર્ચા–માત્ર કરવાથી દરદીને આરામ થતો નથી પરંતુ દર્દની ચિકિત્સા કરી તેનું ઔષધ આપવાનું ચાલુ•કરવાથીજ આરામ થઇ શકે છે.

* * *

આવા સુંદર ભાષણ માટે ડા. મહેતાને ધન્યવાદ આપીએ છીએ. જૈન નીતિને મળતું આરોગ્યતાના તત્વો દર્શાવનારું અને એક બીજા સાથે ઓતપ્રોત કરેલા આ ભાષણના જેટલા વખાણ કરીએ તેટલા ઓછા છે જનતાને આવા ભાષણનો લાભ આપવા અને સેનેટરીકને લગતા જ્ઞાનનો ફેલાવો કરવાનો શ્રમ લેનાર કમિટિને પણ ધન્યવાદ ઇચ્છી જનતાને તેમાં રસ લેવા વિનંતી કરીએ છીએ.

# શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

ગતાંકમાં અમો પેટા કમિટિઓની ચુંટણી સંબંધી હકીકત આપી છે. તે પેટા કમિટિઓ માટે ચુંટાયેલા સભ્યોના નામો આ નીચે આપ્યા છે.

**સુકૃત ભંડાર ફંડ કમિટીના નામો.**

| | |
|---|---|
| શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલ. | શેઠ ગુલાબચંદ છગાજી. |
| ,, મણીલાલ મોતીલાલ મુલજી | ,, ચુનીલાલ વીરચંદ. |
| ,, રતનચંદ ખીમચંદ. | ,, અમીચંદ ખેમચંદ. |
| ,, નાનજી લધાભાઇ. | ,, નગીનદાસ કરમચંદ. |
| ,, લાલજી ભારમલ. | ,, જીવાભાઇ પ્રતાપશી. |
| ,, મેઘજી સોજપાલ. | ,, સાકરચંદ માણેકચંદ. |
| ,, દેવજી ઠેકરશી મુલજી. | ,, કાલીદાસ સાકરચંદ. |
| ,, ગોવિંદજી ખુશાલભાઇ. | ,, કાનજી ઉદેસીંગ. |
| ,, વીરચંદ પાનાચંદ શાહ. | ડૉ. મુનશી હીરજી મૈશેરી. |
| ,, જમનાદાસ અમરચંદ. | પંડિત લાલન. |
| ,, મણીલાલ મોહોકમચંદ. | શેઠ ગલાલચંદ શિવજી. |
| ,, ચીમનલાલ સીરચંદ. | ,, કાનજી કરમશી માસ્તર. |
| ,, અમૃતલાલ કાલીદાસ. | ,, મગનલાલ મુલચંદ શાહ. |
| ,, મોહનલાલ હેમચંદ ઝવેરી. | ,, વલ્લભદાસ ફુલચંદ. |
| ,, મુલચંદ સાજમલજી. | ,, વીરચંદ કૃષ્ણાજી |

તથા રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

**કાર્યવાહક સમિતિના પેટા કાનુનો ઘડનારી કમિટી.**

રા. મકનજી જે. મ્હેતા.
,, ચિનુભાઇ લાલભાઇ.
,, પરમાણંદ કુંવરજી.
,, નાનજી લધાભાઇ.
,, ઉમેદચંદ ડી. બરોડીઆ (સેક્રેટરી.)

**જૈન યુગ અને પ્રકાશન કાર્ય સમિતિ.**

રા. મોહનલાલ દલીચંદ દેશાઇ.
,, મોતીચંદ ગિ. કાપડીઆ.
,, ઓધવજી ધનજી શાહ.
,, જમનાદાસ અમરચંદ.
,, પરમાણંદ કુંવરજી

તથા રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

## :: લવાજમ ::

વાર્ષિક (ટ. ખ સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ મધે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૩ મો. | સંવત ૧૯૮૬ ના ફાગણ વદી૧૦. તા૦ ૨૪-૩-૩૦ | છુટક નકલ: ०॥ આનો.

## નોંધ અને ચર્ચા.

ચાલુ માસની બારમી તારીખે મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહ યુદ્ધનો આરંભ કર્યો છે અને મીઠાનો કાયદો જલાલપુર ખાતે તોડવાના આશયથી ૭૨ કસાયેલા સ્વયંસેવકોને સાથે લઇને અમદાવાદથી કુચ કરી છે અને ધારેલું ધ્યેય સિદ્ધ કર્યાં સિવાય સત્યાગ્રહ આશ્રમમાં પાછા નહિ ફરવાની પ્રતિજ્ઞા લીધી છે. આખા દેશમાં આજે નવા ઉત્સાહની ભરતિ શરૂ થઇ છે અને સ્થળે સ્થળે સ્વયંસેવકોનાં નામ નોંધાવા માંડયા છે. મહાત્મા ગાંધીજીની ટુકડીમાં ત્રણ જૈન બંધુઓ છે. ૧ શ્રી વાલજી ગોવિંદજી દેસાઇ, ૨ શ્રી રમણીકલાલ મોદી, ૩ શ્રી પન્નાલાલ ઝવેરી. આ ત્રણે બંધુઓને અમારા અન્તરનાં અભિનન્દન છે અને નવા વિગ્રહમાં તેઓ ખૂબ યશસ્વી પરાક્રમો કરી પોતાની જાતને, કુટુંબને તેમજ કોમને ઉજ્વળ કરે એવી અમારી શુભેચ્છા છે. આ પ્રસંગે જૈન સમુદાયને બને તેટલો ફાળો આપવા અમારી નમ્ર પ્રાર્થના છે. સરકારી કાયદાઓનો સવિનય ભંગ કરવા માટે જૈન સમાજ સંખ્યાબંધ સ્વયંસેવકો પુરા પાડે તેમજ દ્રવ્યની બને તેટલી મદદ કરે એમ અમે આગ્રહપૂર્વક ઇચ્છીએ છીએ. આખા દેશ તેમજ ધર્મને ઉદ્ધારનારો આ અપૂર્વ વિગ્રહ મંડાયો છે, તેમાં જેટલું સમર્પણ કરે તેટલું ઓછું છે. પોતે પ્રથમ હિંદી છે અને પછી જૈન છે એ સત્ય દરેક જૈન અંતરમાં બરોબર ઉતારશે અને અન્ય દેશબંધુઓની હરિફાઇમાં કોઇ રીતે બનતું બલિદાન આપવામાં પાછો નહિ પડે એવી આશા છે.

* * *

ગઇ તા. ૯-૩-૩૦ના રોજ પ્રોફેસર રાવે મુંબઇમાં જે નેશનલ ફીઝીકલ કલ્ચર ઇન્સ્ટીટયુટ કાઢયું તેમાં કેળવાતા વિદ્યાર્થીઓની કસરતોના પ્રયોગોનો મુંબઇ રોયલ ઓપેરા હાઉસમાં જાહેર જલસો કર્યો હતો તે પ્રસંગે શ્રી. હીરાલાલ અમૃતલાલ શાહની પુત્રી બહેન લીલાવતીએ પોતાના શરીર ઉપરથી બેબી ઓસ્ટીન મોટર ગાડી પસાર કરાવી હતી. આ ગાડીમાં પાંચ પેસેન્જરો બેઠા હતા. બહેન લીલાવતીની ઉમ્મર ચૌદ વર્ષની છે અને તેણે કસરતની સારી તાલીમ લઇને પોતાના શરીરને સારી રીતે કેળવ્યું છે. ઉપર જણાવેલ અસાધારણ પરાક્રમ માટે બહેન લીલાવતીને ખૂબ ધન્યવાદ ઘટે છે. આ બનાવની ખાસ નોંધ એટલા માટે લેવામાં આવે છે કે આપણો આખો સ્ત્રીસમાજ શરીરે ખૂબ નબળો જોવામાં આવે છે. કન્યાઓ અને કસરત એ તો જાણે કે પરસ્પર વિરોધી હોય તેમ કન્યાઓને તો હંમેશાં શારીરિક કસરતથી દૂર રાખવામાં આવે છે. ઘણું ખરૂં આપણી કન્યાઓ તેર ચૌદ વર્ષે નિશાળે ભણવું છોડે છે, અને સાસરે જેમ બને તેમ જલ્દિથી સીધાવવાનાં સ્વપ્નાં સેવે છે. એટલે કે કન્યાઓનાં શારીરિક વિકાસની તો કોઇ ચિન્તા ધરતુંજ નથી. આવી પરિસ્થિતિમાં ઉપરનો બનાવ અભિનન્દનીય ગણાવો જોઇએ. માબાપોનાં ચિત્તમાં કન્યાઓની શરીર ખીલવણીની સાચી ચિન્તા ઉગવી જોઇએ અને ઉગતી ઉમ્મરની બહેનોને બહેન લીલાવતીના દ્રષ્ટાન્તથી પોતપોતાનાં શરીરો વિકસાવવા માટે ખુબ પ્રોત્સાહન મળવું જોઇએ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે

## જૈનોની જાહેર સભા.

સ્થળ :—હવે પછી નક્કી થયે જણાવવામાં આવશે.

સમય :—ગુરૂવાર તા. ૨૭-૩-૩૦ રાત્રીના (સ્ટાં. ટા.) ૮ વાગે.

વિષય :—આપણો સમયધર્મ.

વકતા :—આચાર્ય કૃપલાની.

સભાનું પ્રમુખસ્થાન શેઠ જમનાલાલ બજાજે મહેરબાનીની રાહે સ્વીકાર્યું છે.

સર્વે ભાઇ બહેનોને પધારવા વિનંતી છે.

બહેનો માટે અલાયદી ગોઠવણ કરવામાં આવી છે.

લી૦ મંત્રીઓ.

## ઉત્સાહી જૈન યુવકનું અવસાન.

ભાવનગર જૈન યુવક મંડળના સ્થાપક, જૈન નાઇટ કલાસના કાર્યવાહક, સરળ, સ્વભાવી ને સાદું જીવન ગાળનાર ભાઇશ્રી નરોતમદાસ સાકરચંદ વોરાના અકાળ મૃત્યુ માટે અમોને અપાર શોક થાય છે. પરમાત્મા તેમના આત્માને શાન્તિ અર્પે તેવી પ્રાર્થના છે.

તેમને માટે ભાવનગર જૈન યુવક મંડળે તા. ૧૬-૩-૩૦ ને રોજ દીલગીરી પ્રદર્શિત કરનારો ઠરાવ પસાર કર્યો છે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

પક્ષપાતો न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# જુન્નેર કૉન્ફરન્સ.

## ઠરાવોની સમાલોચના.

આ સમાલોચના આગળ ચલાવતા પહેલા કેટલીક હકીકતોનો ખુલાસો કરવો જરૂરી છે. જૈન સમાજે આ ઠરાવોને અંગે શું શું કરવાનું છે, યુવકોએ આ ઠરાવોના અમલને અંગે શું ભાગ ભજવવાનો છે, તે વિષે કાંઇક માર્ગદર્શક સુચનાઓ કરવા માટે આ સમાલોચના વિસ્તારથી કરવામાં આવે છે. સમાજની–દેશની સેવા અનેક રીતે થઇ શકે છે. અમુકજ પ્રકારનું વર્તન કરનારજ અમુક પ્રકારની સેવા કરી શકે ને બીજા સેવા કરી નજ શકે તેવી માન્યતાઓ ભુલભરેલી છે. હકીકતો ને દૃષ્ટાંતો તે બાબતમાં ઘણા આપી શકાય તેમ છે. વધારે સારી, વધારે ઉમદા વાત બની શકે તો કરવા કોઇ ના પાડતું નથી, પણ કોઇ થોડું સારું કરવા શક્તિવાન હોય તે કરે તો તેની સામે આંખમીંચામણા કરવા તે ઠીક નથી. દરેક વસ્તુ પોતપોતાને સ્થાને જરૂરની છે. ચાલુ સંસ્થાઓને ભાંગી નાંખવી કે મુડદાં તુલ્ય બનાવવાથી દેશનું ભલું થતું હોય તેમ અમે માની શકતા નથી. પ્રથમ સંસ્થાને જાળવવા પુરતા પ્રયાસો કરવા ઉપરાંત બાકી બીજી શક્તિઓ સમગ્ર દેશના હિતને માટે શરૂ થયેલી લડતમાં વાપરવી જોઇએ અને તે મુજબ જૈન યુવકોને તૈયાર કરવા માટે પ્રયાસો કરવા જોઇએ. આશ્રમો ઉપરાંત કેળવવાની સંસ્થાઓ આ કામ સારું કરી શકશે. હવે ઠરાવો ઉપર આવીએ. કેળવણી પછી હાજી બીલને ટેકો આપવા સંબંધીનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. હાજી બીલનો હેતુ હિંદના કિનારા ઉપર જે સ્ટીમરો માલ લઇ જવા આવવામાં રોકાય તે સ્ટીમરો હિંદી માલેકીની હોવી જોઇએ, પરદેશી કંપનીઓની માલેકીની ન હોવી જોઇએ, જેથી કરીને હિંદી વહાણવટાનો ઉદ્યોગ સારી રીતે ખીલી શકે ને તે રીતે પરદેશ જતું ધન દેશમાં રહેવાથી દેશની ગરીબી દુર થવામાં થોડી ઘણી મદદરૂપ નીવડે. બસો વરસ પહેલાંજ આ હકીકતને અંગે બહુજ સારી પરિસ્થિતિ હતી; તેને બદલે અત્યારે ઘણી કંગાળ સ્થિતિ છે. બીજા દેશોમાં ત્યાંની સરકારોજ આ ઉદ્યોગની ખીલવણી માટે પ્રયાસો કરે છે. આપણે ત્યાં પ્રજાકીય સભાસદોને ખાનગી દરખાસ્તો બીલ રૂપે લાવવી પડે છે. તથા વર્ષોથી બીલ પસાર થવા દેવામાં જુદા જુદા સ્વાર્થો તરફથી અડચણો મુકવામાં આવે છે. પ્રજા તરફથી સારા પ્રમાણમાં ટેકો આપવામાં આવ્યો છે, તે પ્રમાણે જૈન કોમ તરફથી પણ ટેકો આપવો જોઇએ. કૉન્ફરન્સની બેઠક મળી નહોતી ને આગળની સ્ટેન્ડીંગ કમિટિ આવા વિષયમાં વિચાર કરવા કે ઠરાવ કરવા તે તેના કાર્ય સીમાની બહારનું ગણતી હતી. જૈન કોમ વ્યાપારી કોમ છે. આ સવાલ વ્યાપારને લગતો છે. હિંદુસ્તાનના જુદા જુદા વિભાગોમાં અરસપરસ મોકલાતા માલનો ચોકકસ ભાગ જૈન કોમ મારફત જતો હશે, એટલે જૈન કોમે આ બાબતમાં દેશબંધુના હકો સ્થાપિત કરવામાં પ્રયાસ કરવાથી દેશને તથા કોમ બન્નેને લાભ થવા સંભવ છે. લડાઇના સમય પછી જર્મની, ઇટાલી ને યુનાઇટેડ સ્ટેટસે આ બાબતમાં જે દ્રવ્યનો વ્યય કર્યો છે તેના આંકડા તપાસીએ છીએ તો માલુમ પડે છે કે, હિંદ આ બાબતમાં ઘણું પાછળ છે. હજુ બીજા દેશો વધારે ને વધારે આપણો માલ પોતાના વહાણોમાં લઇ જઇ શકાય તેવી રીતના પ્રયાસો કરે છે. જૈન કોમ પાસે પુષ્કળ નાણું છે. સાર્વજનિક ખાતાઓનાં નાણાની ઘણી રકમો છે, તે રકમો આવા ઉદ્યોગોમાં રોકવામાં આવે અને રકમોની સલામતી તથા વ્યાજને અંગે યોગ્ય સાવચેતીવાળા બંધનો નકી કરવામાં આવે તો દેશને તથા કોમને ઘણો લાભ થવા સંભવ છે. ઘણી આપણી દેશી શીપીંગ કંપનીઓ હરીફાઇને લીધે પાયમાલ થઇ છે. કેટલીક શીપીંગ કંપનીઓ નાણાના સંકોચને લઇને હરીફાઇમાં ટકી શકવા માટે જોઇતી સ્ટીમરો ન હોવાને લીધે ઘણું ઓછું કામકાજ મેળવી શકે છે. આ સવાલજ એવો છે કે જેમાં સાધનો પુરતાં ન હોય તો શીપીંગ કંપની કોઇ પણ રીતે ફાવી શકેજ નહિ. અન્ય દેશોની પ્રજા પણ જાતે આ બાબતને અંગે ઘણો પ્રયાસ કરે છે, કોઇ કોઇ વાર બહિષ્કારનું શસ્ત્ર પણ અજમાવે છે. આપણી પ્રજાનો–વેપારીનો એવો સંપ હોય તો તે શસ્ત્રનો ઉપયોગ આપણે પણ કરી શકીએ. પરદેશી કંપનીઓ, આપણા વ્યાપારીઓ પોતાના તાબામાં કાયમ રહે, તેવી અનેક યુક્તિઓ વાપરે છે. નુરમાંથી રીબેટ આપવામાં આવે છે તે રીબેટને માટે તેવો નિયમ છે કે આખા વર્ષ દરમ્યાન જે માલ મંગાવ્યો હોય તેના નુરને અંગે જે વળતરના પૈસા એકઠા થયા હોય તે પૈસા બીજી સાલમાં તે કંપનીની સ્ટીમરમાં માલ મંગાવવાનું ચાલુ રાખે તેનેજ મળે છે. આ રકમો કાંઇ નાની હોતી નથી એટલે વ્યાપારી તે છોડી શકતા નથી. ડીફર્ડ રીબેટ, સીસ્ટમ બંધ કરવામાં આવે તેવો કાયદો થવાની જરૂર છે. આ બધી હકીકતોને અંગે સતત ચળવળ ચલાવવાની જરૂર છે. આ સવાલનું નિરાકરણ દેશનાં હિતને માટે કેટલું જરૂરનું છે, તે એટલા ઉપરથી ખાત્રી થશે કે મહાત્મા ગાંધીજીએ ના. વાયસરોય પાસે જે ૧૧ માંગણીઓ તાત્કાળિક નિકાલ માટે રજુ કરી હતી, તેમાં આ શીપીંગની હકીકત પણ હતી. અમને આશા છે કે ઠરાવ કરવાથીજ આ સંબંધની ફરજ પૂરી થયેલી માનવાની ભુલ કોઇ કરશે નહિ ને સ્ટેન્ડીંગ કમિટિ આ બાબતને અંગે યોગ્ય ચળવળ ચાલુ રાખવા માટે પગલાં ભરશે.

## રાષ્ટ્રની હાકલ.

મહાત્મા ગાંધીજીએ સવિનય ભંગ માટે પ્રયાણ કરી ભારતવાસીઓને રાષ્ટ્ર ધર્મ અદા કરવા માટે હાકલ પાડી છે. હિંદના ઇતિહાસમાં એમનું કાર્ય નવિન દિશા સુચવે છે અને એમાં યુવકોનો-આવેગભર્યાં યુવાન હ્રદયોનો ફાળો વધુ પ્રમાણમાં રહેવા સંભવ છે. આપણે જૈન યુવકો શું કરી શકીએ એ આ હાકલ વિચારી સત્વર અમલ કરતા થઇ જવાનું છે.

જ્યારે દેશભરમાં આ મહાન સંતની હીલચાલે સંપ્રદાયાતીત અંતરોના સ્નેહ છતી લઇ, હજારોની સંખ્યામાં સ્વયંસેવકો મેળવવા માંડ્યા છે અને એમાં હિંદુ શું કે મુસલમાન શું-અગર તો પારસી-જૈન અને ખ્રિસ્તી એ બધી કોમે સાથ આપી કાર્ય વધાવી લીધું છે, ત્યારે સાંભળવા મુજબ લાલબાગમાં મુનિ રામવિજય એ "હીલચાલને ધર્મ વિરૂદ્ધની જાહેર કરે છે અને ગાંધીજી જેવા સંત પુરૂષ સામે વૃથા કાદવ ઉરાડે છે, એવીજ રીતે ખંભાતમાં સાગરજી ખાદી પહેરવામાં પાપ દર્શાવે છે, યુવકોને નાસ્તિકો કહે છે અને ન્યાયવિજયજી જેવા સમર્થ સાધુને ગાંધીજી અને યુવકોના દલાલ ઠરાવે છે."

વાત વાતમાં 'આગમ વિરૂદ્ધ અમારાથી કંઇ પણ ન કહેવાય'ની વાતો કરનારા આ આગમવાદીઓ, કયા આગમના આધારે દેશની આ ચળવળપર પોતાનો અભિપ્રાય દર્શાવી રહ્યા છે તે નથી સમજી શકાતું?

આમ તેવા શબ્દો વાપરી હલકાઇ દેખાડવી કે માત્ર ભોળા ભક્તોને ધર્મના નામે ગમે તેમ સમજાવવું એમાંજ પોતાકી પ્રવિણતા માની રહ્યા છે! આત્મકલ્યાણ અને મોક્ષની મોટી મોટી વાતો કરનારા આ ગુરૂઆવાઓને ગાંધીજીની કાર્યવાહીનો અભ્યાસ કરવા વિનંતી છે. એ સાથે એટલો ટોણો પણ છે કે એમના જેવું કરી બતાવવાની વાત સરખી ઉચ્ચારી હોત તો શ્રી શત્રુંજય કેસમાં અપૂર્વ વિજય પ્રાપ્ત થાત. હવે એટલીજ વિનંતી છે કે આપ સાહેબો કોઇ શુભ પ્રવૃત્તિ મીઠી આંખે જોઇ શકતા ન હોતો મુકપણે તમારૂં નાવ હંકાર્યે રાખો પણ વૃથા બકવાદ કરી હાસીપાત્ર નજ બનો. ઇતર સમાજમાં જૈન કોમ માટે ખોટી છાપ ન પાડો.

જૈન યુવક! પ્રસંગવશાત્ કહેવાઇ ગયેલી આ વાતમાં ત્હારે મુંઝાવાનું નથી. ત્હારી સમક્ષ કાર્યદીક્ષા ઉઘાડી પડી છે. જલ્દી પ્રમાદ નિદ્રા ત્યાગી કામ કરવા મંડી જવાનું છે. રાષ્ટ્રધર્મ બજાવતાં સમાજ અને સ્વધર્મની સેવા આપોઆપ થતી રહેવાની છે, બાકી ભોગ તો આપવાજ પડવાના. સ્વશક્તિ ફોરવી એમાં ઝુકાવેજ છુટકો. ખુરશીપર બેસી ચર્ચા કરવાનો કે કમાડપર ઠરાવ કરી પ્રચાર કે સુધારણા કરવાનો સમય વહી ગયો છે.

ગાંધીજી જેવા જેલ જાય અને આપણે હજુ ખાદી પરિધાન પણ ન કરી શકીએ એ ઓછી શરમની વાત નથી! પ્રત્યેક યુવકે શુધ્ધ ખાદી પહેરવાના વ્રત લેવાજ જોઇએ. વળી મોટા શહેરોમાં તાકીદે યુવક સંઘો ઉભા કરી દેશભરમાં ચાલી રહેલ આ હીલચાલને વધાવી લઇ ખાસ કરીને જૈન જનતામાં એનો વિસ્તૃત ફેલાવો કરવો જોઇએ. એ સાથે રાષ્ટ્ર નાયકોના આપણે મોટી તકો ભોગવતી આપણી સમાજમાં પુનઃ વીરતાના પુર આણવા ઘટે. સંખ્યાબંધ યુવકો આ યજ્ઞમાં આહુતિ આપવા બહાર આવે, એવું વાતાવરણ પેદા કરવાના દરેક ઇલાજો હાથ ધરવા જોઇએ.

આ કાર્યના આરંભ સાથે દેશભરમાં ચાલી રહેલ પરિસ્થિતિથી જનતાને જાણકાર રાખવામાં જાગતે રહેવાનું છે. વિલાયતી કાપડના પહેરવેશનું એક ચીંથરૂં સરખું યુવક સંઘના સભ્યના શરીર પર ન હોવું ઘટે. જે યુવક દેશની હાકલને માન આપી એટલું પણ નથી ત્યજી શકતો તે યુવક તરીકે શી સેવા બજાવી શકવાનો છે? પરદેશી વસ્ત્ર પરિધાન કરનાર સભ્યો ગુમાવવા પડે તો એ ગુમાવીને પણ રાષ્ટ્રની આજ્ઞાને માન આપવું જોઇએ. આજે આપણે મધુકાન્ત-મોદી કંપનીના જુના ને જુનનર સગપીના ખોટા લેખો સામે કલમ પકડવાની ન હોય. એમનો તો એ વ્યવસાય છે અને બિંદુ હોય તો સમુદ્ર કલ્પવો એ તો શાસનપ્રેમી બંધુઓનો ઇજારો રહ્યો, એટલે સત્યતા પુરવાર કરવાના યત્નો, એ મહાશયોની સાથે કરવા જવા એ ધુમાડાના બાચકા ભરવા જેવું છે. એમને નવગજના નમસ્કાર કરી રાષ્ટ્રધર્મને સમજી, શક્તિ અનુસાર કોન્ફરન્સના બીજા ઠરાવોનો અમલ કેમ થાય એ સારૂં કાર્યક્રમ ઘડી એમાં લાગી જવું એજ યુવકોનો ધર્મ.

——— લે. રા. 'કુસુમ.'

## સંતનું પ્રયાણ કે બોધપાઠ?

સાબરમતીના સંત મહાત્મા ગાંધીજીએ સ્વદેશમુક્તિના અહિંસક યજ્ઞમાં કપાળે સ્વતંત્રતા મેળવવા કે એ અર્થે હોમાઇ જવા પાયદળ કુચ શરૂ કરી; એ વાતથી ભાગ્યેજ કોઇ યુવક અજાણ્યુ હોય! એક દ્રષ્ટિએ જોતાં તેમનો આખો કાર્યક્રમ, આપણા જેવા ખોટી નાજુકાઇમાં ઉછરેલા અને વાત વાતમાં ફેશનના ભૂતથી ભ્રમિત થયેલાને અતિ અસરકારક બોધપાઠ પુરો પાડે છે. એ કાર્યક્રમે માત્ર ગુજરાતનેજ નહિ પણ સારા ભારતવર્ષને ચાનક લગાડી છે, પગે ચાલીને યાત્રા કરવાનું કે 'છરી' પાળતા જવાનું પ્રાચીન સંસ્કૃતિનું રહસ્ય કેવું ફળદાયક છે તેનું આ પરથી ભાન થાય છે. જો કે આજે એવા સંઘોમાં ઘણી જાતની તરખડો વધી પડી છે અને મુળ વાતપર કેટલાયે પડ વળી ગયા છે છતાં મહાત્માજીની કાર્યવાહી પરથી સનાતન સત્ય સહજ સમજાય તેમ છે. રાષ્ટ્ર મુક્તિ માટેની આ કુચ, ચાર દિવાલોની અંદર બેસી પ્રતિદિન સંયમમુક્તિ અને આત્માની વાતો ઉકેલનારાને ધડો આપે તેવી છે.

શાનપૂર્વક સ્નેહીઓની વિદાય લઇ સીધાવતા સૈનિકોના ચહેરાપર રમતું આત્મતેજ, નાસી-છુપાઇને આવતાને બાલ્ય દશામાં રમતા દીક્ષિતો કરતાં કેટલું પ્રબળ છે. તે તરતજ પરખાઇ જાય છે. આત્માની લાંબી લાંબી વાતો કરવી તે એક જુદી વસ્તુ છે અને આત્માને નગ્ન સ્વરૂપે ઓળખી સમય આવે ત્યારે જનતાની નજરે એની શક્તિનું ભાન કરાવી બતાવવું એ એક જુદી વસ્તુ છે. આપણા વડેરાઓ, સંતના પ્રયાણથી એ વાત સમજે કે ન સમજે, છતાં પ્રત્યેક યુવકની હવે તો ફરજ થઇ-ચુકી છે કે ગાંધીજીના પગલે મોઢું વહેલું ચાલ્યા વગર તે આત્મ સાક્ષાત્કાર નથી કરી શકવાનો. જેના ટાંટીયા સામાન્ય કોટિના સંકટો જોતાં ધ્રુજે છે તે આત્મ કલ્યાણની સાધનામાં કેવી રીતે અડગ રહી શકશે? માટે વીર સમ ધીર બનવાની તાલીમ આજથી તે લેતો થઇ જાય. યુવાન બંધુ સાચો મહાવીર થવા ઇચ્છતો હો તો કસોટીનાં આ પ્રથમ પગથીએ સહર્ષથી ઝુકાવ. મન પાછું પડતું હોય તો ઉતાવળ ન કર, શાંઠ વાળ કે આજથી ખાદી સિવાય કંઇ પહેરવું નહિં અને સત્યનો સાથ આપવામાં રંજ માત્ર મુકવું નહિં.

અહિંસા પર મંડાયેલા આ સમરાંગણમાં જૈન યુવકને વધુ વિચારવાનું હોયજ નહિ. પ્રાપ્ત થયેલ આ પરીક્ષામાં અણીશુદ્ધ ઉતીર્ણ થનાર સારૂ મુક્તિ દૂર નથીજ. લે. 'ચોકસી.'

## :: લવાજમ ::

| | |
|---|---|
| વાર્ષિક (ટ. ખ. સાથે) | રૂા. ૨-૦-૦ |
| સંઘના (સ્થાનિક) સભ્યો માટે | રૂા. ૧-૦-૦ |

# આઝાદીને માર્ગે યુવક વર્ગ.

આજે દુનિયાભરમાં યુવક વર્ગે આત્મભોગ પર નિર્ભર રહી; બંધનોમાંથી મુક્ત થવા સફળતાપૂર્વક પોતાની પ્રવૃત્તિ શરૂ કરી છે. ભારતવર્ષનો યુવક વર્ગ પણ હિન્દની બેડીઓ ફેંકી દેવા અધીરો બન્યો છે. હિન્દની સ્વાતંત્ર્યની લડત અહિંસાના પાયા પર નિર્ભર કરી. પોતાના સર્વસ્વનો ભોગ આપીને લડાઇ જીતવાનો અદ્વિતીય દાખલો બેસાડવા કુચ મંડાઇ ચુકી છે. સાથોસાથ દરેક સમાજ તેમજ કોમના યુવક વર્ગે, અનેક યાતનાઓ સહન કરી, ધર્મને નામે ચાલતા પાખંડોને ખુલ્લા પાડવા મોરચા માંડયા છે અને સત્યના માર્ગે જનતાને દોરવા ત્વરીત ગતિએ પ્રયાણ શરૂ કર્યું છે.

એક સમયે જૈન સમાજમાં યતિવર્ગ સારો મોભો ધરાવતો હતો. તેઓ મહાવ્રતો શુદ્ધ રીતે પાળવામાં અશક્ત નિવડયા, એટલે કેવળ વેશ ખાતર સમાજમાં તેમનું પૂજ્યસ્થાન નષ્ટ થયું. તેમની સામે બળવો જાગ્યો, અને સંવેગી સાધુવર્ગ જ્ઞાન અને ચારિત્ર્યના આધારે પૂજ્ય તરીકે મનાયો. આજે તેમાંના કેટલાએકોએ બહાર પાપ સ્થાનક વિરમણ વ્રતોને અને પંચમહાવ્રતોને પણ અભરાઇએ ચઢાવી દીધા છે. તેમની શિષ્ય લાલસા–પરિવાર લાલસા એટલી હદે ગઇ છે કે તે માટે કોઇ પણ જાતનાં કાવત્રાં, અનીતિ, ગુન્હાઓને પણ ધર્મ તરીકે મનાવવા અચકાતા નથી. આવી બાબતમાં કોઇ વિચારશીલ યુવક વિનયપૂર્વક યોગ્ય સલાહ આપે છે તો સૂરિશ્વર સત્તાધારી પણ ગભરાટમાં ધમપછાડા કરતા નજરે પડે છે. તેઓ પોતાની લાલસા ટકાવવા ભોળા લોકોને ઉંધા પાટા બાંધવા અનેક પ્રપંચો ખેલે છે અને છેવટે આવા વ્યાજબી પ્રયત્ન કરનારને હેરાન કરવામાં ખામી રાખતા નથી, તે માટે મારામારી કરાવાય, ચોરી છુપીથી મનુષ્ય હરણ થાય, અનેક જુઠાણાં ચલાવાય, અને તે પોષવા ફંડો થાય, અને મુનિ તેનો ઉપયોગ ભાડુતી માણસો દ્વારા કરી શકે. આટલાથી જાણે કે પુરતું ન હોય તેમ શ્રી. આનંદસાગરજી તો નવદીક્ષિત સાધુને સાધ્વીનાં કપડાં પહેરાવી, તેમની સાથે રાખવામાં પણ ધર્મ મનાવવા પડકાર આપી મેદાને પડયા. ધર્મને નામે પાખંડ વેશની નીચે શિષ્ય લાલસા–સંસાર લાલસા અને મહાવ્રતોનો છડેચોક ભંગ ચલાવવાના પડદા આજે યુવકપ્રવૃત્તિએ ખોલી નાંખ્યા છે. યુવાનોએ સાધુસમુદાયને સંભળાવી દીધું છે કે વિરોધીઓની પરંપરા નામને લગાડવા ખાતર શબ્દકોષ ફેરવાય અને પોતાની પત્થરની મૂર્તિઓ ઘડાવી તિર્થંકર પૂજ્યનું બહુ માન શું ઘટાડવામાં નથી આવતું? પોતાની પૂજા દાખલ કરાવવાથી–આવી ધામધૂમોથી તેઓનું પૂજ્યસ્થાન ટકી શકશે નહિ, પરંતુ જ્ઞાન અને ચારિત્ર્ય પરજ તેઓનું પૂજ્યસ્થાન ટકી શકશે. થોડા સમય પહેલાં કેટલાક ચારિત્ર્યભ્રષ્ટ છતાં પણ સાધુ તરીકે નભી શકતા. તેને સાધુ ન માનવા યુવાનોએ જાહેરાત કરી દીધી છે. સંયમ અને પવિત્ર આચરણ સિવાય પૂજ્યસ્થાન સરી જતું જોઇ, કોઇ વિજયો તેમના અંધશ્રદ્ધાળુઓ કે ભાડુતી આશ્રિતોની મદદ વડે, પોતાનું સ્થાન ટકાવી રાખવા પ્રયાસ કરે છે. ન્યાય અને નીતિને તજવે તેવું વાજીંત્ર ચલાવી, ફક્ત ગાળો દેવામાં આ પક્ષ પોતાનું મહત્વ માની રહ્યો છે. ગુણ સિવાય ફક્ત વેશ પર નિર્ભર રહેતાં દલીલ ન રહે ત્યારે ગાળો ભાંડવાનો છેવટનો ઉપાય અજમાવાય છે. જો "વીરશાસન" પત્ર જોશો તો આત્મભોગ પર નિર્ભર, તાલીમબદ્ધ અને જ્ઞાન અને ચારિત્ર્યના પૂજારી યુવકોને ગાળોથી ભરપૂર દેખાશે. આવા પત્રના દોરીસંચાલક મુનિ, આ વર્તન છતાં ધર્મિ અને સંયમી કહેવાય તો પાખંડ અને સ્વછંદ કોને કહેવો તે સમજી શકાય તેમ નથી. સમાજ આત્મશુદ્ધિને ઓળખે અને પાખંડ પૂજાય નહિ તે માટે યુવક વર્ગે ભારે ઝુંબેશ ઉપાડી છે, અને પાખંડના જુલ્મ ત્રાસો સેવાય છે તે તેમની ભાષા સાબીતિ આપે છે. તેવીજ રીતે સમાજમાં પણ નાના વાડાની ઝુંસરી ફેંકી દેવા, જાહેર સંસ્થાઓનાં નાણાંનો દુર્વ્યય અટકાવવા, હિસાબો ચોખ્ખા રાખવાના માર્ગે પણ નૌજુવાનો, સમસ્ત શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની પ્રતિનિધિ કોન્ફરન્સમાં સાથે રહી, આગળ ધપે છે. નુકશાનકારક સામાજીક રીવાજો ઉખેડી નાખવા ભગીરથ પ્રયત્નો કરી રહ્યા છે. સાથોસાથ રચનાત્મક કાર્યમાં શુદ્ધ ધાર્મિક અને વ્યવહારીક કેળવણી આપવા સાધનો ઉત્પન્ન કરવા, જૈન સમાજની જાહોજલાલી પાછી મેળવવા, આંતરકલેશો અને અવિશ્વાસને બદલે સંગઠન ઉત્પન્ન કરવા યુવક વર્ગ તનતોડ મહેનત કરે છે. દેશોધ્ધારના કાર્યમાં પૂજ્ય મહાત્માજીની સરદારી નીચે ટુકડીઓના નેતા થવા જૈન યુવાનો ભાગ્યશાળી થયા છે. આવી રીતે દેશ, ધર્મ અને સમાજની આઝાદીને માર્ગે યુવકવર્ગ આત્મભોગ પર મુસ્તાક રહી, નિડર થઇ આગળ ધપે છે. તે પ્રવાહના ધોધને અટકાવવા પોતાનું બળ નિષ્ફળ વેડફી નાંખવાને બદલે, તેમાં સહાયભૂત થવામાં જૈન ધર્મ અને સમાજનું કલ્યાણ રહેલું છે. કદાચ કોઇ જગાએ આવાં કાર્ય માટે ઉત્સાહી યુવકોની સંખ્યા નાની હોવાને લીધે તેમના સામે આક્રમણ થાય તો આખા સમાજના યુવક વર્ગે તેની પડખે સંગઠન કરી ઉભા રહેવા તૈયાર થવું જોઇએ. આઝાદી માટેના ધર્મયુધ્ધમાં યુવકો માહોમ કરીને બહાર પડયા છે. આખરે જય સત્યનો યુવાનોનો નિશ્ચય છે.

લી૦ એક યુવક.

# રામવિજયજીને પડકાર.

જ્યારથી મુંબઇમાં આપનાં પનોતાં પગલાં થયાં છે, ત્યારથી લાલબાગનાં વ્યાસપીઠ ઉપરથી શાસ્ત્રના ઓઠાં નીચે વ્યાખ્યાનોમાં ભળતી વાતો કરી જૈન સમાજમાં વેર, ઝેર કરાવ્યાં. એટલેથી ન ધરાતાં કોન્ફરન્સ દેવી ઉપર હાથ નાખવા ગયા, ત્યાં તો આરોપી બધા ચઢી ઘેર ઉતર્યાં, પુરા બન્યા, અને છેવટે સમાજદ્રોહી ઠર્યા.

આટલું આટલું થવા છતાં આપને અંગારા વેરવાની જે બુરી આદત પડી છે તે આદતના પરિણામે; અડવાડીયાથી લાલબાગની વ્યાસપીઠ ઉપરથી દેશની સ્વતંત્ર્યની લડતને અંગે વદો છો કે " આ લડતમાં ગાંધીને પૈસાની કે માણસની મદદ કરવી તે પાપ છે કારણ ગાંધી મીઠાની ચોરી કરવા જાય છે; તેથી સાચા શ્રાવકોનો ચોરીમાં કદાપી કોઇ પ્રકારનો સાથ હોયજ નહિ."

આપના આ દેશદ્રોહી ઉપદેશની જૈન યુવકોને લગારે પરવા નથી, છતાં આપને પૂછીયે છીયે કે :–

ભૂતકાળમાં દેશઉદ્ધાર માટે બાળબ્રહ્મચારી શ્રાવકોએ અનેક હિંસક યુધ્ધો કર્યાં છે, તે દેશ ઉદ્ધારક શ્રાવકોને આપ કઇ કોટીમાં મૂકો છો? તેને હિંસા ગણો છો કે નહિ? આ તો અહિંસક અને સત્યનું ધર્મયુધ્ધ મંડાયું છે, તેમાં આપને ચોરી ક્યાં લાગી? તેમ સાથે સાથે તમારા અધભકતોને ખાદી ન પહેરવાની બાધાઓ પણ આપી રહ્યા છો. શાથી આ બાધાઓ આપી રહ્યા છો? શું! ચરબીની કાંજીથી ખરડાયેલી મુલાયમ મલમલો અને નેનસુખો છોડતાં મુંઝવણ થાય છે? કંઇ કહેશો, શાથી આ બાધાઓ આપી રહ્યા છો? ઓ! જૈન સમાજના નવલોહીયા યુવાનો, આ કહેવાતા માની સાધુથી ચેતજો, આજે એણે દેશદ્રોહી (?) નો ઉપદેશ શરૂ કર્યો છે, તેની જાળમાં રખે ફસાતા. ભૂતકાળમાં જગતશેઠ અમીચંદના કુળથી આપણે લાજવું પડે છે, તે પ્રસંગને ધોઇ નાખવાનો આ બીજો પ્રસંગ આવ્યો છે, એટલે પૂજ્ય મહાત્માજીએ ભારતમૈયાના ઉદ્ધાર માટે અહિંસક યુદ્ધ આદર્યું છે, રણભેરીયો વાગી રહી છે, તે પ્રસંગે આવા તદ્દન ઢોંગભરેલા ઉપદેશને ન સાંભળતાં તારામાં જે શક્તિ હોય તે શક્તિઅનુસાર દેશસેવા કરવા મેદાને પડજે. લી. 'જાણકાર.'

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, માધા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ મધ્યે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૧૪ મો. | સંવત ૧૯૮૬ ના ચૈત્ર સુદી ૧. તા૦ ૩૧-૩-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

## નોંધ અને ચર્ચા.

### શાસનપ્રેમી કે કદાગ્રહી ?

શા. સુખલાલ ખુબચંદે મુનિશ્રી ન્યાયવિજયજીના ઉપદેશની ખંભાતમાં થતી સચોટ અસરથી ગભરાઇ લાલ હેન્ડબીલ પ્રગટ કર્યું છે. તેમાં લખે છે, કે–'કેટલાક સાધુ નામધારીઓ પોતાને શાસ્ત્ર સબંધી બોધ ન હોવા છતાં શાસ્ત્રાર્થની વાતો કરે છે' આટલા વાકયથીજ એ મહાશયના કુટિલ હૃદયની પ્રતીતિ થઇ જાય તેમ છે. વળી નવપદ આરાધક સમાજને, ખંભાતને બદલે સુરત જવું પડયું, તે પણ એ શાસ્ત્ર ને ધર્મના સ્વયં બની બેઠેલા ઇજારદારના કારી સંચારથીજ એમનો ધર્મપ્રેમ, ખંભાતીઓ તો સારી રીતે જાણેજ છે ને માને પણ છે કે કદાચ શ્વાનપુંછડી સીધી થાય છતાં આ ઠાકરાજીનું ટેડાપણું સુધરે નહિં. એમની સાથે દલીલમાં ઉતરવું એ ગર્દભને ગાય બનાવવાના પ્રયાસ જેવું છે. નિમ્ન સ્પષ્ટીકરણ જનતાની જાણ માટે છે.

(૧) **બાળદીક્ષિતોથીજ તીર્થની પ્રવૃત્તિ છે. બાળદીક્ષિતો સિવાય તીર્થ ચાલી શકેજ નહીં.** આવું એકાંત લખાણ લખવું એ શું અસત્ય નથી? શ્રી યશોવિજયજી મહારાજ સ્યાદ્વાદ માર્ગના જાણકાર આવું એકાંતે કહે પણ ખરા? આથી તો એમજ અર્થ નિકળે કે બાળદીક્ષિતો સિવાયના તીર્થપ્રવૃત્તિ ચલાવી શકેજ નહિ. કોણ કહી શકશે કે પૂજ્ય શ્રી સુધર્માસ્વામી સ્થુલીભદ્રજી; સિદ્ધસેન દિવાકરજી, હરિભદ્રસૂરિ જેવાઓથી તીર્થપ્રભાવના નથી થઇ? તીર્થપ્રવૃત્તિ નથી ચાલી? એ બધાં શું બાળદીક્ષિતો હતા? અબાળદીક્ષિતોની સંખ્યા આગળ બાળદીક્ષિતોની સંખ્યા આટામાં લુણ બરાબર છે. જંબુ સ્વામી પછી સૈકાઓ સુધી આચાર્ય પદ પરંપરામાં બાળદીક્ષિત ન હોવા છતાં તીર્થપ્રવૃત્તિ કેમ કેમ ચાલી હશે વારૂ? વળી જે બાળદીક્ષિતોથી પ્રભાવના થઇ છે, તેઓને આજની માફક ચોરી છુપીથી ભગાડવા નથી પડયા; નિશાળેથી ઉચકવા નથી પડયા કે કાગળ નથી લખવા પડયા. એ માટે હેમચંદ્રસૂરિ વી. ના દાખલા મોજુદ છે. એવાઓની પરીક્ષા કરનારા સમર્થ ગુરૂઓ ને કવિ હતા. આજે એમાંની અંશતઃ શકિત ન હોવા છતાં ખોટી ઠેકેદારી કરાય છે! શ્રી યશોવિજયજી જેવાની ગંભીર અને અપેક્ષાયુકત વાતોને પૂરી સમજયા વગર કેવળ પોતાનો કકકો ખરો કરવા આગળ ધરવી એ વ્યાજબી નથીજ; એજ મહાપુરૂષનો 'જ્ઞાન સાર' વાંચો એટલે ખાતરી સ્હેજે થઇ જશે.

(૨) 'સુયડાંગજીના ત્રીજા અધ્યયન પરથી આચાર્યશ્રી એમ કહેવા માંગે છે કે માબાપને આજીવિકાનું સાધન સરખું પણ ન હોય, ને યૌવનવંતી સ્ત્રી બીજાને આદરે એવો સંભવ હોય છતાં જે દીક્ષાને લેતો કે દીક્ષાને લેનાર ઘેર જાય તો તેને ધર્મનો અજાણ...સમજવો.' પોતે પુરૂં સમજ્યા નથી એટલે લખવામાં ગોટાળો કરી દીધો છે. એ આખો પ્રસંગ આવેશમાં દિક્ષા લીધા પછી, પરિણામ ચળવિચળ થતા હોય તેને સારૂ છે; તેથી બધી જોઇને એમ કરવું એવો અર્થ નજ નિકળે. જો એવો અર્થ કહાડીએ તો પછી દીક્ષા માટેના નિયમો–શ્રાવકની પડિમાઓ, વહેવાર ધર્મનું પાલન એ બધું નિરર્થક નિવડે. આર્દ્રકુમાર ને નંદિષેણ જેવાને કઇ કોટિમાં મુકવા એ પ્રશ્ન થઇ પડે.

(૩) 'આત્મવિજ્ઞાન વગર પ્રજ્ઞાથી બ્રહ્મચર્ય વ્રત પાળે તો પણ લાભ કહ્યો છે' એમ જણાવ્યો છે–ત્યાં 'વગર પ્રજ્ઞાથી'નો અર્થ જ્ઞાનપૂર્વક નહિં પણ 'વહેવાર'થી જેવો છે, બાધ તો પરિણામની ધારા પર છે, એટલે જ્ઞાનપૂર્વક કરાતા કાર્યની કિંમત વધુ છે. છતાં બાહ્યથી કરાતી ક્રિયા સાવ અફળ નથી જતી. આ માટે પ્રસન્નચંદ્ર, લક્ષ્મણા સાધ્વીના દ્રષ્ટાન્તો મોજુદ છે. બાકી જેનાથી પળાતું નથી છતાં ઉપરથી ડોળ રાખી છુપા પાપ સેવે છે, ગર્ભપાત સુધાં કરે છે તે શું પ્રશંસનીય છે? બ્રહ્મચર્યનું પાલન સર્વોત્તમ વસ્તુ છે પણ તે સમજપૂર્વકનું હોય તોજ. બાંધી રાખેલ પશુ જેવું બ્રહ્મચર્ય તો શાસ્ત્ર પણ નિષેધે છે. વહેવારધર્મ સાચવવા ખાતે તે પણ ઉત્તમ છે; બાકી જેઓ ડોળ રાખે પવિત્રતાનો ને છુપા અનાચારો સેવે તે કરતાં ઉઘાડી રીતે કર્મવશાત્ પતિત થનાર ઓછા દોષિત છે. ધર્મનું પાલન જોર જુલમથી નજ થઇ શકે, એમાં તો આત્મોપયોગ જોઇએ.

(૪) વિવાહની બાબત સબંધી ધર્મબિન્દુને યોગશાસ્ત્રમાં જે લખ્યું છે, તે ખુદ હરિભદ્રસૂરિ અને હેમચંદ્રસૂરિએ પોતે શ્રાદ્ધધર્મને લક્ષમાં રાખી લખેલું છે. માર્ગાનુસારીના ત્રીજા ગુણ 'લગ્ન'માં એનો સમાવેશ થઇ શકે છે; એ ઉપરાંત વિવેકવિલાસ અને શ્રાદ્ધવિધિમાં ગૃહસ્થોચિત અનેક બાબતો પૂર્વાચાર્યોએ દર્શાવી છે. એવી સ્પષ્ટ વાતને સમજાતનારા તો સ્વપ્ના પંથે જનારા છે પણ ચેતવણી આપવા બહાર પડેલાને ગોઠા સુધીના જ્ઞાનવાળા, માત્ર ખંડનમાંજ સારી જીંદગીને ગાળી નાખનારાને ધર્મના નામે પ્રભુશ્રીના મુખ્ય સિદ્ધાંતોને સ્વકદાગ્રહ પોષવા સારૂ પગ તળે છુંદી નાખનારાની મનોદશાજ અધમાધમ છે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

## યુગસૃષ્ટા ગાંધીજી.

ગાંધીજીના પગલે પગલે આજે નવિનતાના સૂર સંભળાય છે. તેમના ટુંકા ભાષણો આજે રસભર વંચાય છે અને જનતાના મોટા ભાગ માટે એ કથાનો વિષય થઇ પડ્યો છે. આમજનતા તેમની વાણીને પેગંબરી ગણી ભોગ આપવામાં પાછી પાની કરતાં નથી. જો કોઇપણ પાછળ પડતું હોય તો તે માત્ર 'જો-તો'ના વિચારકોજ. આત્માની અનંત શક્તિના ભણકારે છતાં વર્તનમાં ભાગ્યેજ જીવી બતાવનાર જૈનો ચીલચાલને ઇતર કોમની માફક જલ્દીથી અપનાવી શકતા નથી. એમાં બુદ્ધિમત્તા કરતાં ભિરૂતાની ગંધ વધારે છે. એ સંતના કાર્યક્રમનો અભ્યાસ કર્યા વગર જીવનનું સાચું રહસ્ય, ધર્મનું સત્ય સ્વરૂપ અગર તો આત્માનું અખુટ સત્વ સમજાવાનું નથી. એમની સર્જનતા રૂપી ઇમારતના પાયામાં જૈનદર્શનના કેટલાયે સિદ્ધાન્તોનાં ઉંડા મૂળીઆ રોપાયલા છે. એમની ચાલુ લડતના મંડાણ અપેક્ષાથી કહીએ તો જૈન ધર્મના સ્થાપકો અને પ્રચારકોએ ચીંધેલા માર્ગ પરથીજ મંડાયા છે. જ્યાં આ વસ્તુસ્થિતિ છે ત્યાં સાચા જૈનથી એ તરફ ઉપેક્ષાવૃત્તિ કેટલી ઘડી રાખી શકાય?

આજે એ સંતના આહાર અને પહેરવેશ પ્રતિ નજર કરી, આપણા ત્યાગી મહાત્માઓને વર્તમાનકાળમાં દાખલ થયેલી શિથિલતાઓને દૂર કરવા કટિબદ્ધ થવું પડશે. મસાલા વગરનો સામાન્ય ખોરાક લેનારા સત્યાગ્રહીઓના ઉદાહરણથી આ દુર્બળી તરપણીના મોહ અને ઉપધાન સમયના મિષ્ટ આહારના સ્વાદ તજવા પડશે. ખાદી જેવા જાડા અને ખડબચડા વસ્ત્રથી ચલાવી લેનારા સાઠી વટાવી ગયેલા છતાં યુવાનને પણ ક્ષોભ પહોંચાડે તેવું કાર્ય આચરી બતાવનારા સાધુ પુરૂષને જોઇ પરિગ્રહ-સંગ્રહના નિયમો સુધારવા પડશે. અરે શરબતી મલમલના સ્નેહ અને ઝીણા વસ્ત્રોની માયા વિસારવી પડશે. વિકટ પ્રશ્નો અને મુંઝવણભર્યાં તત્વોને ઉકેલી કાઢી, સરળ અને સીધી ભાષામાં રજુ કરી, જનસમુદાય યોગ્ય બનાવી કર્ણપ્રિય વાણીમાં પીરસવાની એની શક્તિ પિછાણ્યા વગર, અરે એનું અનુકરણ કર્યા વગર મહા વ્રતધારી મહાપુરૂષોના સંદેશાઓ અણઝીલ્યા રહેવાના. જ્ઞાનગરિમા કે વિદ્યાનિધિનો લાભ પૂર્ણ પણે આમ વર્ગને મળી શકવાનો નહિંજ, તો પછી પરમાત્મા મહાવીર દેવના અણમૂલા સિદ્ધાન્તો, તેમના સુંદરતમ ઉપદેશો ઘરોઘર તો ક્યાંથી પહોંચવાના? 'શાસન રસી સવીજીવ કરૂં' એ તો ઝાંઝવાંજ રહેવાનું છે! તેથીજ નજર સામે બની રહેલા જીવંત બનાવનો તલસ્પર્શી અભ્યાસ કરી સુકાન ફેરવવા પ્રાર્થના છે.

જ્યાં યુવક સમુદાયની આંખો એ સાબરમતીના સંત, રાષ્ટ્રના સાચા નાયક તરફ મીટ માંડી રહી છે ત્યાં ઓ, જૈન યુવક, તારા ગુરૂઓ સમય ઓળખે કે ન ઓળખે, દેશકાળ પિછાને કે ન પિછાને અને આગેવાન તરીકે ઓળખાતા શ્રીમંતો સમજે કે ન સમજે છતાં પણ ત્હારી ફરજ એના સંદેશને અક્ષરશઃ અપનાવી લેવાની છે. જૈનધર્મમાં વીરતાના દ્રષ્ટાન્તો કે સ્વદેશ પ્રીતિના વૃતાન્તો શોધવા જવા પડે તેમ નથી. જ્યાં ભામાશા જેવાએ અને વસ્તુપાળ તેજપાળે હિંસક યુદ્ધોમાં ભાગ લીધાની વાતો વિસ્તારથી લખાયેલી છે, ત્યાં ગાંધીજી જેવાના અહિંસક રીતે લડનારા ધર્મયુદ્ધમાં સાથ આપવાની વાત સામે અવરોધ હોઇજ ન શકે. ખુણે ખોચરેથી એ સામે લવનારા કે વાત વાતમાં પાપ દેખાડનારા ભલે હોય પણ નિડરતાથી કહેવું જોઇએ કે એ સાચી શિક્ષા દેનારા નથી. ભય, ભીરૂતાથી ગભરાયલા પામર પુરૂષો છે. પીઠ ફેરવી સમરાંગણમાંથી પાછા ફરવાનો ઉપદેશ આપનારા મહાપુરૂષો છે. જૈનત્વને ઓળખનારા યુવાન હૃદયને એની લેશ માત્ર પરવા ન હોવી જોઇએ. નિર્માલ્ય દશામાં લઇ જનારા એ બોધને આજે તો ધુત્કારી કહાડી, વીરને છાજે એવી રીતે કમર કસે. એની સામે કરવાના કાર્યો એટલાં બધાં છે કે, જેથી એ સંબંધી ચર્ચામાં વૃથાકાળક્ષેપ કરવાનું એને પાલવે તેમ નથી.

એનો મુદ્રાલેખ તો એજ હોય કે જે કાર્યથી રાષ્ટ્ર હિતને હાનિ પહોંચતી હોય અગર પૂજ્ય નેતાની ચીલચાલને ધક્કો લાગતો હોય એમાં એ નાજ ભળે. રાષ્ટ્રિય મહાસભાને વફાદાર રહેવાનો પ્રત્યેક યુવકનો ધર્મ છે. એ પાલનકર્તાં જાતીય લાભનો ભોગ આપવો પડે તો આપવો ઘટે.

---:*:---

## અંધશ્રદ્ધાનો નમુનો.

રામવિજયના બચાવ અંગે તા૦ ૨૮ માર્ચના 'સમાચાર'માં ખોટા આક્ષેપોવાળો એક લેખ પ્રગટ થયો છે. સહીઓ કરનારાઓમાં લાલભાઇ ચંદુલાલ ઝવેરીની પહેલી સહી છે અને જેઓ તેમની સોસાયટીના પ્રમુખ છે. આ સોસાયટીના પ્રમુખ મહાશય લગભગ એક માસથી બહારગામ હતા; તે તા૦ ૨૭ માર્ચે મુંબઇમાં આવ્યા છે. તેમ કેસરીચંદ હીરાચંદ ઝવેરી પણ બહારગામજ હતા. તેઓ પણ મજકુર તારીખ લગભગજ મુંબઇ આવ્યા છે. ત્યારે આ કહેવાતા શાસનપ્રેમી બંધુઓ શા આધારે કહે છે કે મહારાજ બોલ્યા નથી? શું બહારગામ બેઠે વ્યાખ્યાન સાંભળ્યું? બીજાના કહેવાથી લખી નાંખ્યું? કે અંધશ્રદ્ધાના લીધે પોતાના ગુરૂજીને બચાવવા બહાર પડવું પડ્યું?

ખરૂકારે તો રામવિજયજીએજ લેખદ્વારા સ્પષ્ટ પુછેલું, તે તેઓને જવાબ આપતાં ગભરામણ થઇ, એટલે મુંબઇમાં નહિ હોવા છતાં પોતાના કહેવાતા ગુરૂનો ખોટી રીતે બચાવ કરવા ભક્તોને બહાર પડવું પડ્યું; આ પણ અંધશ્રદ્ધાનો નમુનો.

મુનિ રામવિજયજી! નીચેના પ્રશ્નોનો જવાબ આપવા તસ્દી લેશો?

૧ પરદેશી કાપડ જેવી ભ્રષ્ટ ચીજને વળગી રહેવા કરતાં શુધ્ધ કપડાં કેમ નથી પહેરતા?

૨ આપના ભક્તોના ખુલાસાથી કદાચ માની લઇએ કે તમે નથી બોલ્યા તો તમારા ભક્તોમાંથી કોઇ પૂછવા આવે કે આ રાષ્ટ્રિય લડતમાં મ્હારે તન, મન, અને ધનથી સેવા કરવી છે તો આપ શું સલાહ આપશો?

# મુનિ રામવિજયને ખુલ્લો પત્ર.

મુનિ રામવિજયજીની સેવામાં—

જયજીનેન્દ્ર સાથ લખવાનું કે, જૈન સમાજમાં હાલમાં ચાલી રહેલ ભિષણ નાટક દેખી, લાગણીવાળા જૈન અને જૈનેત્તર, બન્નેને બહુજ ખેદ થાય છે. અત્યાર સુધી જૈન સાધુઓ તરફ સાચા ત્યાગી અને શાન્તિના ઉપાસક તરીકે અન્ય ધર્મિઓને પણ બહુ માન હતું. ગુજરાતના એક પ્રખર વિદ્વાન, સુધારક અને જવાબદાર પ્રાણિ વ્યક્તિએ ત્રણ ચાર હજાર માણસની પ્રચંડ સભામાં ઉચ્ચાર્યું હતું કે "આજે સાધુઓને સુવર્ણ ચડી ચુક્યાં છે, અને તેમાંયે આચાર્યોએ તો માજા મુકી છે. હજુ પણ ક્યાંયે સાચા ત્યાગી સાધુઓના દર્શન થતાં હોય તો જૈન સાધુઓજ છે." આ શબ્દો આજે કહાય તે ભાઇને ખાર વર્ષે ફેરવવા પડે તો નવાઇ નજ કહેવાય! આપણા સમાજમાં ચાલી રહેલી તાણા-તાણ, અને અંદર અંદરના કલહે, આજે જૈનોની ધર્મધગશ ભુલાવી નાંખી, અન્ય સમાજમાં હલકા પાડવાનું ગેરી કામ કરવા માંડ્યું છે! આજે જૈનધર્મ અન્ય ધર્મિઓની ટીકાની ચાળણીમાં ચળાઇ રહેલો છે. રેંજી પેંજી ગમે તે જૈનો ઉપર લખી શકે છે. વૈષ્ણવ ગોસાંઇઓની હારમાં ઉભા રહે તેવી સ્થિતિ જૈન ધર્માચાર્યોની થીવાઇ રહેલી છે. આજે વાડાનો-મતનો-મોહ અને અસહિષ્ણુતા, સત્યાસત્ય જોવા દેતા નથી.

આજે વીરનું શિરત્વ બળી રહેલું છે—અહિંસાવાદી જૈનોમાં માનસિક હિંસાનો પ્રચંડ દાવાનળ સળગી ઉઠ્યો છે—શારિરિક હિંસાના હિણપદ લગાડનારા પ્રસંગો પણ બની રહેલા છે તે સૌ આપે જાણ્યું હશે! કનૈયાલાલ મુનશીની જૈન મત ઉપરની કડવી ટીકા, ઝમેરની ઝેરમય વાત, અને અન્ય ગમ્ભના લઢીયાઓને છુટતા હાદી દેવાની કરૂણ કહાણીઓ ખરી હોય તેમ અત્યારે આપણે કરી રહેલા છીએ!

આ સ્થિતી થવાનું કારણ? હેના જવાબદાર કોણ? આ પ્રશ્ન વિચારવા જેવો છે. મને તો લાગે છે કે, "જમાનાની જરૂરીઆત અને નાડ તપાસ્યા વીના પુરાણો, બોધ વગર વિચારે, કરવાથીજ આ પરિણામ આવ્યું છે! બોધનાર શાસ્ત્રના અક્ષરોને સમજેલ છે, શાસ્ત્રના હૃદયને નહિ. શાસ્ત્રના પરૂપણહારને નહિ. આચાર્યોએ શાસ્ત્ર વાંચ્યા, સમયની જીવતી ગીતા વાંચી નથી—તેથીજ આ પરિણામ આવ્યું છે. સમયે શાસ્ત્ર અને શાસ્ત્રકારોને સરજ્યા છે—માટે સમય સૌથી મોટો છે—તે ગુરૂઓ જાણતા થઇ જાય તો જરૂર જૈન ધર્મ વિશ્વધર્મ બને—ધર્મના ઝઘડાઓ ન થાય! તે ચોક્કસ છે. **ધર્મગુરૂઓએ શાસ્ત્ર અને સમય બન્નેને સાથે જાણવા જરૂરના છે!**

* * *

આપનો બોધ સાધુમાર્ગી બોધ છે. વૈરાગ્યદશા એ આપના બોધનું લક્ષ છે—અને આ લક્ષ પાપી માટે—ન્યાયપૂર્વક દલીલોને બદલે ઘણી વખત આપ એક શાસ્ત્રનાજ નાડાને આધારે ખેંતાડાવાદજ કરો છો—અલબત આપને આ નહિ સમજાય—દુનીઆ, વિચારવંત આલમ આજે સમજે છે. આપની ભાષાની બરછીથી—અદુરદીથી, અમુક અમુક વ્યક્તિઓએ ઘડીભરના આવેશમાં આવી જઇ સંસાર ત્યાગ્યો; તેઓના સગાઓના દીલ દુભાયા અને તે હલકા વ્યક્તિની ધર્મહલાલી કરવા કોઇક બહાર આવ્યું; આમાંથી થયેલ મતભેદજ આજના ઝઘડાનું મૂળ છે. સમાજની પરિસ્થિતી અને થતી વગોવણી જાણવા છતાં, હજુ હઠ છંડાતી નથી.

આપે આપની એક ભુલનું પરિણામ જોયું છે છતાં બીજી ભૂલોની પરંપરા ચાલુ રાખી, અક્કલના આંધળા ધર્મઘેલા માણસોએ ધનથી, લાગવગથી, ગર્વને કારણે આપને મદદ કરી ભૂલો કરવાનું પ્રોત્સાહન આપ્યા કર્યું, તે ઝેરવેરનું સૌથી મોટું કારણ છે! ખંભાત, અમદાવાદ વિગેરેના બનાવો આપે હમેશાં દ્રષ્ટિ સમક્ષ રાખવા! જામનગરમાં થયેલી સાગર સુરીની હાલહવાલી, હમેશાં યાદ કરીને ભવિષ્યનું પગલું ભરવું આપને માટે હિતકર છે.

આપને દીક્ષા આપી ચેલકા વધારવાનો મોહ જાગ્યો છે. આપ પોતે ચોથા આરામાં વસતા હો તેમ માનીને જગતને પણ તેજ આરાના માનવીઓ કલ્પીને બોધ કરો છો તે ભુલ છે! આ કાર્યમાં વૈરાગ્યદશા નથી, વૈરાગ્યદશાનો ભ્રમ છે. ને જરા ઉંડા ઉતરશો તો સમજાશે. **ઘણાઓને સાધુઓ બનાવીને આપ મુક્તિ મેળવવા માગતા હશો તો તે વાતમાં પણ કંઇ સાર નથી, કારણ કે આપના ચેલકા તેનાં સગાઓનાં લોહીથી તરબોળ થઇને આવે છે; તે સૌના શાપ આપને ખાઇ જશે?**

જ્યાં ત્યાં ધર્મના ઓઠા નીચે જેમ તેમ ઠોકી બેસાડી જુના વિચારના જડતા અને ગભરૂઓને તથા આસપાસના સંજોગોનો વિચાર કરવાની તકલીફ ન લેતાં 'બાબા વાક્યમ્ પ્રમાણમ્' માનવાવાળા શ્રાવકોને ભમાવો છો, તેમ હવે નવો વિચારવાન યુગ નહિ ભમાય તે જાણવા જોગ છે અને તેથીજ કાયમના કલહો રહેશેજ.

અત્યારે આખી પ્રજાનું માનસ બદલાયું છે—જીવન પલટાયાં છે. વ્યવસાય ફેરવાઇ ગયો છે, ત્યાં તેવા ઉલટો બોધ કેમ ચાલે? જગત્ (તમને અજ્ઞાનમાં ડુબેલું લાગતું હશે) દેખતું થયું છે અને દંભ તથા જુઠાણું પારખી શકે છે. અગાઉ ધર્મના ગમે તેવા દંભને પણ શ્રદ્ધાથી ચલાવી લેવાતા. આજે દંભ કે દંભી નભી શકે તેમ નથી. દરેક પોતાના જીવનની જરૂરીઆતનો વિચાર કરી માર્ગ નક્કી કરે છે, ત્યાં તે કોઇની પણ દખલગીરી સહી શકતો નથી, એટલી હદ સુધી સ્વાતંત્ર્યનો ખ્યાલ જમાનામાં આવી ગયો છે. **મનુષ્યજીવનમાંથી વિશેષ ધર્મની તાલાવેલી છુટી ગઇ છે—સામાન્ય મનુષ્યધર્મ સૌ ઇચ્છે છે.** તેવા જમાનામાં અરૂચતો અને સમયને પ્રતિકુળ બોધ આપ શા માટે કરો છો? આપ જમાનાની તાસીર નથી જોઇ શકતા? જોતા હો તો કેમ વર્તી શકતા નથી? આપ સમય, સંજોગ અને શક્તિનો વિચાર કરી યુગને અનુસરો તેમ સૌ કોઇ ઇચ્છે છે! આમાંજ આપનું ગૌરવ છે!

ધર્મદ્રષ્ટિએ જોતાં પણ આપનું અત્યારનું કાર્ય તદ્દન વાસ્તવિક તો નથીજ.

દીક્ષાનો અધિકાર બનાવવા માટેજ દીક્ષાના પ્રકારો શાસ્ત્રમાં વર્ણવ્યા છે તે માટે વય, કાળ અને પરિક્ષાનો પણ વિચાર કરવામાં આવ્યો છે, આ બધી **અધિકારની વાતો આપે કદી ચોરી ચુપકીદીથી છુપાવી રાખેલ. દીક્ષાના ગભરૂ ઉમેદવારને સમજાવ્યા છે—પારકાના સંતાનોને બાવા બનાવી—સ્વર્ગ સર કરવાની પામર વૃતિવાળા**

**શાસન પ્રેમી! ધનના ગુલામોને સમજાવી છે! અગર તો ગુરૂ આસને-પિતા મહાવીરની પવિત્ર ગાદીએ બેસીને આપે કદી વિચારી છે?**–બીજાને આવા બનાવો તે પહેલાં તેની લાયકાત તપાસો, શક્તિ તપાસો, વય તપાસો, આસપાસના તેના સંજોગો તપાસો, વિચાર કરવાની મુદત આપો, અને તેની ત્યાગ વૃત્તિની કસોટી કરો એટલી અમારી સૌની આપને વિનંતી છે! શાસ્ત્રમાં કોઇ અપવાદ હોય તો તે સર્વ સ્થળે સૌને માટે ન લાગુ પડે!–**બધી વાતો શાસ્ત્રના આધારેજ શક્ય ન બનાવી શકાય. અનુભવ અને સંજોગના પ્રમાણે પણ જોઇએ!–શાસ્ત્ર અનુભવીની અનુભવ પોથી છે–પણ સમાજ ઉપર તેના કપાળમાં જડાવેલી અચલાયતનની મેખ નથી! શાસ્ત્રકારો યુગદ્રષ્ટા છે, માર્ગ બતાવી દેનારા અનુભવીઓ છે, સમાજ ઉપર બેસાડેલા જાલીમ મોસલ નથી.**

ધર્મે ચાર સંઘ. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાને ધર્મના સ્થંભ જેવા ગણ્યા છે. ચારેને તિર્થ જેવા મનાવ્યા છે, એટલે શ્રાવકપદ ઓછી કીંમતનું જ્ઞાનીઓએ નહોતું આંક્યું! પ્રચંડ જ્ઞાનીઓ પાસે-ધર્મધુરંધર સાધુઓ પાસે, શ્રાવકોના માન અને પ્રતિષ્ઠા હતા, તો આજે આપ સુંદર શ્રાવકો બનવાનો બોધ કરો, આજે આપ સંસારી સાધુઓ જન્માવી સંસારમાં સાધુતા દાખલ કરાવી સમાજને સચ્ચા ગૃહસ્થ–સુંદરથી આપી સમાજની મહત્તા વધારો! તેમાં તમારી, ધર્મની અને દેશકાળ અનુસાર સૌની શોભા છે. **જ્યારે તેઓને ત્યાગની તાલાવેલી લાગશે, ત્યારે જરૂર તમારી શોધમાં નીકળશે, માટે આજે તમે શિષ્યોની શોધ કરવાનું, ખરીદવાનું–ચોરવાનું છોડી દો.**

સાધુઓના પરપીંડ જીવીત્ ટોળાં જન્માવી આપ કંઇ નહિ કરી શકો! અત્યારે સાધુઓની બાવા અને ભીખારીઓની સંખ્યા ભારતને ભારે પડે છે, ત્યાં થોડા વધારે પરાશ્રિત કીડાઓનો વધારો કરી આપ કયો ગઢ જીતવા માગો છો? કયું સ્વર્ગનું દ્વાર હાથ કરવાની મુરાદ છે?- પડતાને બચાવી શકે, આત્માને ટેક દઇ શકે, ધર્મનો ઉદ્યોત કરી શકે તેવા સાધુઓ સ્વયંભુ અવતરશે. તમારા બોધથી કાંઇ નહિ વળે! તે મુંડેલા માથકાંમણાઓને જોવાથીજ જણાશે. જૈનને આવા **ભીખારી ગુરૂઓ નથી જોઇતા**–સાચા સાધુઓ જોઇએ છે, તે આપને યાદ આપવાની જરૂર નજ હોય!

આપે અત્યાર સુધીમાં મુંડેલાઓની પરીક્ષા કરીજ હશે. બ્રાહ્મણોમાં ઉપવિત્ સંસ્કાર કરાવતી વખતે એક અક્ષર પણ ન ભણનાર, કાશી જવાની વાત ઉચ્ચારી ભાગે છે અને જનોઇ પહેરતી વખતેજ પરણનાર બ્રહ્મચારી જીવન પામે છે, તે બધું આજે નાટકના ફારસ જેવું હાસ્યાસ્પદ લાગે છે, તેવુંજ આપના દીક્ષાના ઉમેદવારનું સમજવું!

આપને ખાત્રીપૂર્વક કહું છું કે—

કોઇ આપની ભાષાની જાદુઇ અસરથી ક્ષણિક વૈરાગ્ય પામીને આવ્યા હશે!–કોઇ સંસારી તરીકે રહેવાની પોતાની અશક્તિને કારણે આવ્યા હશે–કોઇને સંસારનો કલહ સાલ્યો હશે–દેણે દબાવ્યા હશે, પેટ ભરવાના ફાંફા થયા હશે–ત્યારે કોઇ આવ્યા હશે, તો કોઇ **અતી ત્યારે નિરંકુશ** ખાનપાનાદિ વિગેરેનું સુખ ભોગવવા અને **પૂજાવા માટે આવ્યા હશે.** ધર્મની ખાતર ધર્મ માની હૃદયના દોર્યા ભાગ્યે કોઇ દોરાયા હશે. જે હૃદયનો દોર્યો દોરાય તે તો આપનો પણ ગુરૂ બની બેસે!

બૌદ્ધ મત પ્રમાણે સાધુઓ જ્યારે ઇચ્છે ત્યારે સંસારી થઇ શકતા હોય અને સમાજ તેનો સ્વીકાર કરવા તૈયાર હોય તો અત્યારની સાધુતા ઇચ્છવાયોગ્ય છે. **આપણા સમાજમાં સાધુ અને સંસારી વચ્ચે ભયંકર દીવાલો રચી નાંખવામાં આવી છે, તેથી જ્યારે સાધુને સાધુતા નિભાવવી આકરી પડે છે ત્યારે તેને-ત્યાં ને ત્યાં રહી છુપા છુપા પાપો કરી જીવન નષ્ટ કરવુંજ પડે છે.** આગળના જમાનામાં પણ આમજ હશે, પરન્તુ તે વખતે જનતાના સંજોગો અને વાતાવરણ તેવું હતું. આજે આખું વાતાવરણ બદલાઇ ગયું છે–**સાધુએ સમાજ અને સાધુ સંસ્થા વચ્ચેની દીવાલો દૂર કરાવી શકતા હોય તો જરૂર સાધુતા પાળી શકાશે–બોલો ગુરૂજી! આ બનશે?**

આપે જમાવેલા શિષ્યોના ધાડીઆને જોઇ ગર્વથી આપની છાતી ફુલતી હશે! આપની પ્રભુતા અને ગુરૂતા ઉપર આપ પોતે વારી વારી જતા હશો! આપે શાસનધ્વજ ફરકતો રાખ્યો તેમ આપને લાગી જતું હશે–પણ ઓ! ગુરૂરાજ મારા! ચોક્કસ માનજો કે તે સૌ તમારી પ્રગતિની પાંખ કાપી નાંખનારા તમારા આગળ વધતા પગમાં કુહાડાના પ્રહાર કરનારાજ નીવડશે. આત્મિક કલ્યાણની ભાવના ભુલાઇ જશે–આપે સાધેલી સાધુતા હતી ન હતી થશે. ધર્મની ક્ષતિ થશે, ત્યારે પોક **મૂકીને રડતાં** પણ પાર નહિંજ આવે!

બધું ત્યાગની વાતો કરવા છતાં સત્તા ભોગવવાની લગની લાગી છે. આ રીતે હજુ આપ સાચા શિષ્ય પણ **બની શકો તેવી ત્યાગવૃત્તિ, નમ્રતા, દીર્ઘદ્રષ્ટિ, ગંભીરતા, વિરક્તી અને યોગ્યતા પ્રાપ્ત કરી શકયા નથી, ત્યાં તો ગુરૂપદે ચઢી બેસવાની મહત્વાકાંક્ષા ક્યાંથી જન્મી? આ ગુરૂપદની ઉતાવળ આપને નીચે ગબડાવી દેશે. આપનું નૈતિક પતન થશે. જૈનત્વનો ઉંચો ઝુંડો ઉત્પન્ન કરેલ ઝેર વેરથી નીચે ઉતરી જશે તે આપે સમજી લેવું.** (ચાલુ)

લી૦ 'ત્યાગીનો રાગી.'


## : : લવાજમ : :

| | |
|---|---|
| વાર્ષિક (ટ. ખ સાથે) | રૂ. ૨-૦-૦ |
| સંઘના (સ્થાનિક) સભ્યો માટે | રૂ. ૧-૦-૦ |

આ પત્રિકા જી. પી. ગોસલીયાએ "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ, નાં૦ ૩ મધ્યે છાપી, અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધેથી પ્રસિદ્ધ કરી છે.